દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 204 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ -૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૮ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# નેપાળ જળપ્રલયઃ ગુજરાતની ૧૮ વ્યક્તિ લાપતા, આમાં અનેક એનઆરઆઈ પણ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં સેંકડો ભારતીય ગૂમ હોવાની ખબરો આવી રહી છે, જેના કારણે પરિવારો ચિંતામાં મુકાઈ ગયા છે. આ પૂરને કારણે કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયેલા ૧૮ ગુજરાતી પણ ગુમ છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. આ ગુમ થયેલા ગુજરાતીઓમાં મૂળ ગુજરાતના પણ હાલમાં વિદેશમાં વસતા લોકોનો પણ સમાવેશ થાય છે.

સંપર્કવિહોણા ગુજરાતીઓમાં ૯ અમેરિકન, ૨ ન્યૂ ઝીલેન્ડ, ૨ કેનેડાના અને ૧ ઓસ્ટ્રેલિયાના સિટીઝન છે. અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર ન્યૂ ઝીલેન્ડમાં રહેતું મૂળ વડોદરાના દંપતી કિન્નરી પટેલ, મિહિર પટેલ સાથે પરિવારજનો સંપર્ક કરી શકતા નથી. તેઓ મુંબઈની ટ્રાવેલ એજન્સી મારફતે નેપાળ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

ઓસ્ટ્રેલિયામાં રહેતા અમદાવાદના ભાવિન રાવલ પણ ગૂમ છે. તેઓ મિત્ર સાથે ફરવા ગયા હતા. મળતી માહિતી અનુસાર ભાવિન રાવલનો ૨૭મી ઑગસ્ટના રોજ જન્મદિવસ છે. પરિવારજનો ચિંતામાં છે અને સતત સંપર્કની કોશિશ કરી રહ્યા છે. તેમના પત્ની હાલ ઓસ્ટ્રેલિયામાં છે. મૂળ આણંદના અને હાલમાં અમેરિકા રહેતા બિમલ પટેલ અને પત્ની જૈમિના પટેલનો પણ સંપર્ક થઈ શકતો નથી. પરિવારે મીડિયા સાથે વાત કરી તે અનુસાર તેઓ ચીનના વિઝા લેવા એમ્બેસીમાં ગયા હતા અને અહીં પૂર આવ્યું હતું. ત્યારબાદ તેમનો સંપર્ક થઈ શક્યો નથી. મૂળ ગાંધીનગરના અને હાલ અમેરિકામાં રહેતા તેજલ પટેલ અને અમિતા અમીનનો પણ સંપર્ક થઈ રહ્યો નથી.

જ્યારે ડો. જય કોટેચા મૂળ રાજકોટના છે અને હાલ મુંબઈ રહે છે જ્યારે તેમના પત્ની રોમા ઈંટાવાલા વલસાડ રહે છે. તેઓ ૩૦ જેટલા મિત્રો સાથે નેપાળ ગયા હતા. બુધવારથી સંપર્કવિહોણા છે. તેમની ખબર લેવા બે પિતરાઈ ભાઈ કાઠમંડુ ગયા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઉપરાંત અશોકભાઈ કાપડી (અમદાવાદ), દિનેશભાઈ પટેલ(અમરેલી-અમેરિકા), પરેશ પટેલ-જ્યોતિ પટેલ (સુરત-અમેરિકા), મિનાક્ષી રામાણી (સુરત-મુંબઈ), ઉમેશ પટેલ-આકાંક્ષા પટેલ(ખેડા-કેનેડા), ઈશાન પટેલ(ખેડા-અમેરિકા), જીતેન્દ્ર પટેલ(ગાંધીનગર-અમેરિકા) સંપર્ક વિહોણા હોવાની માહિતી મળી છે.

દરમિયાન પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ આ અંગે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી કાર્યાલય સતત નેપાળ સરકાર સાથે સંપર્કમાં છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ પણ ફસાયેલા ગુજરાતીઓ અને દેશના અન્ય નાગરિકોની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. આ સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ સતત કેન્દ્રીય અમિતભાઈ શાહ અને વિદેશ મંત્રાલય સાથે સંપર્કમાં રહીને માહિતીની આપ-લે કરી રહ્યા છે.

ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તમામ જિલ્લાઓમાં હેલ્પલાઇન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. (હેલ્પલાઈન નંબરઃ ૦૭૯-૨૩૨૫૧૯૦૦, ૯૯૭૮૪૦૫૩૦૪, ૧૦૭૦)

તેમણે રાજ્યની જનતાને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, આ દુઃખની ઘડીમાં અને કટોકટીના સમયમાં રાજ્ય સરકાર દરેક ગુજરાતી પરિવારની સાથે ઊભી છે. સરકાર દ્વારા તમામ સંભવિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને અસરગ્રસ્તોને સુરક્ષિત પરત લાવવા માટે કેન્દ્ર સરકાર સાથે મળીને કામગીરી ચાલુ છે. ■

# કૈલાસ માનસરોવરની યાત્રાએ ગયેલી અભિનેત્રી માનસી પારેખ તિબેટમાં સુરક્ષિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી-હિન્દી ફિલ્મો અને ટીવી સિરિયલોની જાણીતી અભિનેત્રી માનસી પારેખ કૈલાસ માનસરોવર યાત્રાએ ગઈ હતી. અહીં આવેલા પૂર દરમિયાન તે તિબેટમાં સુરક્ષિત છે, તેવી માહિતી તેણે તેનાં સોશ્યલ મીડિયા હેન્ડલ પર આપી હતી. અભિનેત્રી નેપાળ થઈને કૈલાસ પહોંચી હતી. ઈશા ફાઉન્ડેશનના સમૂહ સાથે માનસી ગઈ હતી. માનસીએ પોતાના સોશ્યલ મીડિયા હેન્ડલ પર લખ્યું હતું જીવન અનિશ્ચિત છે, પણ જે થયું તે હૃદયને દુઃખ પહોંચાડે તેવું હતું. આ હોનારતના અસરગ્રસ્તો માટે અમે સતત પ્રાર્થના કરી રહ્યા છીએ. ઈશ્વરની કૃપાથી અમે ચીનમાં સુરક્ષિત છીએ અને ઈશા ફાઉન્ડેશન દ્વારા અમને બધાને ફરી ઘરે લાવવાના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. આ સાથે તેણે એક તસવીર પણ મૂકી હતી. આ સ્થળે તેઓ પાંચ દિવસ પહેલા જ હતા અને હવે ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. માનસી ઘણા સમયથી ઘણી સફળ ગુજરાતી ફિલ્મો આપી રહી છે. તે સારી ગાયિકા પણ છે અને જાણીતા ગાયક પાર્થિવ ગોહેલની પત્ની છે. ■

# ૪૩ કચ્છી યાત્રાળુ પણ સાવ જ ક્ષેમકુશળ છે

## આઠ કલાક પહેલા જ ફ્રેન્ડશિપ બ્રિજ પાર કર્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નેપાળના રસુવા જિલ્લામાં ચીન સરહદ નજીક તિબેટ ક્ષેત્રમાં ભીષણ હિમસ્ખલન અને ભૂસ્ખલનના કારણે કુદરતી ડેમ તૂટી પડતાં ભોટેકોશી નદીમાં ભયાનક પૂર આવ્યું છે. આ જળપ્રલયના કારણે અત્યાર સુધીમાં ૧૫૭થી વધુ લોકોનાં મોત થયાં છે અને ૧૩૩ ભારતીય તથા ૨૯૧ વિદેશીઓ સહિત ૧૦૦૦થી વધુ લોકો લાપતા બન્યા છે. આ ભયાનક આફત વચ્ચે કૈલાસ-માનસરોવર યાત્રાએ ગયેલા ભુજ, અમદાવાદ અને મુંબઈના ૪૩ કચ્છી યાત્રાળુ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના રાહતભર્યા સમાચાર મળ્યા છે. ભુજના ટૂર ઓપરેટર શૈલેષ મહેશ્વરીના નેતૃત્વ હેઠળનો આ સમૂહ પૂર આવ્યાના આઠેક કલાક પહેલાં જ નેપાળ-ચીન વચ્ચેનો ફ્રેન્ડશિપ બ્રિજ પાર કરી ચૂક્યો હતો. પૂરના કારણે પાછળથી આ ઐતિહાસિક બ્રિજ અને તિમુરેનું હેલિપેડ તણાઈ ગયાં હતાં. યાત્રાળુઓ નિર્ધારિત સમયપત્રક મુજબ આગળ વધતા હોવાથી પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો. ■

# ગાંધીજીનો સંદેશ ભૂતકાળમાં પ્રાસંગિક હતો, આજે છે અને ૧૦૦ વર્ષો પછી પણ પ્રાસંગિક રહેશેઃ અમિત શાહ

## ગુજરાત વિદ્યાપીઠના ૭૨મા દીક્ષાંત સમારોહમાં ૯૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર સ્થિત ઐતિહાસિક ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલા ૭૨મા દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ સમારોહમાં આશરે ૯૦૦ જેટલા વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવી હતી. ગૃહ પ્રધાને તમામ સ્નાતકોને તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રની સેવા માટે કરવા ભારપૂર્વક આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા અમિત શાહે પોતાના જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ''મારી સામે બેઠેલા ૯૦૦ વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ ખૂબ જ મૂલ્યવાન અને મહત્ત્વનો છે, પરંતુ મારા માટે આ તેનાથી પણ મોટો દિવસ છે. કારણ કે હું એક ઉત્સાહી વાચક રહ્યો છું અને મેં ગૂજરાત વિદ્યાપીઠની લાઇબ્રેરીમાં બેસીને જ વ્યાપક અભ્યાસ કર્યો છે.''

મહાત્મા ગાંધીના વિચારો અને શિક્ષણ વ્યવસ્થા વિશે વાત કરતા શાહે જણાવ્યું કે, વિદ્યાપીઠમાં બુનિયાદી શિક્ષણ જોવા મળે છે. આજે ભલે તેને 'નઈ તાલીમ' કહેવામાં આવે, પરંતુ ગાંધીજીએ જાતે તેને બુનિયાદી શિક્ષણ નામ આપ્યું હતું. ગાંધીજીએ પોતાના સિદ્ધાંતોને આઝાદીના દૃષ્ટિકોણ સાથે જોડીને સ્વરાજના વિચારને વાસ્તવિકતામાં બદલવા અસંખ્ય પ્રયોગો કર્યા હતા. દાંડી કૂચ, અસહકારની ચળવળ, 'હિંદ છોડો' આંદોલન કે પછી અહિંસાનું પાલન હોય, તેમણે પોતાના વિઝનને સાકાર કરવા આજીવન અથાક પ્રયત્નો કર્યા હતા.

ગાંધીજીના વિચારો અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે મેં મારા જીવનમાં ઘણા બધા મહાપુરુષોને વાંચ્યા છે. તેમની વાતો, વિચારો અને લખાણના તત્ત્વને સમજ્યો પણ છું. પરંતુ આ બધું વાંચ્યા પછી આજે હું તમને એક વાત કહેવા માગુ છું. ગાંધીજીનો સંદેશ એ સમયે પણ એટલો જ પ્રાસંગિક હતો, આજે પણ એટલો જ પ્રાસંગિક છે અને ૧૦૦ વર્ષ પછી પણ એટલો જ પ્રાસંગિક રહેશે. આ ક્યારેય સમયથી બંધાતો નથી, માત્ર દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણનો માર્ગ એ જ છે. ભારતીય જીવન પદ્ધતિ, ભારતીય જીવન મૂલ્યો અને ભારતીય જ્ઞાન પરંપરા જ ગાંધીજીનો સંદેશ છે. તેમાં બહારથી કંઈ જ નથી અને તેથી તે શાશ્વત છે. તે ક્યારેય અપ્રાસંગિક નહીં થાય, તેમ અમિત શાહે જણાવ્યું હતું.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે વાત કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, મૂળભૂત સિદ્ધાંતોમાં કોઈ જ ફેરફાર કર્યા વિના, નવી શિક્ષણ નીતિમાં વૈશ્વિક આધુનિકતાના શ્રેષ્ઠ તત્ત્વોને આવરી લેવામાં આવ્યા છે. માતૃભાષા કૌશલ્ય, બહુ-વિષયક અભ્યાસ, ભારતીય જ્ઞાન પરંપરા અને સમગ્ર વ્યક્તિત્વનો વિકાસઆ પાંચ સ્તંભો પર જ આપણી નવી શિક્ષણ નીતિ બનેલી છે, તેમ જણાવ્યું હતું. ■

# મોઢેરાના સૂર્યમંદિરનો ૧૦૦૦મો સ્થાપના દિવસઃ વડા પ્રધાન મુલાકાત લે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે વિશ્વપ્રસિદ્ધ સૂર્ય મંદિર નિર્માણના ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે અને આ ઐતિહાસિક ઘડી માટે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મંદિરનું નિર્માણ સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલાના શાસનકાળ દરમિયાન ૧૦૨૬-૨૭ એડી દરમિયાન થયું હતું. એવું જાણવા મળ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ સપ્ટેમ્બરે કાર્યક્રમોમાં ભાગ લેવા મોઢેરાની મુલાકાત લે તેવી શક્યતા છે. જોકે, સ્થાનિક વહીવટીતંત્રે હજુ સુધી આ મુલાકાત અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ આપી નથી.

ગુજરાતના સોલંકી યુગના સ્થાપત્યનાં સૌથી પ્રખ્યાત ઉદાહરણોમાંનું એક મોઢેરા સૂર્ય મંદિર હવે એક સંરક્ષિત સ્મારક છે, અને દર વર્ષે હજારો પર્યટકોને આકર્ષે છે. ■

# સૌરાષ્ટ્રમાં બે સિંહણનાં મોતઃ ઉનામાં ઈજાના નિશાન દેખાયા, મહુવામાં વીજશોક લાગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના/ભાવનગરઃ સૌરાષ્ટ્રના બે વન્ય વિસ્તારોમાંથી સિંહણના મોતના સમાચાર બહાર આવ્યા છે. ભાવનગરના જિલ્લાના મહુવા અને ઉના તાલુકાના રામપરા વિસ્તારમાંથી સિંહણના મૃતદેહ મળ્યા હતા.

ભાવનગર જિલ્લાના મહુવા વન્યજીવ રેન્જ હેઠળ આવતા નાના ખુટવડા-૧ રાઉન્ડની છાપરી બીટના બોરડી ગામના નવનાળા વાડી વિસ્તારમાં આવેલ નંદલાલ ભીખાલાલ જાનીની માલિકીની વાડીમાં ગેરકાયદે મૂકવામાં આવેલા વીજવાયરોને કારણે કરંટ લાગતા અંદાજિત ૫ થી ૯ વર્ષની વયની એક માદા સિંહ (સિંહણ)નું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસ દરમિયાન વાડીમાં ફાર્મ રાખનાર બોરડી ગામના પંચાવન વર્ષીય ગોબરભાઈ દાદુભાઈ મકવાણા દ્વારા ગેરકાયદે વીજકરંટ મૂકવામાં આવ્યો હોવાનું ખુલતા વન વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે ઉના તાલુકાના રામપરા ગામની સીમમાંથી આશરે ૫થી ૯ વર્ષની સિંહણનો મૃતદેહ મળી આવતા વનવિભાગમાં દોડધામ મચી ગઈ હતી. સિંહણનો મૃતદેહ અત્યંત કોહવાયેલી હાલતમાં મળી આવ્યો હતો. શરીરના પાછળના ભાગે તેમજ પાછળના પગ પાસે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. ઈનફાઈટ સહિતની શક્યતાઓ હાલમાં વર્તાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાથમિક તપાસ દરમિયાન સિંહણના મૃતદેહ પર જીવાત પડી ગયેલી જોવા મળી હતી. મૃતદેહની સ્થિતિ જોતા સિંહણનું મોત થયાને થોડો સમય વીતી ગયો હોવાનું જણાતું હતું. જોકે, વનવિભાગ દ્વારા મૃતદેહ આશરે એક દિવસ જૂનો હોવાનું જણાવવામાં આવ્યું હતું. મૃતદેહની કોહવાયેલી સ્થિતિને કારણે સિંહણના મોતનો સમય અને કારણ અંગે વધુ તપાસ જરૂરી બની છે. ■

# સુગમ ડિજિટલ ગુજરાતઃ ચાર મહિનામાં એક લાખથી વધુ નાગરિકે ઘરેબેઠાં મેળવ્યા પ્રમાણપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા નાગરિક સેવાઓના ડિજિટાઈઝેશનને વધુ વેગ આપીને કલ્યાણકારી અને શૈક્ષણિક યોજનાઓ માટેના જાતિ, આવક સહિતના વિવિધ ૦૭ પ્રમાણપત્ર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ પહેલના પરિણામે છેલ્લા ચાર મહિનામાં એક લાખથી વધુ નાગરિકોએ સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે આ ઓનલાઈન સેવાઓનો સફળતાપૂર્વક લાભ મેળવ્યો છે તેમ વિકસતી જાતિ કલ્યાણ નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, 'સુગમ ડિજિટલ ગુજરાત' પોર્ટલ મારફતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટેનું પાત્રતા પ્રમાણપત્ર, બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિચરતી-વિમુક્ત જાતિ પ્રમાણપત્ર તેમજ આવકનું પ્રમાણપત્ર જેવાં વિવિધ પ્રમાણપત્રો હવે નાગરિકો સરળતાથી ઓનલાઈન મેળવી શકશે.

આ સુવિધાથી ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનોને મોટી રાહત મળશે. એડમિશન, સ્કોલરશિપ અને ભરતી પ્રક્રિયામાં જરૂરી એવા આ પ્રમાણપત્રો હવે દસ્તાવેજોની ચકાસણી બાદ તુરંત જ ઈ-સાઈન સાથે ઓનલાઈન મળી જશે. પરિણામે વહીવટી વિલંબ ઘટશે, સમગ્ર સિસ્ટમમાં પારદર્શિતા આવશે અને નાગરિકોને તમામ શૈક્ષણિક તેમજ રોજગારલક્ષી સેવાઓ સમયસર પૂરી પાડી શકાશે. ■

# પોરબંદરમાં વાંસજાળિયા-રાણાવાવ વચ્ચે રેલવે ટ્રેક પર ઊંટ ફસાતા બે ટ્રેન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરમાં વાંસજાળિયા અને રાણાવાવ સેક્શન વચ્ચે આવેલા રેલવે પુલ પર ટ્રેકમાં એક ઊંટ ફસાઈ ગયો હોવાનો બનાવ બન્યો હતો. ગુરુવારે વહેલી સવારે ૪:૪૫ વાગ્યાના સુમારે દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનના લોકોપાઇલટે ટ્રેક પર ઊંટને જોતાં જ ભારે સમયસૂચકતા વાપરીને ટ્રેનને સમયસર રોકી લીધી હતી. લોકોપાઇલટની આ સતર્કતાને કારણે એક દુર્ઘટના ટળી હતી. જોકે, ટ્રેક જામ થઈ જવાના કારણે રેલવે વ્યવહાર ખોરવાયો હતો, જેની અસર હજારો મુસાફરોને થઈ હતી અને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

રેલવે વિભાગ અને ફાયરબ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ રેસ્ક્યૂ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. દોરડા અને પટ્ટા બાંધીને જેસીબી મશીનની મદદથી ઊંટને સુરક્ષિત રીતે ઊંચકીને ટ્રેક પરથી બહાર કાઢવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે આ બચાવ કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓના સંકલિત પ્રયાસોથી ઊંટને સુરક્ષિત બચાવી લેવાયું હતું અને લોકો પાઇલટની ત્વરિત કાર્યવાહીથી સંભવિત દુર્ઘટના ટાળી શકાઈ હતી.

આ ઘટનાને પગલે રેલવે ટ્રાફિક પર માઠી અસર પડી હતી, જેમાં કુલ બે ટ્રેન રદ કરવામાં આવી હતી અને ચાર ટ્રેન મોડી પડી હોવાનું જાણવા મળ્યું હતું. રદ થયેલી ટ્રેનોમાં પોરબંદર-ભાણવડ દૈનિક પેસેન્જર અને ભાણવડ-પોરબંદર દૈનિક પેસેન્જરનો સમાવેશ થાય છે, જ્યારે લેઇટ થયેલી ટ્રેનોમાં દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અંદાજે સાડા ચાર કલાક, પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ અંદાજે સવા ત્રણ કલાક, પોરબંદર-ભાવનગર પેસેન્જર અંદાજે પોણા ત્રણ કલાક અને પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ અંદાજે પોણા કલાક મોડી દોડી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ટોડિયામાં હિંસક શ્વાનોનાં ટોળાએ ૫૦ ઘેટાં-બકરાંનુ મારણ કર્યુંઃ પશુપાલક આર્થિક સંકટમાં, સરકારી સહાયની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નખત્રાણા તાલુકાના ટોડિયા ગામમાં હિંસક શ્વાનોના ટોળાએ વાડામાં ત્રાટકીને એકસાથે ૫૦ ઘેટાં-બકરાંનું મારણ કરતાં સમગ્ર પંથકના પશુપાલકોમાં ભારે અરેરાટી સાથે ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે. પ્રાપ્ત વિગતો મુજબ, ટોડિયા ગામના પશુપાલક પીંજારા મુબારક ઈસા પોતાના ઘેટાં-બકરાંને વાડામાં પૂરીને ગામમાં દવા લેવા ગયા હતા. તે દરમિયાન અચાનક હિંસક શ્વાનોનું ટોળું વાડામાં ઘૂસી ગયું હતું અને માલધારીના આજીવિકા સમાન ૫૦ જેટલા ઘેટાં-બકરાં પર તૂટી પડી તેમનું મારણ કર્યું હતું. પશુપાલક મુબારક ઈસા પરત ફરતાં વાડામાં મૃત હાલતમાં પડેલા પશુઓને જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. એકસાથે ૫૦ પશુઓનાં મોતથી માલધારી પરિવાર ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. સ્થાનિક અગ્રણી સૈયદ રઝાકશાહ સહિત ગામલોકોએ તંત્ર દ્વારા પીડિત પશુપાલકને તાત્કાલિક યોગ્ય આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તેવી માગણી કરી છે. ■

# ભાવનગર લઠ્ઠાકાંડમાં એસએમસીની મોટી કાર્યવાહીઃ ભચાઉમાંથી ઈશ્વરભા ગઢવીની અટકાયત

## લઠ્ઠાકાંડના મુખ્ય આરોપી રઈસ સાથેનું કનેક્શન સપાટી પર આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર જગાવનારા ભાવનગરના ઝેરી લઠ્ઠાકાંડ કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તપાસનો સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. આ ગુનાહિત આંતરરાજ્ય નેટવર્ક સામે હાથ ધરાયેલી કાર્યવાહી અંતર્ગત સ્ટેટ મોનિટરીંગ સેલની ટુકડીએ પૂર્વ બાતમીના આધારે કચ્છના ભચાઉમાંથી વધુ એક આરોપીને પકડી પાડી સફળતા મેળવી છે.

મળતી સત્તાવાર વિગતો મુજબ, એસ.એમ.સી.ની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે ભચાઉના ઈશ્વરભા દેવરાજભા ગઢવીની અટકાયત કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલો આ શખ્સ ભાવનગર લઠ્ઠાકાંડના મુખ્ય સૂત્રધાર અને આકા રઈસ સાથે સીધા સંપર્કમાં હતો અને નકલી તેમજ ઝેરી દારૂ બનાવવાના કાળો કારોબારના સપ્લાય નેટવર્કમાં મહત્ત્વની મદદગારી પૂરી પાડતો હતો. પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની માગણી સાથે તેને અદાલતમાં રજૂ કરવાની કાનૂની પ્રક્રિયા હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ભાવનગરની કરુણાંતિકા બાદ પૂર્વ કચ્છ સ્થાનિક ગુના શોધ શાખા દ્વારા પણ ભચાઉ પંથકમાંથી શંકાસ્પદ કેમિકલનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેમિકલ કોના દ્વારા અને ક્યાંથી મોકલવામાં આવ્યું હતું તે અંગે પોલીસે હજુ સુધી કોઈ સ્પષ્ટ ફોડ પાડ્યો નથી. કાયદાકીય તપાસ પ્રક્રિયા હેઠળ આ જથ્થાનો એફ.એસ.એલ. પૃથક્કરણ રિપોર્ટ આવ્યા બાદ જ વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા સેવાઈ રહી છે. રાજ્યની એજન્સીઓ આ લઠ્ઠાકાંડના મૂળ સુધી પહોંચવા માટે નેટવર્ક સાથે જોડાયેલા દરેક શંકાસ્પદ સામે કડક કાર્યવાહી કરી રહી છે. ■

# જૂનાગઢમાં ૧૩ ડમી શિક્ષકને બચાવવા ૧૦ લાખની ઓફર કરનાર ટ્રસ્ટી અને ફેકલ્ટી સામે સીબીઆઈમાં ફરિયાદ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢની નોબેલ આયુર્વેદિક કૉલેજ એક મોટા વિવાદમાં સપડાઈ છે. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા કૉલેજના એક ટ્રસ્ટી અને એક ફેકલ્ટી મેમ્બર સામે રૂપિયા ૧૦ લાખની લાંચ આપવાના પ્રયાસ બદલ એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઑફ મેડિસિન (એનસીઆઈએસએમ)ના એક અધિકારીને ૧૩ શિક્ષક માટે પોતાની તરફેણમાં અનુકૂળ વેરિફિકેશન રિપોર્ટ મેળવવા માટે આ લાંચની લાલચ આપવામાં આવી હતી. આ હાઈ-પ્રોફાઈલ લાંચ પ્રકરણ સામે આવતા શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રે ભારે ખળભળાટ મચી ગયો છે.

સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં મુખ્ય આરોપીઓ તરીકે નોબેલ આયુર્વેદિક કૉલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી અને ફેકલ્ટી મેમ્બર ડૉ. અભય નલાવડેના નામ દર્શાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ લાંચ લખનઉની આયુર્વેદિક મેડિકલ કૉલેજના આચાર્ય ડૉ. રૂપાલી આર. મહાડિકને ઓફર કરવામાં આવી હતી, જેઓ હાલમાં એનસીઆઈએસએમની સુનાવણી સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપી રહ્યા છે. જૂનાગઢ કૉલેજના ૧૩ શિક્ષક માત્ર કાગળ પર જ હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા હતા, જેની તપાસ અને શિક્ષકોના દસ્તાવેજોની ચકાસણી કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી ડૉ. મહાડિકને સોંપવામાં આવી હતી.

એફઆઈઆરમાં જણાવ્યા અનુસાર, આરોપી ડૉ. નલાવડેએ ગત ૧૮મી ઑગસ્ટના રોજ ડૉ. મહાડિકનો સંપર્ક કર્યો હતો અને સાનુકૂળ વેરિફિકેશન રિપોર્ટ આપવાના બદલામાં લાંચની ઓફર કરી હતી. આ ગેરરીતિ અંગે ડૉ. મહાડિકે તરત જ મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ, એનસીઆઈએસએમના પ્રમુખ ડૉ. મુકુલ પટેલને આ અંગે જાણ કરી હતી. ઉચ્ચ અધિકારીઓની ભલામણ લેવામાં આવ્યા બાદ સામેવાળા પક્ષના પુરાવા એકત્રિત કરવા માટે ડૉ. મહાડિક નલાવડેના સંપર્કમાં રહ્યા હતા. ત્યારબાદ ૨૦મી ઑગસ્ટના રોજ એક વૉટ્સઍપ કોલ દરમિયાન કૉલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી પણ વાતચીતમાં જોડાયા હતા અને તમામ ૧૩ શિક્ષકના નામ ક્લિયર કરવા માટે રૂ. ૧૦ લાખની લાંચ આપવાની ઓફર કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ સમગ્ર ઘટનાક્રમ બાદ ડૉ. મહાડિકે નવી દિલ્હીમાં સીબીઆઈની એન્ટી કરપ્શન બ્રાન્ચ (એસીબી)નો સંપર્ક કરી ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. સીબીઆઈ દ્વારા કરાયેલી ખાનગી તપાસમાં આ ફરિયાદને સમર્થન મળ્યું હતું. એફઆઈઆર મુજબ, ટ્રસ્ટી પ્રતીક મોરી ૨૨ ઓગસ્ટે દિલ્હીમાં લાંચની રકમ પહોંચાડવા માટે હકાર ભણ્યો હતો. જેના આધારે સીબીઆઈએ ૨૨ ઓગસ્ટના રોજ મોરી અને નલાવડે સામે સત્તાવાર ગુનો દાખલ કર્યો હતો. ■

# નવસારીમાં સોશ્યલ મીડિયા પર હર્ષ સંઘવીના નામે કથિત ભ્રામક પોસ્ટ કરનાર સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લામાં સાયબર ક્રાઇમ પોલીસે ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના નામ અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી કથિત ખોટી અને ભ્રામક સોશ્યલ મીડિયા પોસ્ટ મામલે ઇન્સ્ટાગ્રામ આઇડીના ધારક તથા ઉપયોગકર્તા સામે ગુનો નોંધ્યો છે. પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીએ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી હર્ષ સંઘવીના ફોટાનો ઉપયોગ કરીને એક પોસ્ટ શેર કરી હતી. ફરિયાદમાં આ પોસ્ટને ખોટી અને ભ્રામક માહિતી ધરાવતી ગણાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ, ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સોશ્યલ મીડિયા પર આ પોસ્ટ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પોસ્ટમાં નાયબ મુખ્ય પ્રધાનના ફોટાનો ઉપયોગ કરી તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવા અર્થ સાથે લખાણ રજૂ કરવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ પોતાની ઓળખ છુપાવવા માટે અન્ય નામની ઇન્સ્ટાગ્રામ આઇડીનો ઉપયોગ કર્યો હતો. આ પોસ્ટ સોશ્યલ મીડિયામાં પ્રસિદ્ધ થતાં પોલીસ દ્વારા સમગ્ર મામલાની નોંધ લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. યુવાને હર્ષ સંઘવીના ફોટાનો ઉપયોગ કરીને એક પોસ્ટ તૈયાર કરી હતી.

આ પોસ્ટમાં ખોટો દાવો કરવામાં આવ્યો હતો કે જો દારૂ પકડાશે તો માત્ર પોલીસ જ નહીં, પરંતુ સ્થાનિક કોર્પોરેટર, ધારાસભ્ય અને સરપંચને પણ સસ્પેન્ડ કરવામાં આવશે.

આ મામલે નવસારી સાયબર ક્રાઇમ પોલીસની ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં આરોપી તરીકે ઇન્સ્ટાગ્રામ આઇડીના ધારક તથા તેનો ઉપયોગ કરનાર વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પોલીસે આ કેસમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૬(૪) તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૬-સી હેઠળ ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ, કેસની તપાસ માટે પોલીસ અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. તપાસ દરમિયાન પોસ્ટ કયા એકાઉન્ટ પરથી કરવામાં આવી, એકાઉન્ટનો ઉપયોગ કોણ કરતું હતું અને પોસ્ટ પાછળનો હેતુ શું હતો તે સહિતની બાબતો અંગે તપાસ કરવામાં આવશે. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 204 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ -૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૮ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# નેપાળમાં ફરી જળપ્રલય બૉમ્બ ટિક ટિક થાય છે

## તિબેટની સરહદે કુદરતી બંધારાથી સર્જાયેલું એક સરોવર ત્રણ દિવસમાં તૂટશે એવી ચીનની ચેતવણી

નવી દિલ્હીઃ નેપાળ અને તિબેટની સરહદે છોચેન ખોલા નદી અને પુરેપુ ત્સાંગપો નદીના સંગમની પાસે કુદરતી બંધારાથી સર્જાયેલું એક સરોવર આગામી ત્રણ દિવસમાં તૂટી જવાનો ભય ઊભો થયો છે અને તેને લીધે મોટો જળપ્રલય આવશે.ચીનના સત્તાવાળાઓએ આ સંબંધમાં ચેતવણી આપી છે. ચીન - નેપાળ સરહદી વિસ્તારમાં તાજેતરમાં આવેલા પૂરમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારો લોકો ગુમ થયા છે.

ચીનના જળસ્રોત મંત્રાલયે જણાવ્યું હતું કે આ સરોવરમાં ગુરુવાર સુધીમાં ૨૦ લાખ ઘન મીટર પાણી ભેગું થઇ ગયું છે અને તેને લીધે તે છલકાઇ ગયું છે. આ સરોવરમાં આગામી ત્રણ દિવસમાં વધુ ૩૦ લાખ ઘન મીટર જેટલું પાણી આવવાની શક્યતા છે અને તેને લીધે આ કુદરતી સરોવર તૂટી જશે.

ચીનનું જળસ્રોત મંત્રાલય આ સરોવર અને (જુઓ પાનું ૨) ▸▸



**વિનાશઃ** નેપાળના નુવાકોટ જિલ્લામાં ત્રિશુળી બંધ નજીક ઓચિંતું પૂર આવ્યું હતું આને લીધે ટિમુરના પાકને નુકસાન થયું હતું. (પીટીઆઈ)

## મરણાંક સતત વધતો જાય છે

### હજી સેંકડો લાપતાઃ મહારાષ્ટ્ર, ગુજરાતના અનેક લોકો ફસાયા

કાઠમંડુઃ નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મરનારા લોકોની સંખ્યા વધીને ૩૫૯ થઇ હતી, પરંતુ હજી આ મરણાંક ઘણો જ વધવાની પૂરી શક્યતા છે. સેંકડો લોકો હજી લાપતા છે. ભારતના મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના અનેક રાજ્યના લોકો આ પૂરમાં હજી ફસાયેલા છે અને તેઓનો કોઇ સંપર્ક થઇ નથી શક્યો.

તિબેટમાંથી આવેલા પૂરમાં મહારાષ્ટ્રના ૧૧૪ પર્યટક અટવાયા (જુઓ પાનું ૨) ▸▸

## લિરુંગ હિમક્ષેત્રનો હિસ્સો તૂટવાથી વિનાશક પૂર આવ્યાં

કાઠમંડુઃ નેપાળમાં હાલમાં આવેલું વિનાશક પૂર ધરતીકંપને લીધે નહિ, પરંતુ લિરુંગ હિમક્ષેત્રનો હિસ્સો તૂટવાથી આવ્યું હોવાની સ્પષ્ટતા કરાઇ છે. હિમાલય પર વધી રહેલી ગરમીને લીધે ભારતમાં પણ અચાનક આવું પૂર આવવાનું જોખમ રહેલું છે. હિમાલય પરનું તાપમાન ધીરે ધીરે વધી રહ્યું છે અને તેને લીધે જો બરફ અને જમીનની વચ્ચે પાણીનો મોટો જથ્થો ભરાઇ જાય, તો તેને લીધે હિમક્ષેત્ર કે તેનો હિસ્સો (જુઓ પાનું ૨) ▸▸









## એનસીએલટીએ ઝીના સુભાષચંદ્રને ઘી-કેળાં કરાવ્યાં

# આપવાના હતા ૨૨,૦૦૬ કરોડ રૂપિયા, પણ ફક્ત ૬.૫ કરોડ ચૂકવવાનો આદેશ

▸ વિજય માલ્યા, જયરામ રમેશે આશ્ચર્ય વ્યક્ત કર્યું ▸ આમાં એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સને ૧,૩૨૨.૩૯ કરોડના લેણાની સામે ૩૮.૦૯ લાખ જ મળશે

નવી દિલ્હીઃ નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ (એનસીએલટી)એ મંજૂર કરેલા રિપેમેન્ટ પ્લાન (ચુકવણીની યોજના) હેઠળ પેરન્ટ ગ્રૂપ એસેલના ભાગ, ઝીના સ્થાપક સુભાષચંદ્ર ધિરાણ આપનારાઓના કબૂલ કરેલા દાવા (એડમિટેડ ક્રેડિટર ક્લેમ્સ)ના રૂપિયા ૨૨,૦૦૬.૫૭ કરોડની સામે માત્ર રૂપિયા ૬.૫ કરોડ જ ચૂકવશે અને તેથી માત્ર આશરે ૦.૦૩ ટકા રકમની જ રિકવરી થશે અને ધિરાણ આપનારાઓને અંદાજે ૯૯.૯૭ ટકા રકમ ઓછી મળશે. બિઝનેસમેન વિજય માલ્યા અને કૉંગ્રેસના નેતા જયરામ રમેશે આ નિર્ણય અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને તેને 'મુંડન' કરવા સમાન ગણાવ્યું હતું.

સુભાષચંદ્ર એસેલ ગ્રૂપના પર્સનલ ગેરન્ટર હોવાથી તેમણે રૂપિયા ૬.૫ કરોડની ચુકવણી (રિપેમેન્ટ) કરવાની તૈયારી દર્શાવી હતી.

નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલે સુભાષચંદ્રની અંગત નાદારીની પ્રક્રિયા (પર્સનલ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસિડિંગ્સ)ના ભાગરૂપે રિપેમેન્ટ પ્લાન મંજૂર કર્યો હતો. આ યોજના હેઠળ (જુઓ પાનું ૨) ▸▸

## મોંઘવારીનો મારઃ તબેલાના દૂધનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક તરફ તહેવારોની મોસમ છે, અને મીઠાઈઓની માગણી વધી રહી છે તેવામાં તબેલાના ભેંસના દૂધના ભાવમાં ધરખમ નવ રૂપિયાનો વધારો ઝીંકાતા મુંબઈગરાઓને મોંઘવારીનો વધુ એક ફટકો પડ્યો છે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર એસોસિએશને પહેલી સપ્ટેમ્બર ૨૦૨૬થી તબેલામાંથી મળતા તાજા દૂધના હોલસેલ ભાવમાં ૯ રૂપિયાનો વધારો કરવાનું એલાન કર્યું છે. દૂધ ઉત્પાદકોનું કહેવું છે કે પશુપાલનનો ખર્ચ સતત વધી રહ્યો છે. ઘાસચારાના ભાવમાં આશરે પચીસ ટકાનો વધારો થતાં દૂધ ઉત્પાદકો પર મોટો ખર્ચનો બોજ આવ્યો છે. ૨૦૨૬માં શહેરમાં દરરોજ આશરે ૪૫ લાખ લિટર દૂધની માગ છે. એટલે કે એક તરફ માગ અનેક ગણી વધી છે, જ્યારે બીજી તરફ સ્થાનિક તબેલાઓમાં ભેંસોની સંખ્યા અને પ્રતિ ભેંસ દૂધનું ઉત્પાદન બંને ઘટ્યાં છે. દૂધ ઉત્પાદકોનું કહેવું છે કે આ તફાવતને કારણે સ્થાનિક તાજા દૂધના વ્યવસાય પર વધુ દબાણ ઊભું થયું છે. ■

ભાવવધારો શું કામ? ૫

## કાનપુરમાં વિમાન તૂટી પડ્યુંઃ પાઈલટ સહિત બેનાં મોત

કાનપુરઃ કાનપુરમાં ગુરુવારે એક તાલીમી વિમાન ગંગા નદીનાં કિનારે તૂટી પડતાં પાઈલટ અને ઈન્સ્ટ્રક્ટરનું મોત થયું હોવાનું પોલીસ અધિકારીઓએ કહ્યું હતું. ગર્ગ ઍવિયેશનના તાલીમી વિમાને ગુરુવારે સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાની લગભગ ૨૦ મિનિટ બાદ આ વિમાન કત્રી વિસ્તારમાં આવેલા નાથાપુરવા ગામ નજીક તૂટી પડ્યું હતું. જોકે દુર્ઘટનાનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. નાગરિકી ઉડ્ડયન ખાતાએ જણાવ્યું હતું કે એએઆઈબી આ દુર્ઘટનાની તપાસ કરશે અને ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ)ના (જુઓ પાનું ૨) ▸▸

## 'અનામત હટાવ આંદોલન' કરનારાઓ સાથે મંત્રણા શરૂ કરી સરકારે

નવી દિલ્હીઃ અનામત ક્વોટાની સિસ્ટમમાં સુધારાની માગણી કરનારા દેખાવકારોએ દિલ્હીના જંતર મંતરને હચમચાવી નાખ્યું એને પગલે કેન્દ્રના પ્રધાન જે. પી. નડ્ડા ગુરુવારે હર્ષ દુબે સહિતના અનામત સુધારાના હિમાયતીઓને મળ્યા હતા. નડ્ડાએ કહ્યું હતું કે સામાન્ય કૅટેગરીના સભ્યો સાથે બીજી બેઠક પણ ટૂંક સમયમાં યોજાશે. આ મીટિંગ પર કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સંસ્થાપક અને કન્વીનર અભિજિત દીપકેએ ચુટકી લીધી હતી. અનામતના સુધારવાદી નેતાઓમાં નીટ ઈચ્છુક હર્ષ દુબે, રામ બહાદુર સિંહ ચૌહાણ અને મૃત્યુંજય પાઠકનો (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકી ટૅરિફનો ડર ખતમ થશે?: ભારત અને ચીન મોટા કરાર કરવાની તૈયારીમાં

નવી દિલ્હીઃ ભારત અને ચીન સાથે મળીની રોકાણનું નવું માળખું ઘડી કાઢવાની તૈયારી કરી રહ્યા છે. બંને દેશ સંબંધો સુધારવાની સાથે સાથે વેપાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. જો આ બંને દેશ સાથે થઈ જાય તો અમેરિકાના વેપારને મોટો ઝટકો લાગી શકે છે અને ત્યાર બાદ ટૅરિફનો ડર પણ જતો રહેશે.

અમેરિકા અને ભારત વચ્ચે વેપાર અંગે વાતચીત ચાલી રહી હોવા છતાં ટ્રમ્પ ચીન અને ભારતને અવારનવાર રશિયા પાસેથી તેલ ખરીદવા કે પછી કોઈ અન્ય કારણોસર ટૅરિફની ધમકી આપતા રહે છે. આ તમામ બાબતો વચ્ચે ભારત હવે ચીન સાથે મળીને મોટી ગૅમ કરવા જઈ રહ્યું છે જે આગળ જતા વૈશ્વિક ચેઈન સપ્લાયને બદલી શકે છે. હકીકતમાં તો બ્રિક્સ બેઠક દરમિયાન ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારત આવશે અને એ દરમિયાન બંને દેશ સાથે મળીની રોકાણનું નવું માળખું ઘડી કાઢવા અંગે વિચારણા કરશે એવા અહેવાલ છે. આ બેઠક દરમિયાન ચીન ભારત માટે એક મોટા રોકાણના પૅકેજની જાહેરાત કરી શકે છે જે ભારત માટે બૂસ્ટર સાબિત થશે.

વેપાર માટે બંને દેશના સંબંધમાં સુધારો (જુઓ પાનું ૨) ▸▸

## ભાગવતના ન્યૂ યૉર્કના કાર્યક્રમના આયોજકનું 'એક્સ' અકાઉન્ટ સસ્પેન્ડ

ન્યૂ યૉર્કઃ સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ 'એક્સ'એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત માટે ન્યૂ યૉર્ક શહેરમાં યોજવામાં આવેલા કાર્યક્રમના આયોજક અમેરિકન હિન્દુઝ ફૉર ઍન્ગેજમેન્ટ ઍન્ડ ડાયલોગ (એએચઈએડી)નું અકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું છે.

ગ્રાહકોના વપરાશ માટે હવે આ અકાઉન્ટ ઉપલબ્ધ નથી.

સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ભૂલથી અકાઉન્ટ સસ્પેન્ડ થયું હોઈ શકે.

અમને વિશ્વાસ છે કે 'એક્સ'ની નીતિઓનું પાલન કરી અમારા સંદેશાઓ સાતત્યપૂર્ણ રીતે વૈશ્વિક શાંતિ, (જુઓ પાનું ૨) ▸▸

### હવે મોહન ભાગવતના વિઝા રદ કરવાની અમેરિકામાં માગણી

વૉશિંગ્ટનઃ અમેરિકાની કૉંગ્રેસ (સંસદે) ધાર્મિક સ્વતંત્રતા પર રચેલી સલાહકાર સંસ્થાએ ટ્રમ્પ વહીવટીતંત્રને અનુરોધ કર્યો છે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતને આપેલા વિઝા રદ કરવામાં આવે. ભાગવત ત્રણ રાષ્ટ્રની મુલાકાતના ભાગરૂપે ન્યૂ યૉર્કમાં છે.

ભાગવત ૨૯ ઑગસ્ટે મેડિસન સ્કવેર ગાર્ડનના ઈન્ફોસીસ થીયેટરમાં 'યુનિવર્સલ વનનેસ સેલીબ્રેશન'ને સંબોધવાના છે. આ આંતરધાર્મિક સમારોહમાં ભાગવત બહુ ધાર્મિક, બહુ સાંસ્કૃતિક અને વિવિધતા ભરેલા (જુઓ પાનું ૨) ▸▸

## ઑપરેશન સિંદૂર વખતે એસ-૪૦૦ સિસ્ટમ શોધવા પાકિસ્તાને જાસૂસો મોકલેલા

નવી દિલ્હીઃ ઑપરેશન સિંદૂર અંગે મોટો ખુલાસો કરતા ઍર માર્શલ જિતેન્દ્ર મિશ્રા (નિવૃત્ત)એ કહ્યું હતું કે એસ-૪૦૦ સંરક્ષણ સિસ્ટમ ઑપરેશન સિંદૂરની મુખ્ય વિશેષતા હતી અને તેણે પાકિસ્તાન તરફથી ઊભા થયેલા જોખમને નિવારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ મામલે વધુ ખુલાસો કરતા તેમણે કહ્યું હતું કે એસ-૪૦૦ સિસ્ટમ ક્યાં ગોઠવવામાં આવી છે તે શોધી કાઢવા પાકિસ્તાન એટલું ઉતાવળું બન્યું હતું કે એ માટે પાકિસ્તાને ભારતસ્થિત પોતાના જાસૂસો અને સ્લીપર સેલને સક્રિય કર્યા હતા.

એસ-૪૦૦ને કારણે પાકિસ્તાનના જૅટ ફાઈટર્સ ભારતીય સરહદની ૨૦૦ કિ.મી.ની અંદર પણ આવી શકતા નહોતા કેમ કે રશિયન બનાવટની એસ-૪૦૦ સિસ્ટમ પાકિસ્તાનના હવાઈ ઑપરેશન્સ માટે સૌથી મોટું જોખમ બની ગઈ હતી.

એ કારણે જ પાકિસ્તાને એસ-૪૦૦ સિસ્ટમને શોધી કાઢવા તમામ ઉપાયો અજમાવ્યા હતા અને એ માટે તેમણે તેમની પાસે ઉપલબ્ધ તમામ સાધનોનો ઉપયોગ પણ કર્યો હતો, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નેપાળ જેવી મહાવિનાશક હોનારત ભારતમાં પણ સર્જાઈ શકે

**નેપાળમાં** આવેલા પૂરે સર્જેલી તબાહીએ આખી દુનિયાને ખળભળાવી મૂકી છે પણ ભારતમાં આ પૂરથી વધારે ચિંતા છે. નેપાળ ભારતનો પાડોસી દેશ છે તેથી મોટા પ્રમાણમાં ભારતીયો નેપાળના પ્રવાસે જાય છે. અચાનક આવેલા પૂરના કારણે નેપાળ ગયેલા સંખ્યાબંધ ભારતીયો ફસાઈ ગયા છે અને તેમના કોઈ સમાચાર નથી એ તો ચિંતાનું કારણ છે જ પણ તેનાથી મોટું કારણ આ પૂરનું કારણ છે. તિબેટમાં આવેલી કુદરતી આફતના કારણે આ દુર્ઘટના સર્જાઈ ને નેપાળ લપેટમાં આવી ગયું એવું મનાય છે. આ જ સ્થિતિ ભારતમાં પણ સર્જાઈ શકે ને ભારતમાં નેપાળ કરતાં મોટી તબાહી સર્જાઈ શકે છે તેનો ડર સૌને સતાવી રહ્યો છે.

ભવિષ્યમાં તિબેટમાં આવેલી કુદરતી આફત ભારતમાં પણ ખતરો બની શકે કેમ કે ભારતની ત્રણ મોટી નદીઓ બ્રહ્મપુત્રા, સતલજ અને સિંધુ તિબેટમાંથી નીકળે છે. તિબેટના કારણે નેપાળમાં હોનારત થઈ તેથી તિબેટની વાત કરી, બાકી હિમાલયમાંથી નીકળતી કોઈ પણ નદીના કારણે મહાવિનાશક દુર્ઘટના થઈ શકે છે. નેપાળમાં જે બન્યું એ ઉત્તર ભારતમાં પણ બની શકે ને ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં પણ બની શકે. ઉત્તરાખંડ જેવાં રાજ્યોમાં તો આ ખતરો સૌથી વધારે છે. ઉત્તરાખંડ પછી ઉત્તર પ્રદેશ સહિતનાં રાજ્યો આવે ને ઉત્તર પ્રદેશમાં આવું વિનાશક પૂર આવે તો શું થાય તેની કલ્પના જ થથરાવી નાખનારી છે. દેશના સૌથી વધારે વસતી ધરાવતા રાજ્યમાં તબાહીનું તાંડવ જોવા મળે.

કોઈને આ વાત કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના જેવી લાગશે પણ નેપાળમાં સર્જાયેલી દુર્ઘટનાનું કારણ સમજશો તો આ વાત સમજાશે. નેપાળ અને ચીનના તિબેટના સરહદી વિસ્તારમાં અચાનક આવેલા વિનાશક પૂરનું કારણ તિબેટમાં પડેલો અતિભારે વરસાદ અને હિમશીલાઓનું પિગળવું છે. ભોટેકોશી નદી તિબેટમાંથી નીકળે છે તેથી તેમાં વધારે પાણી હતું જ પણ ભારે વરસાદ અને હિમશીલાઓ પીગળવાને કારણે પહાડો ધસી પડ્યા તેથી વહેતી નદીનો પ્રવાહ રોકાઈ ગયો. નદીના પાણીમાં પહાડોની માટી અને પથ્થરો ભળ્યા તેથી પાણી એક જગાએ ભેગું થવા માંડ્યું અને માટી-પથ્થરોથી ભરેલું વિશાળ પાણીનું તળાવ બની ગયું.

બીજી તરફ ધોધમાર વરસાદ ચાલુ હતો તેથી નદીમાં નવું પાણી આવ્યા જ કરતું હતું. સતત પડી રહેલા પાણીના કારણે હિમશીલાઓ ધોવાવા માંડી તેથી તેનું પાણી પણ ઉમેરાયું. ધોવાયેલી હિમશીલાઓ પણ સતત આવતા પાણી સામે ઝીંક ના ઝીલી શકી તેથી તૂટી તૂટીને નદીના પ્રવાહમાં ભળવા માંડી એટલે પાણીનો પ્રવાહ વધ્યો. એક હદ સુધી તળાવે નવા પાણીનો મારો સહન કર્યો પણ પછી તળાવ ફાટી ગયું. તળાવમાં પાણીનું દબાણ ક્ષમતા કરતાં વધી જતાં માટી ધોવાવા માંડી અને પથ્થરોનો અવરોધ પણ હટી ગયો તેમાં પાણી બેફામ ગતિએ આગળ વધ્યું ને નેપાળમાં ફરી વળ્યું. પૂરના વીડિયોમાં કોઈ બંધ તૂટી ગયો હોય એવું લાગે છે. તેનું કારણ આ કામચલાઉ રીતે બનેલું તળાવ ફાટ્યું એ છે.

કરોડો લિટર પાણી બેફામ ગતિએ કાદવ, કાંકરા અને કાટમાળ સાથે ધસે પછી શું બાકી રહે? તેના રસ્તામાં જે કંઈ આવે તેને લેતું જ જાય. એ બધું તેમાં ઉમેરાતું ગયું એટલે વૈજ્ઞાનિક ભાષામાં ‘ફ્લેશ ફ્લડ’ કે ‘મડ ફ્લડ’ કહેવાય છે એવું વિનાશક પૂર આવી ગયું. ભોટેકોશી નદીના કિનારા તોડીને પૂરનું પાણી ચોમેર ફરી વળ્યું. તેમાં કાંઠાનાં કેટલાંય ગામો આખેઆખાં સાફ થઈ ગયાં છે. નેપાળમાં ભોટેકોશી નદી પરના ૪ જેટલા હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને પણ મોટું નુકસાન થયું છે. અત્યારે આવેલા અહેવાલોમાં જ હજાર કરતાં વધારે લોકોના મોતની આશંકા વ્યક્ત કરાઈ રહી છે પણ વાસ્તવિક રીતે આ આંકડો બહુ મોટો હોવાની શક્યતા છે.

ચીનમાં તો સામ્યવાદી સરકાર છે તેથી અંદર શું બને છે એ બહાર આવતું જ નથી પણ ચીનના તિબેટના સરહદી વિસ્તાર ગાયરોંગ કાઉન્ટીમાં પણ ભારે તબાહી અને મોત થયાના અહેવાલ છે.

નેપાળમાં તો કેટલું નુકસાન થયું તેની જ ખબર નથી. નેપાળીઓના કરમની કઠણાઈ તો પાછી એ છે કે, આ પૂરના કારણે પિક્ચર પતી જતું નથી. ચીનની સરકારે નેપાળ સરકારને સત્તાવાર ચેતવણી આપી છે કે, કામચલાઉ તળાવનું પાણી હજુ પૂરેપૂરું ખાલી થયું નથી તેથી હજુ નવું પૂર આવવાનું જોખમ છે જ. આપણે પ્રાર્થના કરીએ કે, નેપાળમાં હવે કોઈ પૂર ના આવે કેમ કે નેપાળીઓ અત્યારે જ બેવડ વળી ગયા છે એ જોતાં નવા પૂરનો માર સહન નહીં કરી શકે.

તિબેટમાં ભારે વરસાદ નવી વાત નથી પણ હિમશીલાઓ તૂટી તેના કારણે વધારે તબાહી થઈ એ જોતાં ભલે દોષ કુદરત પર ઢોળી દેવાતો હોય પણ નેપાળનું પૂર વાસ્તવમાં માનવસર્જિત દુર્ઘટના છે. ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્લેશિયર્સ ઝડપથી પીગળવા માંડ્યાં છે અને નદી કિનારે આડેધડ બાંધકામો કરી દેવાય છે એ મોટું કારણ છે. ચીન હિમાલયને પોતાના બાપનો માલ સમજે છે એટલે હિમાલયમાં ઠેર ઠેર લશ્કરી છાવણીઓ ઊભી કરી દીધી છે. આ છાવણીઓમાં રહેતા સૈનિકોની જરૂરિયાતો પૂરી કરવા માટે આખેઆખાં ગામો વસાવી દેવાયાં છે. તેના કારણે તાપમાન વધી રહ્યું છે તેમાં હિમશીલાઓ ઝડપથી પિગળી રહી છે તેથી આ કાંડ થયો છે.

એક મત એવો છે કે, ચીનના પ્રયોગોને કારણે આ દુર્ઘટના થઈ છે. ચીન તો તિબેટમાંથી નીકળતી નદીઓનાં પાણી પોતે સંપૂર્ણપણે વાપરી શકે એ માટે નદીઓના પ્રવાહને બદલીને પોતાની તરફ વાળવા જાત જાતનાં બાંધકામ કરી રહ્યું છે. ચીને નદીઓનાં પાણીને રોકવા માટે નાના નાના બંધ અને તળાવો બાંધ્યા છે. તેમાંથી જ કોઈ તૂટી પડતાં નેપાળમાં તબાહી થઈ. આ વાત કેટલી સાચી છે એ ખબર નથી પણ મૂળ વાત એ જ છે કે, માણસો દ્વારા કુદરત સાથે ચેડાં થઈ રહ્યાં છે તેની આ કિંમત છે.

ભારતે આ હોનારતમાંથી બોધપાઠ લેવાની જરૂર છે કેમ કે આપણે ત્યાં પણ ઉત્તરાખંડમાં પર્વતો કાપી કાપીને બધું બનાવાઈ રહ્યું છે અને બેફામ બાંધકામો થઈ રહ્યાં છે. તેના કારણે હિમશીલાઓ અને હિમનદીઓ ઝડપથી ઓગળી રહી છે. ભવિષ્યમાં આ કારણોસર નદીઓમાં વધારે પાણી આવી જાય ને નદીકિનારે આસપાસનાં બાંધકામોને ધરાશાયી કરીને તેમનાં કાટમાળ સાથેનો નદીનો પ્રવાહ નીચે લગી પહોંચે તો શું થાય તેની કલ્પના પણ ના થઈ શકે. ભોટેકોશી તો નાની નદી છે પણ ગંગા જેવી વિશાળ નદીમાં આવું થાય તો શું થાય ? નેતાઓને તો ઘર ભરવામાં રસ હોય છે તેથી એ લોકો તો આ બધું ના વિચારે પણ લોકોએ વિચારવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૨૮-૮-૨૦૨૬, રક્ષાબંધન, વરદલક્ષ્મી વ્રત

- ભારતીય દિનાંક ૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૧૫
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૨ સુધી (તા. ૨૯), પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨-૧૫, મધ્યરાત્રે ક. ૦૦-૨૧
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૮ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - પૂર્ણિમા. રક્ષાબંધન, જીવંતિકા પૂજન, વરદ્‌લક્ષ્મી વ્રત, અમરનાથ યાત્રા સમાપ્ત, અવની જયંતી (દક્ષિણ ભારત), બલભદ્ર પૂજા (ઓરિસ્સા), ખંડગ્રાસ ચંદ્રગ્રહણ મુંબઈમાં દેખાવાનું નથી, ઈષ્ટિ, તૈતરીય શ્રાવણી, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન મોર
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- શ્રાવણ મહિમાઃ આજ રોજ બહેન ભાઈને રાખડી બાંધે છે. વૈદિક પરંપરા અનુસાર શ્રાવણી ઉપાકર્મ (જનોઈ બદલવી) વિધિ કરવામાં આવે છે. ભગવાન શિવનું આધિપત્ય સૂર્યાદિ ગ્રહો, નભમંડળના નક્ષત્રો, પૃથ્વી પરની જીવસૃષ્ટિ, સજીવ નિર્જીવ સૃષ્ટિ એમ સર્વ ઉપર રહેલું છે. જે કણ કણમાં છે તે બ્રહ્માંડમાં છે. શિવ એ સર્વ પદાર્થો, સર્વે પંચતત્ત્વોમાં સમાયેલ છે. શિવજીનું સ્વરૂપ નિરાકાર છે, પરંતુ શિવપૂજા માટે શિવલિંગનું સ્વરૂપ સ્થાપિત કરવામાં આવ્યું છે. એ સકળ સૃષ્ટિનો આકાર દર્શાવે છે. બ્રહ્માંડનું સ્વરૂપ દર્શાવે છે માટે શિવલિંગની પૂજાનો મહિમા અપરંપાર છે. જેણે શિવતત્ત્વ ઓળખ્યું છે તે દૈનિક નિરંતર આજીવન શિવપૂજા જાળવી રાખે છે.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શુક્ર-રાહુ ગ્રહદેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, વરુણ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, આભૂષણ નિર્માણ, માલ લેવો, દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, વાહન-સવારી, નોકરી, દુકાન-વેપાર, રત્નધારણ, ધાન્ય વેંચવું, ધાન્ય ભરવું. પશુ લેવડદેવડ, વૃક્ષ વાવવા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ કુટુંબ ક્લેશ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ ગપ્પાં મારવાની આદત, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, બુધ-હર્ષલ ચતુષ્કોણ કટાક્ષપ્રિય, ચંદ્ર-મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, બુધ-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર ■.

## નેપાળના જળપ્રલયે ક્લાઈમેટ ચેન્જના જોખમો સામે લાલબત્તી ધરી

દેહરાદૂનઃ નેપાળના તાજેતરના જળપ્રલયે ઋતુ પરિવર્તન અંગેના જોખમોને ફરી રેખાંકિત કર્યા છે. આને પગલે હિમાલય વિસ્તારમાં હિમના જથ્થા અને હિમનદી પર માઠી અસર થાય છે અને ઓચિંતું પૂર આવે છે.

વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિમાલયન જિયોલોજીના વિજ્ઞાની મનીષ મહેતા કહે છે કે હિમાલયમાં થતા પરિવર્તનોને છૂટાછવાયા બનાવો ન કહી શકાય. મહેતાએ ઉત્તરાખંડના કેદારનાથ, ઋષિગંગા અને ધારાલીની કુદરતી આફતોનો અભ્યાસ કર્યો છે.

તેમણે કહ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગને લીધે હિમાલયના હિમ પીગળી જાય છે અને આ ઘટનાને ‘હિમની પીછેહઠ’ નામ અપાયું છે. હિમ પીગળે છે ત્યારે એની સાથે ખડક, માટી અને કાટમાળને લઈને આવે છે. આ કાટમાળ સ્થિર નથી હોતો અને વરસાદ પડે કે હિમ પીગળે ત્યારે નીચે ગબડે છે.

વિજ્ઞાનીઓ ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા પડવાની બદલાતી પેટર્નથી પણ ચિંતિત છે. જે વિસ્તારોમાં પહેલાં મુખ્યત્વે હિમવર્ષા થતી હતી ત્યાં હવે વરસાદ પડવાનું વધી ગયું છે. આ સૂચવે છે કે હિમવર્ષાની ઝોન ઘટતી જાય છે. હવે અતિશય ઊંચાઈવાળા પ્રદેશમાં જ હિમવર્ષા ઘટતી જાય છે અને વરસાદ પડવાનું વધતું જાય છે.

જો ઊંચાઈવાળા વિસ્તારોમાં ટૂંકા ગાળામાં ધોધમાર વરસાદ પડે તો કાટમાળ પાણી સાથે ઓચિંતો નીચે સરકે છે. આનાથી ભૂસ્ખલન થાય છે અને ભેખડો ધસી પડે છે. અમુક સમયે હિમ કે કાટમાળ પાણીના પ્રવાહને રોકી દે છે ને આને લીધે હંગામી બંધ જેવી સ્થિતિ ઊભી થાય છે. જ્યારે આ હંગામી બંધ તૂટે છે ત્યારે મોટા જથ્થામાં પાણી, ખડક અને માટી ઝડપથી નીચે આવે છે.

આથી પર્વતમાં આવેલું ઓચિંતું પૂર ફક્ત પાણીનું નહીં પરંતુ ખડક, માટી અને કાટમાળનું હોય છે. આને લીધે મકાનો, રોડ અને પૂલને પ્રચંડ નુકસાન થાય છે.

બીજો ફેરફાર પર્વતના ટોચના વિસ્તારોમાં રાત્રીના ઉષ્ણતામાનનો જોવા મળ્યો છે. પહેલાં દિવસ અને રાત્રિના ઉષ્ણતામાનમાં મોટો ફરક રહેતો હતો અને આને લીધે હિમ પીગળવાનું ધીમું થતું હતું. જોકે હવે આ તફાવત ઓછો થતો જાય છે. ગ્લોબલ વોર્મિંગને લીધે રાત્રિનું તાપમાન વધતુ જાય છે અને રાત્રે પણ હિમ પીગળવાનું ચાલુ રહે છે. (એજન્સી)

# સેંકડો સ્વજનોની ભાળ નથી મળતી...

## નેપાળની વિવિધ હૉસ્પિટલમાં હજારો પરિવારજનો ગુમ સ્વજનની શોધમાં ભેગા થયા છે

કાઠમંડુઃ વિનાશક પૂરમાં ગુમ થયેલા પરિવારના સભ્યો અને મિત્રોને શોધી રહેલાં સેંકડો લોકો ગુરુવારે નેપાળની હોસ્પિટલોની બહાર એકઠા થયા હતા. વિનાશક પૂરમાં ગુમ થયેલા લોકો માટે શોધ કામગીરી ચાલુ છે.

ધ કાઠમંડુ પોસ્ટ અખબારે અહેવાલ આપ્યો છે કે મહારાજગંજમાં ત્રિભુવન યુનિવર્સિટી ટીચિંગ હોસ્પિટલમાં, સેંકડો લોકો તેમના સંબંધીઓને શોધવા માટે એકઠા થયા હતા જેમનો સંપર્ક નથી થઈ શકતો. ઘણા પરિવારના સભ્યોએ બોર્ડ પર પ્રદર્શિત તેમના સંબંધીઓના ફોટો, તેમના સરનામાં અને મોબાઇલ નંબરો સાથે મૂક્યા હતા, લોકોને તેમને શોધવામાં મદદ કરવા વિનંતી કરી હતી. સત્તાવાળાઓએ હોસ્પિટલમાં લાવવામાં આવેલા લોકોની યાદી પોસ્ટ કરી હતી જેથી સંબંધીઓ તપાસ કરી શકે કે તેમના પ્રિયજનો બચાવેલા અથવા સારવાર લઈ રહેલા લોકોમાં છે કે નહીં.

હોસ્પિટલમાં મૃત્યુ પામેલા લોકોના ફોટા પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ એવા લોકોના નામ અને અન્ય વિગતો રેકોર્ડ કરવા માટે ડેસ્ક ગોઠવ્યા છે જેમના ઠેકાણા હજુ સુધી અજાણ છે, અનેક પરિવારો હજુ પણ ગુમ થયેલા લોકો વિશે માહિતી માંગી રહ્યા છે.હોસ્પિટલનો ઇમર્જન્સી વોર્ડ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સારવાર લઈ રહેલા ઘાયલ લોકોથી ભરેલો છે.

નેપાળના આરોગ્ય અધિકારીઓ તરફથી ગુરુવારે વહેલી સવારે મળેલા અપડેટમાં જણાવાયું હતું કે ૨૦ ઘાયલ લોકો ત્રિભુવન યુનિવર્સિટી ટીચિંગ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, જ્યારે અન્ય લોકો નુવાકોટમાં ત્રિશુલી હોસ્પિટલ અને કાઠમંડુમાં બીર હોસ્પિટલ સહિતની હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે.જેમના સગા કે સ્વજનનો કોઈ સંપર્ક થયો નથી. અને પરિવારના અનેક અન્ય સભ્યો પણ ગુમ છે, તેઓ તેમને શોધવા માટે દુઃખી થઈને શોધ કરી રહ્યાં અને મદદ માંગી રહ્યા હતા.

ચિત્વનની ભરતપુર હોસ્પિટલમાં પણ આવા જ દૃશ્યો હતા, જ્યાં અધિકારીઓ ત્રિશુલી અને નારાયણી નદીઓમાંથી મળી આવેલા મૃતદેહોની વધતી જતી સંખ્યા સાથે વ્યવહાર કરી રહ્યા હતા ત્યારે પરિવારો સંબંધીઓને શોધવાનું ચાલુ રાખતા હતા. હોસ્પિટલમાં અન્ય પરિવારો પણ આવી જ અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા હતા, સંબંધીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે ગુમ થયેલા લોકો બચી ગયા છે, તેમને બચાવી લેવામાં આવ્યા છે કે નદીઓમાંથી મળી આવેલા મૃતદેહોમાંના હતા.પુનઃપ્રાપ્તિ કામગીરીનું પ્રમાણ ભરતપુર હોસ્પિટલની સુવિધાઓ પર પણ દબાણ લાવી રહ્યું હતું, જ્યાં શબઘરમાં જગ્યા પૂરી થઈ રહી હોવાનું કહેવાય છે. નેપાળી સ્થાનિક મીડિયામાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે પડોશી તનાહુનમાં મળી આવેલા નવ મૃતદેહને જિલ્લામાં પાછા મોકલવામાં આવ્યા હતા કારણ કે ભરતપુર સુવિધામાં તેમના માટે કોઈ જગ્યા નહોતી.

## પહેલા પાનાનું ચાલુ

### નેપાળમાં

આ વિસ્તારના પૂરથી ઊભા થયેલા જોખમ પર બારીકાઇથી નજર રાખી રહ્યું છે અને આ સરોવર તૂટી પડે, તો તેનાથી સર્જાનારા સંભવિત વિનાશનો સામનો કરવા તૈયાર રહેવાની ચેતવણી આપી હતી.

તિબેટમાં હિમશિલાઓ સાથેનો હિમપ્રદેશ તૂટી પડવાથી ચીન અને નેપાળની સરહદે વિનાશક પૂર આવ્યું છે અને મોટી સંખ્યામાં ભેખડો ધસી પડી હતી.

પૂરને લીધે ઓછામાં ઓછા ૨૭૩ લોકો માર્યા ગયા હતા અને અન્ય ૧,૩૦૦થી વધુ લોકો ગુમ થયા છે. વિવિધ એજન્સી અલગ-અલગ આંકડા આપી રહી છે, પરંતુ મરણાંક વધવાની પૂરી શક્યતા છે.

નેપાળ પોલીસ પૂરને લીધે ઓછામાં ઓછા ૨૭૦ લોકો માર્યા ગયા હોવાનું અને ૮૨૬ લોકો ગુમ થયા હોવાનું કહે છે.નેપાળનું નેશનલ ટૂરિઝમ બૉર્ડે જણાવ્યું હતું કે ગુમ થયેલા લોકોમાં ૫૧૭ વિદેશી છે. તેઓમાં પર્યટકો અને યાત્રાળુનો સમાવેશ થાય છે.

પૂરમાં ૨૮૮ ભારતીય ગુમ થયા હોવાનું કહેવાય છે. તેમાંના મોટા ભાગના ભારતીય કૈલાસ માનસરોવરની યાત્રાએ જઇ રહ્યા હતા ત્યારે ગુમ થયા હતા.અમેરિકાના ૬૫, મલયેશિયાના ૫૧, યુક્રેનના ૫૩, ઑસ્ટ્રેલિયાના ૩૫ અને બ્રિટનના ૩૩ લોકો પૂરમાં ગુમ થયા છે.ચીનના સરકારી પ્રસારમાધ્યમે જણાવ્યું હતું કે તિબેટના ગયિરોંગ પરગણામાં ૨૬૦ વિદેશી સહિત ૫૫૮ લોકો ગુમ થયા હતા અને ત્રણ જણ માર્યા ગયા હતા.ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે નેપાળમાં આવેલા પૂરમાં ચીનના અંદાજે ૧૦૦ નાગરિક લાપતા છે.ચીનના સત્તાવાળાઓએ બચાવ અને રાહત કામગીરી માટે પોતાના સૈનિકો, ઇજનેરોની ટીમ, દૂરસંચારના ઑપરેટર્સ અને અન્ય સ્વયંસેવકોને મોકલ્યા છે. (એજન્સી)

### કાનપુરમાં

ત્રણ અધિકારીઓની ટીમ જરૂરી નિયમનકારી દેખરેખ અને સહકાર માટે ઘટનાસ્થળની મુલાકાત લેશે. પ્રાથમિક માહિતીને ટાંકતા નાગરિકી ઉડ્ડયન ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ડબલ એન્જિન ધરાવતું ટેકનેમ પીર૦૦૬ટી અને વીટી-એનબીવી રજિસ્ટ્રેશન નંબર ધરાવતું ઍરક્રાફ્ટ કાનપુર સિવિલ ઍરપોર્ટથી અંદાજે પાંચ નોટિકલ માઈલ દૂર ગંગા નદીના કિનારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટનામાં વિમાનના તાલીમી પાઈલટ અને ઈન્સ્ટ્રક્ટરનાં મોત થયાં હતાં, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### આપવાના હતા

તેઓ પોતાની સામેના ‘સેટલ ક્લેમ્સ’ના (જે દાવાનું સમાધાન થયું હોય તેના) અંદાજે રૂપિયા ૨૨,૦૦૬ કરોડની સામે માત્ર રૂપિયા ૬.૫ કરોડ એટલે કે આશરે ૯૯.૯૭ ટકા ઓછા ચૂકવશે.નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ મેમ્બર (જૂડિશલ) નીલેશ શર્માએ ઇન્સોલ્વન્સી ઍન્ડ બૅન્કરપ્સી કૉડની કલમ ૧૧૪ હેઠળ આ પ્લાનને મંજૂરી આપી હતી. અગાઉ, બે સભ્યની બૅન્ચે અલગ-અલગ ચુકાદો આપ્યો હોવાથી નીલેશ શર્માની ત્રીજા સભ્ય તરીકે નિમણૂક કરાઇ હતી.એલઆઇસી હાઉસિંગ ફાઇનાન્સ સહિતના અમુક ક્રેડિટર્સ (ધિરાણ આપનારાઓ)ના વિરોધ છતાં આ નિર્ણય લેવાયો હતો.

ધિરાણ આપનારાઓએ અમુકે દલીલ કરી હતી કે સૂચિત ચુકવણીની રકમ ઘણી ઓછી છે અને આ પ્લાન ‘અયોગ્ય અને ગેરકાયદે’ છે.નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલે ધિરાણ આપનારાઓ (ક્રેડિટર્સ) પાસેથી ચુકવણીની યોજના (રિપેમેન્ટ પ્લાન) માટે મળેલા ‘વૉટિંગ સપોર્ટ’ને આધારે આ નિર્ણય લીધો હતો. આ નિર્ણયનો વિરોધ કરનારા ક્રેડિટર્સ પાસે ૨૦ ટકાથી ઓછો મત-અધિકાર (વૉટિંગ શૅર) હતો, જ્યારે આ પ્લાનને મંજૂરી આપનારાઓ પાસે ૮૦.૮૧ ટકાથી વધુ ‘વૉટિંગ શૅર’ હતો.એલઆઇસી હાઉસિંગ ફાઇનાન્સનો ‘એડમિટેડ ક્લેમ’ રૂપિયા ૧,૩૨૨.૩૯ કરોડ હતો અને તેને આ રકમના માત્ર અંદાજે ૦.૦૨૮ ટકા એટલે કે ફક્ત રૂપિયા ૩૮.૦૯ લાખ જ મળશે. વિજય માલ્યાએ સોશ્યલ મીડિયા ‘એક્સ’ પરની પોસ્ટમાં લખ્યું હતું કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલના આ નિર્ણયના સમાચાર જો સાચા હોય, તો હું સુભાષચંદ્રને અભિનંદન આપું છું. મારા પર રૂપિયા ૬,૨૦૩ કરોડનું દેવું (જજમેન્ટ ડૅટ) છે અને તેની સામે રૂપિયા ૧૪,૧૦૦ કરોડની રિકવરી મગાઇ છે. કૉંગ્રેસના નેતા જયરામ રમેશે ‘એક્સ’ પર લખ્યું હતું કે આ કિસ્સામાં ધિરાણ આપનારાઓને મામૂલી રકમ જ મળવાની છે. આને તો ‘મુંડન’ કર્યું કહેવાય. (એજન્સી)

### અમેરિકી ટૅરિફનો

થશે જેને કારણે ભારત અને ચીન સાથે મળીને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મોટો બદલાવ લાવી શકે એમ છે. બંને પડોશી દેશનું લક્ષ્ય રાજકીય સંબંધમાં વ્યાપક સુધારો લાવવાનું અને વેપારી સંબંધને ફરી જીવંત કરવાનું છે. ૧૨-૧૩ સપ્ટેમ્બરે યોજાનારી બ્રિક્સ બેઠક દરમિયાન જિનપિંગ આ જાહેરાત કરે એવી શક્યતા છે.

### હવે મોહન ભાગવતના

દર્શકોને સંબોધશે.

યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (યુએસસીઆઈઆરએફ)એ એક નિવેદનમાં કહ્યું હતું કે અમે ભાગવતની અમેરિકાની મુલાકાત અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આ પંચે આક્ષેપ કર્યો છે કે આરએસએના પેટાજૂથે ધાર્મિક લઘુમતી પર સતત હિંસક હુમલા કર્યા છે.

પંચના અધ્યક્ષ આસીફ મેહમૂદે કહ્યું હતું કે સંસ્થાએ અમેરિકાની સરકારને ધાર્મિક સ્વતંત્રતાનો ભંગ કરનારા સામે વિઝા રદ કરવા જેવા પ્રતિબંધો મૂકવા જોઈએ.

ભારતે યુએસસીઆઈઆરએફના દાવાને નકારી કાઢ્યો હતો. ભારતે આ સંસ્થાને વિશ્વસનીયતા ન ધરાવતી પક્ષપાતી સંસ્થા ગણાવી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે તાજેતરમાં કહ્યું હતું કે યુએસસીઆઈઆરએફ એક પક્ષપાતી સંસ્થા છે. આ સંસ્થાનો પોતાનો એજન્ડા હોવાથી અને તેની કોઈ શાખ ન હોવાથી આપણે એનાથી દૂર રહેવું જોઈએ. ભારતના બહુવિધ અભિગમના માળખાની વાસ્તવિકતા કે વિવિધ કોમોનું સહઅસ્તિત્વ યુએસસીઆઈઆરએફ સમજી નહીં શકે.

દરમિયાન એક્સે ભાગવતના ઈવેન્ટનું આયોજન કરી રહેલી સંસ્થાનું હેન્ડલ દૂર કર્યું હતું. ‘અમેરિકન હિન્દુસ ફોર એન્ગેજમેન્ટ ઍન્ડ ડાયલોગ ફોરમ’ તેના યુઝર માટે ઉપલબ્ધ નહોતું. સંસ્થાએ કહ્યું હતું કે સસ્પેન્શન ભૂલથી કરવામાં આવ્યું હોવાનું લાગે છે. (એજન્સી)

### ભાગવત ન્યૂ યૉર્કના

એકતા, સંવાદિતા, એકમક પરના રચનાત્મક વિશ્વાસ અને એકમેકની સાંસ્કૃતિક બાબતોને પ્રોત્સાહન આપ્યું છે.

આરએસએસ કે તેનાં કાર્યક્રમને અમે સમર્થન નથી આપતા અને આ કાર્યક્રમ રદ કરવાનું ન્યૂ યૉર્ક શહેરના અધિકારક્ષેત્રમાં છે એવું મને નથી લાગતું એ પ્રકારનું નિવેદન ન્યૂ યૉર્કના મેયર ઝોહરાન મમદાનીએ કર્યાના એક દિવસ બાદ ‘એક્સ’એ આરએસએસના વડા મોહન ભાગવત માટે ન્યૂ યૉર્ક શહેરમાં યોજવામાં આવેલા કાર્યક્રમના આયોજક અમેરિકન હિન્દુઝ ફૉર ઍન્ગેજમેન્ટ ઍન્ડ ડાયલોગ (એએચઈએડી)નું અકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું હતું.

ન્યૂ યૉર્કના મૅડિસન સ્કેવર ગાર્ડન ખાતે ૨૯ ઑગસ્ટે આ કાર્યક્રમ યોજાવાનો છે.

આ કાર્યક્રમમાં મોહન ભાગવત ભારતીય સમુદાયના ૫,૦૦૦ કરતાં પણ વધુ લોકોને સંબોધશે. (એજન્સી)

### અનામત હટાવ

સમાવેશ થતો હતો. આ આંદોલનકારી ભારતના જ્ઞાતિ આધારિત અનામતના માળખામાં સુધારાની અને બધી જ્ઞાતિ માટે સમાન તકની માગણી કરી રહ્યા છે.

આ બેઠક પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા સીજેપીના સંસ્થાપક અને કન્વીનર અભિજિત દીપકેએ પૂછ્યું હતું કે નડ્ડાએ જંતર મંતરમાં ૨૧ ઑગસ્ટે શેનું વિરોધ પ્રદર્શન હતું એ કેમ લખ્યું નહીં. દેશ જાણવા માગે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ વિશે શું વિચારે છે.

એક્સ પર પોસ્ટ મૂકતા નડ્ડાએ લખ્યું હતું કે અગાઉ નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ ક્વોટામાં સુધારા ઈચ્છતા નેતાઓ સાથે બેઠક યોજાઈ. બીજી બેઠક ટૂંક સમયમાં યોજાશે. જોકે નડ્ડાએ કયા આંદોલનકારીને મળ્યા કે તેમની માગણીઓ અને પ્રતિનિધિમંડળને અપાયેલી ખાતરી વિશે કશું કહ્યું નહોતું.

હર્ષ દુબે અને બીજા અનામત સુધારાના હિમાયતીઓ ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રીજેશ પાઠકને લખનઊ મળ્યા હતા. પાઠકે ત્યારે વચન આપ્યું હતું કે તે તેમની માગણીઓ ભાજપની કેન્દ્રીય નેતાગીરી સમક્ષ રજૂ કરશે અને ૪૮ કલાકની અંદર કેન્દ્રીય પ્રધાન સાથે બેઠકો યોજી આપશે. આ ખાતરીના થોડા દિવસો બાદ નડ્ડા અનામત સુધારાવાદી નેતાઓને મળ્યા હતા.

દુબે અને ક્વોટામાં સુધારા ઈચ્છતાં અનુરાધા તિવારી અને અજિત ભારતી જેવા નેતાઓએ ઓનલાઈનમાં અઠવાડિયાઓ પહેલાં હાકલ કરી હતી અને ૨૧ ઑગસ્ટે જંતર મંતરમાં બિનઅનામત કેટેગરીના હજારો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

દેખાવકારોએ જ્ઞાતિ આધારિત અનામત પ્રથાનો અને હવે મનાઈ હુકમ મુકાયેલા યુજીસી સમાનતા નિયમનો વિરોધ કર્યો હતો. અનેક આંદોલનકારીઓ નેતાએ કહ્યું હતું કે અનામતનો લાભ આર્થિક સંજોગોને આધારિત હોવો ઘટે. જનરલ સેના, ચાણક્ય સેના, શ્રી રાજપૂત કરણી સેના જેવાં જૂથોના સભ્યો પણ આ આંદોલનમાં સામેલ થયા હતા. (એજન્સી)

### મરણાંક

હતા અને તેમાંના ૫૩ જણ સલામત હોવાનું કહેવાય છે. ગુજરાતના ૧૮ લોકો નેપાળમાં લાપતા છે.પૂરને લીધે ઉત્તર પ્રદેશના મહારાજગંજની ગંડક નદીમાં ત્રણ મૃતદેહ તણાઇ આવ્યા હતા. ભારત સરકારે પૂરગ્રસ્ત નેપાળને દવા, અનાજ સહિતની વિવિધ સાધનસામગ્રી મોકલી હતી અને બચાવ તેમ જ રાહત કામગીરીમાં દરેક પ્રકારની મદદ કરવાની ઑફર કરી હતી.

નેપાળના ચિતવનમાંથી ૧૦૮, નવલપરાસી પૂર્વમાંથી ૬૨, ધડિંગમાંથી ૨૭, ગોરખામાંથી ૨૦, રસુવામાંથી ૧૭, નવલપરાસી પશ્ચિમમાંથી ૧૫, નુવાકોટમાંથી ૧૨ અને ટાનાહુનમાંથી નવ મૃતદેહ મળ્યા હતા.નેપાળના ૪૪ સૈનિક, ૨૮ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળના ૧૩ જવાન પણ ગુમ થયા છે.નેપાળના વિવિધ જળવિદ્યુત પ્રકલ્પ અને કસ્ટમ્સના અંદાજે ૧૬૦ જણ લાપતા છે.નેપાળ ટૂરિઝમ બૉર્ડે જણાવ્યું હતું કે ૪૭૬ વિદેશી અને ૧૧૪ નેપાળી સહિત ૫૯૦ પર્યટકનો હજી સુધી સંપર્ક નથી થયો.નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇને બચાવ અને રાહત કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી સૂચના આપી હતી.ત્રિશૂળી નદીમાંના પૂરને લીધે પણ ભારે વિનાશ વેરાયો છે. અનેક હિમશિલા સહિતનો હિમપ્રદેશ તૂટી પડવાથી નેપાળ અને તિબેટની સરહદના વિસ્તારોમાં જળપ્રલય આવ્યો છે. મહારાષ્ટ્રના જે ૧૧૪ પર્યટક નેપાળના પૂરમાં ફસાયા છે, તેમાંના ૫૩ જણ સાગા માનસરોવર વિસ્તારમાં સલામત હોવાનું કહેવાય છે. (એજન્સી)

### લિરુંગ હેમક્ષેત્રનો

તૂટી પડી શકે છે અને તેનાથી વિનાશક પૂર આવી શકે છે.

નેપાળમાંના પૂર માટે શરૂઆતમાં ધરતીકંપ કે ચીનમાંની કોઇ ઘટનાને જવાબદાર ગણવામાં આવતી હતી.

નેપાળમાં પૂરની શરૂઆતમાં ભૂકંપ જેવા આંચકા લાગ્યા હતા અને વેરાયેલા વિનાશ માટે તેને જવાબદાર ગણવામાં આવતું હતું, પરંતુ અમેરિકાની ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ સંસ્થા યુએસજીએસ દ્વારા રેકોર્ડની બીજી વખત તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે હિમક્ષેત્ર તૂટવાથી ધરતીકંપ જેવા આંચકા અનુભવાયા હતા.નેપાળ - તિબેટની સરહદ પાસે હિમક્ષેત્રનો મોટો હિસ્સો તૂટીને લગભગ એક કિલોમીટર નીચે ખીણમાં પડ્યો હતો. ઉપગ્રહ દ્વારા લેવાયેલી તસવીરોમાં આ વાતને સમર્થન મળ્યું હતું.હિમપર્વત પર બરફ અને જમીનની વચ્ચે પાણીનો મોટો જથ્થો ભેગો થયો હતો અને તેને લીધે હિમક્ષેત્ર ખસીને નીચે પડતા પૂર આવ્યું હતું. આ પૂરના પાણીને લીધે અનેક નદીની જળસપાટી જોખમી સ્તરથી વધી ગઇ હતી.સ્યાફ્રૂબેસીમાં નદી કિનારાની ઘણી ઇમારતો ભેખડો અને કાદવ હેઠળ દબાઇ ગઇ હતી.બેટ્રાવતી બજારમાં નદીનું કદ ૯૦ મીટરથી વધીને ૪૯૦ મીટર થઇ ગયું હતું. બિદુરમાં પણ આવી જ પરિસ્થિતિ ઊભી થઇ હતી. (એજન્સી)

વડાપ્રધાનના હેન્ડલૂમને પ્રોત્સાહનના એલાનને આપો પ્રતિસાદ

# વસાવો પરંપરાને ઘરમાં, લાવો હાથવણાટની સાડીઓ

DADAR Paaneri
Nagree of Sarees & Bridal Wear

દાદર-પાનેરીનાં વિવિધ સાડીઓના મહોત્સવમાં કલાત્મક સાડીઓ પર ૨૫% તથા ૪૦% વિશેષ છૂટ

સાડી ફક્ત પહેરવેશ નથી. ભારતની જ વાત કરીએ તો સાડીના પ્રત્યેક તારમાં અમુક પ્રદેશની ઓળખ, અમુક કારીગરની વર્ષોની મહેનત અને કોઈક સંસ્કૃતિની સદીઓ જૂની પરંપરા વણાયેલી જોવા મળે છે. દાખલા તરીકે ગુજરાતનું પટોળું હોય, મહારાષ્ટ્રની પૈઠણી હોય અને બનારસની બનારસી હોય, પરંતુ સાડી ત્રણેયની પોતાની આગવી અને અનન્ય ઓળખ છે, પરંતુ તેમને એક સૂત્રમાં બાંધે છે ભારતની અદ્‌ભુત હાથ વણાટની કલા. આજે જ્યારે મશીનથી બનેલા કપડાંની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે આવી હેન્ડલૂમ સાડીઓ આપણને ધીરજ, કૌશલ્ય અને પેઢી દર પેઢી આગળ વધતી કારીગરીનું મહત્ત્વ યાદ અપાવે છે.

હાલમાં ૭ ઑગસ્ટના નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને ભારતીય હેન્ડલૂમની વિવિધતાને ઉજવવા અને હેન્ડલૂમ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. તેમના સંદેશમાં આપણા દેશના વણકર ભાઈ બહેનોની કળા અને ભારતની સાંસ્કૃતિક ધરોહરને સાચવી રાખવામાં હેન્ડલૂમની ભૂમિકાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ભારતના જુદાજુદા પ્રદેશોની હેન્ડલૂમ પરંપરા માત્ર ફેબ્રિક બનાવતી નથી, પરંતુ પ્રત્યેક પ્રદેશની પોતાની અલગ વાર્તા, ઓળખ અને સર્જનાત્મકતાને જીવંત રાખે છે.

## ભારતીય કલાની ઉજવણી પાનેરી સાથે

ભારતીય કારીગરી અને પરંપરાની ઉજવણીને કેન્દ્રમાં રાખીને મુંબઈના સાડી પ્રેમીઓ માટે પાનેરી સાડીઝ પોતાના દાદર શોરૂમમાં લઈને આવ્યું છે ખાસ પટોળા, બનારસી અને પૈઠણી મહોત્સવ. અહીં પસંદગી માત્ર સુંદર સાડીની નથી, પરંતુ ભારતના જુદા-જુદા પ્રદેશોમાંથી આવેલી હેન્ડલૂમ કલાની અનોખી દુનિયામાંથી પોતાની પસંદગી કરવાની છે. વિશેષ મહોત્સવ દરમિયાન પસંદગીની પરંપરાગત સાડીઓ પર ૨૫ ટકા તથા ૪૦ ટકા સુધીની છૂટનો લાભ પણ આપવામાં આવે છે.

## પાનેરી, જ્યાં સાડી સાથે મળે ભારતની કારીગરીની કહાની



મુંબઈમાં ત્રણ દશકથી વધુ સમયથી પાનેરી સાડીઝ પરંપરાગત સાડીઓના વૈવિધ્યસભર સંગ્રહ માટે પોતાની અનન્ય અને આગવી ઓળખ ધરાવે છે. દાદરના શોરૂમમાં પ્રવેશતાં જ સમજાય છે કે અહીં સાડીને માત્ર એક ગાર્મેન્ટ તરીકે જોવામાં આવતી નથી. દરેક ડિઝાઇન પાછળની કારીગરી, પ્રદેશની પરંપરા અને તેની વિશિષ્ટ ઓળખને પણ મહત્ત્વ આપવામાં આવે છે.

પાનેરીનું પટોળા, પૈઠણી અને બનારસી સાડીઓનું કલેક્શન ખાસ ધ્યાન ખેંચે છે. આ ત્રણેય હેન્ડલૂમની પરંપરાઓ ભારતના ટેક્સટાઇલ હેરિટેજના એવા અધ્યાય છે, જે આજે પણ સમય સાથે આગળ વધી રહ્યા છે. પાનેરીએ આ પરંપરાગત સાડીઓના પોતાના વિશિષ્ટ અને વૈવિધ્યસભર સંગ્રહ દ્વારા નોંધપાત્ર અને વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. ખાસ કરીને પૈઠણી અને બનારસી સાડીઓના કલેક્શન માટે પાનેરી વર્લ્ડ રેકોર્ડ વિનિંગ કલેક્શનનો દાવો ધરાવે છે.

આજની યુવતીઓ અને મહિલાઓ માટે પણ હેન્ડલૂમ હવે ફક્ત પરંપરાગત પ્રસંગ પૂરતો સીમિત નથી રહ્યો પરંતુ લગ્ન, સગાઈ, પૂજા, તહેવાર, સંગીત, રિસેપ્શન કે ખાસ ફેમિલી ફંક્શન, દરેક પ્રસંગે હેન્ડલૂમ સાડી પોતાનું અલગ વ્યક્તિત્વ રજૂ કરે છે. કદાચ આ જ કારણ છે કે દાદીના વૉર્ડરોબમાં રહેલી પૈઠણી હોય કે માતાની મનપસંદ બનારસી અથવા ગુજરાતી સ્ત્રીનું ગૌરવ ગણાતું પટોળું, આ સાડીઓની સુંદરતા ક્યારે પણ સમયની સાથે ઓછી થતી નથી.

## પૈઠણી, મહારાષ્ટ્રની શાહી વણાટ પરંપરા

મહારાષ્ટ્રની ઓળખ સાથે જોડાયેલી પૈઠણી સાડી ભારતીય હાથ વણાટની અત્યંત સમૃદ્ધ પરંપરાઓમાંની એક છે. તેની બોર્ડર અને પાલવ પર જોવા મળતા મોર, પોપટ, કમળ અને અન્ય પરંપરાગત મોટિફ્સ માત્ર ડિઝાઇન નથી. તેમાં મહારાષ્ટ્રની કલાત્મક સંવેદના અને કારીગરોના સૂક્ષ્મ હસ્તકૌશલ્યની ઝલક જોવા મળે છે. પૈઠણીમાં મુનિયા બોર્ડર, આસાવલી, કલંજલી, બંગડી મોર જેવી અનેક ડિઝાઈન્સ જોવા મળે છે.

પૈઠણી મહારાષ્ટ્રમાં મહાવસ્ત્ર તરીકે ઓળખાય છે. અને ખાસ કરીને લગ્ન તથા શુભ પ્રસંગોમાં તેનું મહત્ત્વ વિશેષ છે. ઝરીની ચમક, રંગોની ભવ્ય પસંદગી અને પાલવ પરની બારીક કારીગરી તેને સામાન્ય સાડીથી અલગ બનાવે છે. હાથ વણાટની આવી કળામાં ઝડપ કરતાં ધીરજનું મહત્ત્વ વધારે હોય છે. એક એક તાર યોગ્ય રીતે ગોઠવાય, રંગોનું સંતુલન જળવાય અને ડિઝાઇન તેની મૂળ સુંદરતા સાથે ઊભરી આવે, તેમાં કારીગરનો સમય અને અનુભવ બંને જોડાયેલા હોય છે.

પાનેરીમાં પૈઠણી સાડીઓની વિવિધ ડિઝાઇન્સ અને રંગોની પસંદગી મહિલાઓને મહારાષ્ટ્રની આ શાહી હેન્ડલૂમ પરંપરાને પોતાના શણગારમાં સામેલ કરવાની તક આપે છે. પરંપરાગત લુક પસંદ હોય કે થોડો વધુ આધુનિક અંદાજ, પૈઠણીની મૂળ ઓળખ જાળવીને વિવિધ પસંદગીઓ અહીં જોવા મળે છે.

## બનારસી, ઝરીના તારમાં વણાયેલી શાહી પરંપરા



બનારસનું નામ આવે અને ઝરીની ભવ્યતા યાદ ન આવે તે શક્ય જ નથી. બનારસી સાડી ભારતની સૌથી ઓળખાયેલી અને લોકપ્રિય પરંપરાગત સાડીઓમાં સ્થાન ધરાવે છે. તેની સુંદરતા માત્ર ચમકદાર ઝરીમાં નથી, પરંતુ વણાટની જટિલતા અને નાજુક ડિઝાઇનમાં પણ રહેલી છે.

પેઢીઓથી બનારસી સાડી ખાસ કરીને લગ્ન સાથે જોડાયેલી રહી છે. અનેક નવવધૂઓ માટે પોતાના લગ્નના આણાંમાં એક સુંદર બનારસી હોવી એ માત્ર ફેશનની પસંદગી નથી, પરંતુ ભારતીય પરંપરાને પોતાના જીવનના ખાસ પ્રસંગ સાથે જોડવાનો એક ભાવનાત્મક ભાગ છે. તેના ફ્લોરલ મોટિફ્સ, જટિલ પેટર્ન અને ભવ્ય રંગો સાડીને એવું વ્યક્તિત્વ આપે છે કે તે એક પેઢીથી બીજી પેઢી સુધી સાચવી રાખી શકાય.

બનારસીની સૌથી સુંદર વાત કદાચ એ છે કે સમય બદલાય છે, ફેશનના ટ્રેન્ડ બદલાય છે, પરંતુ તેની શાહી અસર ઓછી થતી નથી. આજે પણ એક સુંદર બનારસી સાડી દાદી, માતા અને દીકરી, ત્રણેય પેઢીની પસંદગી બની શકે છે. દાદર - પાનેરીના વિશાળ બનારસી કલેક્શનમાં આ જ કાલાતીત ભારતીય કારીગરીને અલગ અલગ રંગો, ડિઝાઇન્સ અને પ્રસંગોને અનુરૂપ પસંદગી સાથે રજૂ કરવામાં આવી છે.

## પટોળું, ગુજરાતના હાથવણાટનું દુનિયાભરમાં ગૌરવ



ગુજરાતી નારી અને પટોળાના સંબંધને શબ્દોમાં સંપૂર્ણ રીતે વર્ણવવો સરળ નથી. પટોળું માત્ર સાડી નથી, પરંતુ ગુજરાતની ઓળખ સાથે જોડાયેલી એક અસાધારણ હાથવણાટની પરંપરા છે. તેના જીવંત રંગો, જ્યોમેટ્રિક પેટર્ન, મોર, હાથી અને અન્ય પરંપરાગત ડિઝાઇન્સ તેને નજર પડતાં જ અલગ ઓળખ આપે છે.

સિંગલ અને ડબલ ઇક્ટ જેવી વણાટ પદ્ધતિઓ સાથે જોડાયેલી પટોળાની કારીગરી અત્યંત વિશિષ્ટ છે. તેમાં રંગ, તાર અને પેટર્ન વચ્ચેનું ચોક્કસ આયોજન અત્યંત મહત્ત્વનું હોય છે. એક સુંદર પટોળું તૈયાર થાય તેની પાછળ માત્ર ફેશનનો વિચાર નથી, પરંતુ કારીગરના અનુભવ અને પેઢીઓથી મળતી આવતી ટેક્નિકનો વારસો પણ હોય છે.

ગુજરાતી પરિવારમાં શુભ પ્રસંગો સાથે પટોળાનો સંબંધ ખાસ રહ્યો છે. સમય ભલે બદલાયો હોય, નવી પેઢી ભલે વધુ ગ્લોબલ ફેશન અપનાવતી હોય, પરંતુ પરંપરાગત પટોળાની સામેનો આકર્ષણ આજે પણ અકબંધ છે. પાનેરીમાં ઉપલબ્ધ રંગબેરંગી અને વિવિધ ડિઝાઇન્સવાળા પટોળા કલેક્શન દ્વારા ગુજરાતી મહિલાઓ પોતાના વૉર્ડરોબમાં આ અમૂલ્ય ભારતીય હેન્ડલૂમ કળાનો શાહી ઉમેરો કરી શકે છે.

## પાનેરીનો વિશેષ મહોત્સવ, પરંપરાને ઘરે લાવવાનો અવસર

આ વિશેષ પટોળા, બનારસી અને પૈઠણી મહોત્સવમાં પાનેરી ગ્રાહકોને ભારતીય પરંપરાગત સાડીઓના વિશાળ કલેક્શનમાંથી પસંદગી કરવાની તક આપે છે. પસંદગીની સાડીઓ પર ૨૫ ટકા તેમજ ૪૦ ટકા સુધીની છૂટ ઉપલબ્ધ છે. સાડીઓની કિંમત ₹૫,૦૦૦થી શરૂ થઈને ₹૫ લાખ સુધી જાય છે, જેથી વિવિધ બજેટ અને પસંદગી ધરાવતા ગ્રાહકો માટે કલેક્શન ઉપલબ્ધ છે. અન્ય પસંદગીની સાડીઓ પર પણ ૪૦ ટકા સુધીની છૂટનો લાભ મળી શકે છે.

કોઈ વિશેષ લગ્ન માટે સાડી શોધી રહ્યા હોય, દીકરી માટે પરંપરાગત ગિફ્ટ પસંદ કરવી હોય, પોતાના સાડીના કલેક્શનમાં એક શાહી હેન્ડલૂમ ઉમેરવું હોય કે પછી પેઢીઓ સુધી સાચવી શકાય એવી સુંદર સાડી ખરીદવી હોય આ બધા જ માટે પાનેરીનો આ ખાસ મહોત્સવ એક વિશેષ અવસર બની શકે છે.

## એક સાડી, અનેક પેઢીઓની કહાની

ભારતની હેન્ડલૂમ પરંપરાની સૌથી મોટી સુંદરતા એ છે કે તે માત્ર ભૂતકાળની યાદ નથી. તે આજે પણ જીવંત છે. દરેક નવી પેઢી તેને પોતાના અંદાજમાં પહેરે છે અને પોતાની રીતે આગળ લઈ જાય છે. દાદીમાની પસંદગીની પૈઠણી આજે પૌત્રી માટે ફેશન સ્ટેટમેન્ટ બની શકે છે. માતાની બનારસી દીકરીના લગ્નનો ખાસ ભાગ બની શકે છે. ગુજરાતી પરિવારનું પટોળું એક પેઢીથી બીજી પેઢી સુધી ભાવનાત્મક વારસા તરીકે આગળ વધી શકે છે.

અને કદાચ એટલે જ હેન્ડલૂમ ક્યારેય જૂનું થતું નથી. તેમાં સમયની બહાર ઊભી રહેનારી કળા છે. હાથનો સ્પર્શ છે. કારીગરની ધીરજ છે. પ્રદેશની ઓળખ છે. અને સૌથી મહત્ત્વની વાત, તેમાં ભારત છે.

પાનેરીના દાદર ખાતેનાં શોરૂમમાં યોજાતો આ વિશેષ પટોળા, બનારસી અને પૈઠણી મહોત્સવ તેથી ફક્ત ડિસ્કાઉન્ટ સેલ નથી. તે ભારતીય હાથવણાટની ત્રણ અનોખી પરંપરાઓને નજીકથી અનુભવવાનો અને પોતાના વૉર્ડરોબમાં ભારતની ધરોહરનો એક સુંદર અંશ સામેલ કરવાનો શુભ અવસર છે.

DADAR Paaneri
Nagree of Sarees & Bridal Wear
NAGREE OF SAREES, CHUDIDAR'S, DRESS MATERIALS & MEN'S WEAR
372, N. C. KELKAR RD., DADAR (W), MUMBAI - 28. INDIA
Contact: 9004669934 ■ TEL. : (91-22) 4500 0902 / 03
■ www.paaneriindia.com


# અખાતી યુદ્ધનું બહાનું બતાવી વિદ્યાર્થીઓને છત્રી આપવાનું ટાળ્યું

### કોન્ટ્રાક્ટર સામે પાલિકા લાલઘૂમ

મુંબઈઃ જૂન મહિનામાં શાળા શરૂ થઈ હોવા છતાં, હજુ સુધી મુંબઈ મહાનગરપાલિકાની શાળાઓમાં અનેક શૈક્ષણિક સામગ્રી વિદ્યાર્થીઓને મળી નથી. ચોમાસું શરૂ થઈને પૂરું થવા આવ્યું તો પણ વિદ્યાર્થીઓને છત્રી આપવામાં આવી નથી. આના પર અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિને કારણે છત્રીઓ પૂરી પાડવામાં મોડું થયું એવો અજીબોગરીબ જવાબ કોન્ટ્રાક્ટરે આપતાં હવે પાલિકા આ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરશે, એવું શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજશ્રી શિરવાડકરે સ્પષ્ટ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય યુદ્ધ અને વિદ્યાર્થીઓને આપવાની છત્રીઓ વચ્ચે શું સંબંધ છે?'' એવો સવાલ કરીને વિપક્ષે જવાબ માંગ્યો હતો. છત્રીઓની સાથે જ મુંબઈ મહાનગરપાલિકાના વિદ્યાર્થીઓને શાળા શરૂ થયાને ચાર મહિના થવા આવ્યા હોવા છતાં શૈક્ષણિક સામગ્રીની ૨૭ વસ્તુઓ મળી નથી. શિક્ષણ સમિતિમાં પૂછાયેલા પ્રશ્નો પર વહીવટીતંત્રે અખાતી યુદ્ધને કારણે છત્રીઓ પૂરી પાડી શકાય નથી એવો આપેલા અજીબોગરીબ ખુલાસા પર વિરોધપક્ષે સખત ટીકા કરી હતી. શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજશ્રી શિરવાડકરે સ્પષ્ટતા કરી હતી કે નગરપાલિકા આવો જવાબ આપનાર કોન્ટ્રાક્ટર અને વસ્તુઓ પૂરી પાડવામાં વિલંબ કરનાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરશે. ■

# વિધાનસભ્યો અને વાલીપ્રધાનો સ્કૂલ રિપેરિંગની તકેદારી રાખે

મુંબઈઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના કન્વીનર અભિજિત દીપકેની સરકારી અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓની મુલાકાતને પગલે અણઘડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણની નબળી ગુણવત્તા ધ્યાનમાં આવી હોવાથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હસ્તક્ષેપ કરવાની ફરજ પડી છે. તાજેતરની પ્રધાનમંડળ બેઠકમાં આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવતા ઘણા પ્રધાનોએ ફરિયાદ કરી હતી કે રિપેરિંગ માટે પૂરતું ભંડોળ નથી મળતું. જોકે, શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ જણાવ્યું હતું કે બહુ ઓછી શાળાઓ ખરાબ હાલતમાં છે જેના પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.ત્યારબાદ ફડણવીસે નિર્દેશ આપ્યો હતો કે સંબંધિત જિલ્લાઓના વાલીપ્રધાનો અને સ્થાનિક વિધાનસભ્યોએ રિપેરિંગ કામનું નિરીક્ષણ કરવું જોઈએ અને ગુણવત્તા અંગે તકેદારી રાખવી જોઈએ. ■

# મહારાષ્ટ્રમાં તુળજાભવાની મંદિર માટે સુરક્ષા વ્યવસ્થા

ધારાશિવઃ તહેવારોની મોસમ શરૂ થતા પહેલા મહારાષ્ટ્ર સુરક્ષા દળ (એમએસએફ)ના ૧૧૬ કર્મચારીઓને તહેનાત કરીને તુળજાપુરના પ્રખ્યાત તુળજાભવાની મંદિરમાં સુરક્ષા મજબૂત બનાવવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ધારાશિવ જિલ્લાના આ મંદિરમાં દર વર્ષે લાખો દર્શનાર્થીઓ આવે છે.

બુધવારે મંદિર ટ્રસ્ટ દ્વારા જારી કરાયેલા એક પ્રકાશનમાં જણાવાયું છે કે સુરક્ષા જાળવવા સરકારી સુરક્ષા એજન્સી એમએસએફના ૧૧૬ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. આ ટીમમાં છ અધિકારી છે જેમાં એક ઇન્સ્પેક્ટર અને ચાર પોલીસ સબ-ઇન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે. મંગળવારે સુરક્ષા ટીમે તુળજાપુર શહેરમાં વિસ્તારની ચકાસણીનું આયોજન કર્યું હતું.

વરિષ્ઠ અધિકારીઓએ ટીમને પોલીસ અને મંદિર વહીવટીતંત્ર સાથે ગાઢ સંકલન, ધાર્મિક પ્રથા, વીઆઈપી મુલાકાતો, સુરક્ષા વ્યવસ્થા અને તહેવારો અને લાગલગાટ આવતી રજાઓ દરમિયાન ભક્તોના ભારે ધસારાને સંભાળવાના ભૂતકાળના અનુભવો વિશે માહિતી આપી હતી. (પીટીઆઈ)■

### આગ લાગ્યા પછી કૂવો ખોદવાનો

# વિદ્યાર્થીના મૃત્યુ બાદ પાલઘર સ્કૂલમાં આરોગ્ય ચકાસણી અભિયાન

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘરમાં એક નિવાસી શાળાના ૭ વર્ષના વિદ્યાર્થીના મૃત્યુના થોડા દિવસ બાદ અધિકારીઓએ વિદ્યાર્થીઓની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે આરોગ્ય તપાસ અભિયાન શરૂ કર્યું અને સ્વચ્છતા અને અન્ય વ્યવસ્થાઓની સમીક્ષા કરી એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઘટના બાદ શાળાના ૩૦ વિદ્યાર્થીઓમાં શરદી, ઉધરસ અને તાવના લક્ષણો જોવા મળતા જિલ્લાની વિવિધ હૉસ્પિટલોમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા એમ તેમણે જણાવ્યું હતું.

માસવણની આશ્રમ શાળામાં પહેલા ધોરણના વિદ્યાર્થીને ૨૨ ઓગસ્ટે ખૂબ તાવ આવતા તેને સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, સોમવારે તાવ ફરી આવતા તેને મનોરની ગ્રામીણ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો એમ એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું.

સ્કૂલ સુપરિન્ટેન્ડન્ટને ફરજમાં ઘોર બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ સંસ્થાના રસોડાની તપાસ કરી પ્રયોગશાળા વિશ્લેષણ માટે કરિયાણાની વસ્તુઓ એકત્રિત કરી હતી.

અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું કે વિદ્યાર્થીના મૃત્યુની વિગતવાર તપાસ કરવા, જવાબદારી નક્કી કરવા અને નિવારક પગલાંની ભલામણ કરવા વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) બનાવવામાં આવી છે.

બુધવારે પાલઘર જિલ્લા પરિષદના આરોગ્ય વિભાગે કુલ ૪૪૯ વિદ્યાર્થીઓમાંથી ૩૯૫ વિદ્યાર્થીઓ રહે છે એ શાળામાં એક વ્યાપક સ્વાસ્થ્ય ચકાસણી શરૂ કરી સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા અને તબીબી પ્રતિભાવ પ્રોટોકોલની સમીક્ષા કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે તબીબી ટીમોએ પરિસરમાંથી વિદ્યાર્થીઓના રક્ત, સીરમ, ગળાના સ્વેબ અને પાણીના નમૂના એકત્રિત કર્યા હતા અને ચેપના સ્રોતની ખાતરી કરવા પરીક્ષણ માટે મોકલ્યા હતા. શાળાના અન્ય વિદ્યાર્થીઓ સ્વસ્થ અને ખતરાથી બહાર હોવાનું તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# બે મહિનામાં કાંદા ૨૦થી ૬૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યા

### વાવેતર અને ઉત્પાદન વધ્યું છતાં અછત રહેશે

નાશિકઃ ભારે વરસાદ, તાપમાનમાં ઉતાર-ચડાવ અને સપ્લાય ચેઈનમાં સર્જાયેલી ખામીને કારણે બે મહિનામાં કાંદાના ભાવ સરેરાશ ૨૦ રૂ.થી વધીને ૬૦ રૂ. કિલો સુધી પહોંચી ગયા છે. સરકારી એજન્સીઓ પણ કાંદાની ખરીદીનું લક્ષ્યાંક હાંસલ કરવામાં નિષ્ફળ રહી હોવાથી, આ વર્ષે ઉત્પાદન વધવા છતાં બજારમાં અછત સર્જાઈ છે. ચોમાસુ પાકના કાંદા બજારમાં ન આવે ત્યાં સુધી, એટલે કે હજુ પણ અઢીથી ત્રણ મહિના સુધી ગ્રાહકોએ મોંઘા ભાવે જ કાંદા ખરીદવા પડશે.

આ વર્ષે બાંગ્લાદેશમાં કાંદાની નિકાસ થઈ શકી નથી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે પણ નિકાસમાં અડચણો આવી હતી. આના લીધે દેશમાં પૂરતા કાંદા ઉપલબ્ધ હોવા છતાં અછત સર્જાઈ છે, જેથી સંગ્રહખોરી થઈ હોવાની શંકા મજબૂત બની છે. માર્ચ-એપ્રિલ મહિનામાં સરેરાશ ૮૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે વેચાતા કાંદાના ભાવ માત્ર ત્રણ જ મહિનામાં સાડા ચાર હજાર રૂપિયા સુધી પહોંચી ગયા છે.

માર્ચ-એપ્રિલમાં કાંદાના ભાવ ઘટી જતાં કેન્દ્ર સરકારે નાફેડ અને એનસીસીએફ મારફતે બે લાખ ટન કાંદા ખરીદવાનો નિર્ણય લીધો હતો. આ માટે ખરીદીના ભાવમાં સમયાંતરે વધારો કરીને ૧૨ રૂપિયાથી ૨૧ રૂપિયા સુધી દર વધારવામાં આવ્યા હતા. જોકે, જૂન મહિનાથી કાંદાના ભાવ વધવા લાગતાં આ સંસ્થાઓ માત્ર ૧.૨૧ લાખ ટન કાંદા જ ખરીદી શકી.

ખરીદવામાં આવેલા કાંદામાંથી કેટલાક બગડી ગયા, તેના આંકડા ઉપલબ્ધ નથી.

હાલમાં નાફેડ પાસે ૫૫ હજાર ટનથી ઓછો અને 'એનસીસીએફ' પાસે આશરે ૬૨ હજાર ટન કાંદાનો બફર સ્ટોક છે. આ કાંદા બજારમાં લાવીને ગ્રાહકોને રાહત આપવાનો સરકારનો પ્રયાસ છે. ■

# સંભાજી નગરના 'સુસાઇડ પોઇન્ટ' પર રક્ષણાત્મક દીવાલ ઊભી કરવાની માગણી

છત્રપતિ સંભાજી નગરઃ ગયા અઠવાડિયે એક પરિવારના ત્રણ સભ્ય પડી જવાથી મૃત્યુ પામ્યા હતા એ છત્રપતિ સંભાજી નગરની ટેકરીના ખડક પર સુરક્ષા દીવાલ બનાવવાની માગણી છત્રપતિ સંભાજી નગર જિલ્લા પરિષદના નાણાકીય સમિતિના અધ્યક્ષ સચિન ગરાડેએ કરી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં એ સ્થળેથી ઘણા લોકોએ આત્મહત્યા કરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

છત્રપતિ સંભાજી નગરના તીસગાંવ વિસ્તારમાં ૨૧ ઑગસ્ટે બપોરે બનેલી કરુણ ઘટનામાં પરિવારના ત્રણ સભ્ય - મુરલીધર ચાંદગુડે (૪૮), તેમની પત્ની સંગીતા અને તેમના ૧૯ વર્ષીય પુત્ર કુણાલનું ઘરેલુ ઝઘડાને કારણે ખાવડ્યા ટેકરી પરથી પડી જવાથી મૃત્યુ થયું હતું.

આ સ્થળ ખાવડ્યા ડોંગર તરીકે પણ ઓળખાય છે.

ગરાડે વધુમાં જણાવ્યું હતું કે 'છેલ્લા ચાર વર્ષમાં ખાવડ્યા ટેકરી પરથી ૧૨ - ૧૩ જણે આત્મહત્યા કરી છે. તાજેતરમાં અહીં એક કમનસીબ ઘટનામાં એક પરિવારના ત્રણ સભ્યનું મૃત્યુ થયું હતું.

વહીવટીતંત્રના પ્રતિનિધિઓ અને અન્ય લોકો યુવકને સમજાવી રહ્યા હતા ત્યારે આ દુઃખદ ઘટના બની હતી.

વર્ષોથી આ સ્થળ આત્મહત્યાનું કેન્દ્ર (સુસાઇડ પોઇન્ટ) બની ગયું હોવાનો ઉલ્લેખ કરી તેમણે એમ પણ જણાવ્યું હતું કે 'હું જિલ્લા કલેક્ટરને પત્ર લખીને ભેખડ પર ઊંચી રક્ષણાત્મક દીવાલ બનાવવાની માગ કરી રહ્યો છું. સુરક્ષા માટે ફક્ત સ્ટાફ તહેનાત કરવો પૂરતો નથી.

ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે હું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્ય સરકાર સમક્ષ આ મુદ્દો ઉઠાવીશ.' (પીટીઆઈ)■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એફડીએના ચકાસણી અભિયાનને પગલે પુણેમાં રેસ્ટોરાંમાં ભોજન કરનારાઓની સંખ્યામાં ૨૦%નો ઘટાડો

પુણેઃ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની તાજેતરની કાર્યવાહી બાદ રેસ્ટોરાંની ચકાસણીમાં વધારો થતાં કેટલાક વિસ્તારમાં રેસ્ટોરાંમાં પરિવાર સાથે જમવા જતા લોકોની સંખ્યામાં ૧૮થી ૨૦ ટકાનો ઘટાડો થયો હોવાની જાણકારી હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી દ્વારા આપવામાં આવી છે.

હોટેલ અને રેસ્ટોરન્ટ્સના એક અગ્રણી સંગઠનના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે ‘એફડીએની કાર્યવાહી પછી રેસ્ટોરાં માટે આકર્ષણ ઘટ્યું છે અને વેચાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે’ કેટલાક તેમના અગાઉના વ્યવસાયનો ૩૦% બિઝનેસ ફરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ગ્રાહકોમાં અવિશ્વાસ વધવાથી બહાર જમવાની ઈચ્છામાં ઘટાડો થયો છે. રેસ્ટોરાં માલિકોને ગ્રાહકો તરફથી ખતરો નિર્માણ થયો છે.’

રેસ્ટોરાંમાં રસોડાની તપાસ કરવા સામગ્રી માટે ઇન્વોઇસ ચકાસવા અને સ્વચ્છતા અથવા ખોરાકની ગુણવત્તામાં ખામીઓ અંગે વીડિયો રેકોર્ડ કરવા માગતા ભોજન કરનારાઓની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે.

હોસ્પિટાલિટી ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે ખાદ્ય સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાથી ગ્રાહકોના વર્તનમાં ફેરફાર થયો છે. જમવા આવતા કેટલાક લોકો સર્વિસના નાના મુદ્દાઓ અથવા સ્વાદમાં ફેરફારને સંભવિત ઉલ્લંઘનના સંકેત ગણી રહ્યા છે.

બિલ અંગેના વિવાદો દરમિયાન પણ આવી ફરિયાદોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં સૂત્રોએ જણાવ્યું હતું કે, કેટલીકવાર કોઈ ગ્રાહકને ૧,૦૦૦ રૂપિયાનું બિલ મળ્યા પછી કોઈ વાનગી બરાબર નહોતી એવી દલીલ કરી ડિસ્કાઉન્ટ માંગે છે. જો વાનગી સંપૂર્ણપણે ખવાઈ ગઈ હોય તો અમે ડિસ્કાઉન્ટ નથી આપતા. ત્યારે તેઓ ફરિયાદ કરવાની અને સ્ટાફ અથવા રેસ્ટોરાંનું રેકોર્ડિંગ કરવાની વાત કરે છે.

# ગણેશોત્સવ માટે સરકાર સજ્જ, નિયમોના પાલન પર મુકાશે ભાર

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા દસ દિવસ ધૂમધામથી ઉજવાતા ગણેશોત્સવને શાંતિપૂર્ણ અને સુચારૂ રીતે ઉજવવા માટે રાજ્ય સરકારે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે બોમ્બે હાઈ કોર્ટ દ્વારા નક્કી કરાયેલા નિયમોનું કડક પાલન કરાવવામાં આવશે. તેમણે પોલીસને ફટાકડા અને લાઉડસ્પીકરના નિયમોના ઉલ્લંઘન પર ખાસ નજર રાખવા તથા નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. સહ્યાદ્રી અતિથિગૃહ ખાતે ગણેશોત્સવ ૨૦૨૬ માટે કાયદો અને વ્યવસ્થાની તૈયારીઓ અંગે યોજાયેલી બેઠકમાં મુખ્ય પ્રધાને ગણેશ મંડળોને ખાસ કરીને મોટી મૂર્તિઓની શોભાયાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની ફરી ચકાસણી કરવા અપીલ કરી હતી. જરૂરી પરવાનગીઓ ઝડપથી મળે અને મંડળોની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ આવે તે માટે અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે. મુખ્ય પ્રધાને કહ્યું કે સરકારનો પ્રયાસ ગણેશોત્સવ પરંપરાગત અને પર્યાવરણને અનુકૂળ રીતે ઉજવવાનો છે.

ગણેશ મૂર્તિઓના આગમન અને વિસર્જન માટે ઉપયોગમાં લેવાતા રસ્તાઓની સ્થિતિ સારી રાખવા તંત્રને ખાસ સૂચના આપવામાં આવી છે. રસ્તાઓ પર ખાડા ન રહે અને રાત્રિના સમયે પૂરતી લાઈટિંગની વ્યવસ્થા હોય તેની ખાતરી કરવા જણાવાયું છે. મુખ્ય પ્રધાને કહ્યું કે મુંબઈમાં મોટા પાયે ઉજવાતો ગણેશોત્સવ સામાજિક એકતા અને જનજાગૃતિની પરંપરાને આગળ ધપાવે છે, જેને જાળવી રાખવાની જવાબદારી સૌની છે.

ગણેશ મંડળો દ્વારા વિતરણ કરવામાં આવતા પ્રસાદની શુદ્ધતા અને સલામતી પર પણ આ વર્ષે સરકારનું ખાસ ધ્યાન છે. મુખ્ય પ્રધાન ફડણવીસે મંડળોને ખાદ્ય અને ઔષધિ પ્રશાસનના નિયમોનું પાલન કરવા અને ભક્તોને શુદ્ધ તથા ભેળસેળમુક્ત પ્રસાદ મળે તેની ખાતરી કરવા જણાવ્યું છે. પ્રસાદની તૈયારી અને વિતરણ માટે કાર્યકર્તાઓએ જરૂરી માર્ગદર્શન અને તાલીમ મેળવવી જોઈએ તેવી પણ અપીલ કરવામાં આવી છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે ગણેશોત્સવ શાંતિ, શિસ્ત અને સામાજિક સૌહાર્દ સાથે ઉજવાય તે માટે તમામ સરકારી વિભાગો, મહાનગરપાલિકા, પોલીસ અને ગણેશ મંડળોએ સંકલનથી કામ કરવું પડશે. તેમણે જણાવ્યું કે મુંબઈમાં આશરે ૧,૮૫૦ કિલોમીટર રસ્તાઓનું કોંક્રીટીકરણ કરવામાં આવ્યું છે અને ગણેશ મૂર્તિઓના આગમન તથા વિસર્જનના માર્ગો પર ખાડા ન રહે તેની ખાતરી કરવા મહાનગરપાલિકા તંત્રને સૂચના આપવામાં આવી છે. શિંદેએ જણાવ્યું કે ગણેશ મંડળોને પાંચ વર્ષ માટે પરવાનગી આપવાની દિશામાં પણ પગલાં લેવામાં આવ્યા છે.

# પ્રધાને પુણેમાં આદિવાસી વિદ્યાર્થીઓને આંદોલન સમાપ્ત કરવા વિનંતી કરી, તેમની ચિંતાઓનું નિરાકરણ કરવાની ખાતરી આપી

મુંબઈઃ મહારાષ્ટ્રના આદિજાતિ વિકાસ પ્રધાન અશોક ઉઈકેએ ગુરુવારે પુણેમાં વિરોધ કરી રહેલા આદિવાસી વિદ્યાર્થીઓને તેમનું આંદોલન પાછું ખેંચવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સરકાર તેમની સમસ્યાઓના નિરાકરણ માટે પ્રતિબદ્ધ છે; દરમિયાન, વિદ્યાર્થીઓના એક જૂથની ભૂખ હડતાળ ૧૫મા દિવસમાં પ્રવેશી હતી. શિક્ષણ અને આઈટી ક્ષેત્રનું કેન્દ્ર ગણાતા પુણેમાં બુધવારે મોડી રાત્રે ઉઈકેએ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને બાદમાં જણાવ્યું હતું કે તેમની મોટાભાગની માગણીઓ સ્વીકારી લેવામાં આવશે. તેમણે વિદ્યાર્થીઓને વિરોધ પક્ષોના ‘‘જાળ’’માં ન ફસાવાની વિનંતી કરી. સરકારે વિદ્યાર્થીઓને ખાતરી આપી છે કે વિવિધ શહેરોમાંથી આવતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે યોગ્ય રહેઠાણની તેમની માગને પૂરી કરવા માટે સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીના પરિસરમાં એક છાત્રાલયનું નિર્માણ કરવામાં આવશે. જાતિની માન્યતાના મુદ્દે ઉઇકેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી માન્યતા પ્રમાણપત્ર રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી કોલેજો અને યુનિવર્સિટીઓએ સ્નાતક કે અભ્યાસક્રમ પૂર્ણ કર્યાના પ્રમાણપત્રો જારી કરવા જોઈએ નહીં. તેમણે કહ્યું કે જાતિ પ્રમાણપત્રની માન્યતા અંગેના દસ્તાવેજ વિના વિદ્યાર્થીઓને ટ્રાન્સફર સર્ટિફિકેટ આપવામાં આવશે નહીં, તેમણે ઉમેર્યું કે આ અંગે તમામ સંબંધિત વિભાગોને લેખિત આદેશો જારી કરવામાં આવ્યા છે. પ્રધાને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ માગ કરી છે કે ‘ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર’ વ્યવસ્થા રદ કરવામાં આવે અને તેના સ્થાને સ્થાનિક સ્તરે ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા દાખલ કરવામાં આવે. પરંતુ તેના પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી શકાય તેમ નથી. અમે પુણેમાં રહેતા બાળકો સાથે આ અંગે ચર્ચા કરી હતી અને તેઓ અમને થોડો સમય આપવા માટે સંમત થયા હતા, એમ તેમણે કહ્યું. મોડી રાત્રે યોજાયેલી બેઠક આંદોલનનો અંત લાવવામાં નિષ્ફળ રહી; વિદ્યાર્થીઓ લેખિત આદેશની માગ પર અડગ રહ્યા, જ્યારે સરકારે તેમની માગણીઓનું નિરાકરણ લાવવા માટે વધુ બે દિવસનો સમય માગ્યો હતો.

# ઓટો રિક્ષા ડ્રાઈવરોને એમએનએસની ધમકી, મરાઠી શીખો અથવા મુંબઈ છોડી દો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકો માટે મરાઠી ભાષા ફરજિયાત બનાવવામાં આવી છે અને તેની સામે કેટલાક વિરોધ પ્રદર્શન થયા હતા ત્યાર બાદ મનસેનું નિવેદન આવ્યું છે. આ વખતે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ મુંબઈના કાંદિવલી વિસ્તારમાં બોર્ડ લગાવ્યા છે. આ ચેતવણી બોર્ડ છે, જેમાં લખ્યું છે કે ભાષાના નિયમને લઈને મુસાફરોને હેરાનગતિ કે મજબૂરી ભોગવવી પડશે તો પાર્ટી ચૂપ રહેશે નહીં. પાર્ટીના એક પદાધિકારીએ રાજ્યસરકારના આ નિયમનું સમર્થન કરતા કહ્યું કે જે ઓટો-રિક્ષા ચાલકોને મરાઠી શીખવામાં કે બોલવામાં તકલીફ પડે છે તેઓ મહારાષ્ટ્ર છોડીને જઈ શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બિનમરાઠી રિક્ષાચાલકોને મરાઠી શીખવા માટે એક વર્ષનો મુદતવધારો આપ્યો છે.

રાજ ઠાકરેની પાર્ટી મનસેની આ ટિપ્પણી કાંદિવલીમાં ચાર ઓટો-રિક્ષા ચાલકો દ્વારા એક મરાઠી ભાષા બોલતા ડ્રાઈવર સાથે કથિત મારપીટના એક દિવસ બાદ આવી છે. તે ડ્રાઈવરે ભાષા સબંધી નિયમના વિરોધમાં સામેલ થવાની મનાઈ ફરમાવી દીધી હતી.

**કાંદિવલીમાં ઘણી જગ્યાએ લાગ્યા બોર્ડ**

કાંદિવલીની ઘટના બાદ સ્થાનિક સ્તરે પર મરાઠી ભાષાના લોકો અને ઉત્તર ભારતથી આવેલા ડ્રાઈવરો વચ્ચે તણાવની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ હતી. મહાનગરના ચારકોપ વિધાનસભા વિસ્તાર મનસેના પદાધિકારી દિનેશ સાળવીએ કહ્યું કે પાર્ટીએ કાંદિવલીમાં ઘણી જગ્યાઓએ બોર્ડ લગાવ્યા છે. સાળવીએ કહ્યું કે જો ઓટો-રિક્ષા ડ્રાઈવરોને મરાઠી ભાષા બોલવામાં તકલીફ છે તો તેઓ મહારાષ્ટ્ર છોડીને પોતાનાં રાજ્યોમાં પરત ફરી શકે છે.

**મનસે ચૂપ નહીં બેસે**

સોમવારે મોટી સંખ્યામાં ઓટો રિક્ષા ડ્રાઈવરો મરાઠીઓને કામકાજની ભાષા બનાવવાના સરકારી અભિયાનના વિરોધમાં એમજી રોડ પર એકત્ર થયા હતા. આંદોલનકારીઓ અન્ય ઓટો-રિક્ષા ડ્રાઇવરોને પણ કહી રહ્યા હતા કે તેઓ પોતાનાં વાહનો ન ચલાવે. સાલવીએ ચેતવણી આપી કે જો મુંબઈના લોકોને મજબૂર કરવામાં આવશે તો મનસે ચૂપ બેસશે નહીં.

# પાલઘરમાં ટેન્કરમાંથી ઢોળાયેલાં કેમિકલના સંપર્કમાં આવતા ત્રણ હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લામાં ગુરુવારે સવારના ટેન્કરમાંથી રસ્તા પર ઢોળાયેલાં જોખમી કેમિકલના સંપર્કમાં આવનારા ત્રણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વાડા તાલુકાના ખુપરી ગામમાં આ દુર્ઘટના બની હતી અને જખમી થયેલા ત્રણેની હાલત સ્થિર છે. વાડા પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર નાગેશ કદમે જણાવ્યું હતું કે સવારના નજીક આવેલી કંપનીથી કેમિકલ ભરીને નીકળેલું ટેન્કર રસ્તા પર પૂરઝડપે દોડી રહ્યું હતું ત્યારે રસ્તા પર બમ્પ આવતા ટેન્કર ઉછળ્યું હતો અને તેમાંથી કેમિકલ બહાર રસ્તા પર ઢોળાયું હતું અને તેનાથી સ્ફોટ થયો હતો. કેમિકલ સ્ફોટ થવાથી ત્રણે લોકોએ ગૂંગણામણ, શ્વાસ લેવામાં તકલીફ અને આંખમાં બળતરા થવાથી ફરિયાદ કરી હતી. તેથી તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા પોલીસની સાથે જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. રસ્તા પર પડેલાં કેમિકલ પર માટી નાખવામાં આવી હતી અને રસ્તાને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. એપીઆઈએ એવી માહિતી આપી હતી કે તાકીદની સ્થિતિને ધ્યાનમાં લેતાં ઢોળાયેલા કેમિકલની ઉપર રેતી નાખીને જોખમને ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને ટેન્કરને સાવચેતીથી રસ્તાથી દૂર લઈ જવામાં આવ્યું હતું, જેથી ટ્રાફિક ફરી ચાલુ કરી શકાય. મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ મંડળના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈને જોખમની જાણકારી લીધી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## મરાઠી શીખવા

ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકોનાં સંગઠનોના પ્રતિનિધિઓએ તેમની મુલાકાત લીધી હતી. તેમણે ઉમેર્યું કે ચાલકોએ પાયાની મરાઠી ભાષા શીખવાના નિયમને સંપૂર્ણ સમર્થન આપ્યું છે અને તેઓ શીખવા માટે પણ તૈયાર છે. જો કે, પ્રતિનિધિઓએ એ બાબત તરફ ધ્યાન દોર્યું હતું કે ડ્રાઇવરો અલગ-અલગ વયજૂથના છે અને તેમાંથી ઘણાએ વર્ષો પહેલાં ઔપચારિક શિક્ષણ છોડી દીધું હતું, જેના કારણે ટૂંકા ગાળામાં મરાઠી શીખવું તેમના માટે મુશ્કેલ છે. તેથી તેમણે એક વર્ષનો સમય આપવાની વિનંતી કરી હતી જે સરકારે સ્વીકારી લીધી છે અને તેમને એક વર્ષનો સમય આપ્યો છે. આ સમયગાળા દરમિયાન કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, એમ ફડણવીસે કહ્યું હતું.

## નોકરી પરથી

હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ અને અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ડૉક્ટર સાથે વાત કરીને તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેને નીચે આવવા વિનંતી કરી હતી. જોકે ડૉક્ટરે ફાંસી લગાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી પરિસ્થિતિ વધુ ગંભીર બની ગઇ હતી.

ડૉક્ટરે ફાંસી લગાવવાનો પ્રયાસ કર્યા બાદ પોલીસ અને અગ્નિશમન દળના જવાનોએ એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના બચાવ કામગીરી હાથ ધરી હતી. તેઓ ખૂબ કાળજી સાથે ટાવર પર ચડી ગયા હતા અને ડૉક્ટરને નીચે ઉતાર્યો હતો.

દરમિયાન ડૉક્ટરને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેને તાત્કાલિક સીપીઆર આપવાનું શરૂ કરાયું. આ સમયસરના પ્રયાસોથી ડૉક્ટરનો જીવ બચી ગયો હતો. બાદમાં તેને સારવાર માટે હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. પોલીસ તેની સ્થિતિ અને આ ઘટના પાછળના ચોક્કસ સંજોગોની વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

## રાજ્ય સરકાર

કારણ કે કેટલાક પ્રવાસીઓ માનસરોવરના દર્શન માટે ગયા હતા અને હવે પૂરને કારણે તેમના નિયમિત પાછા ફરવાના માર્ગ પર અસર પડી રહી છે. અમે તેમને ત્યાંથી કેવી રીતે પાછા લાવવા તે અંગે કામ કરી રહ્યા છીએ. અમે કેન્દ્ર સરકાર સાથે પણ આ વિશે વાત કરી છે,‘‘ એમ પણ ફડણવીસે કહ્યું હતું. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર સતર્ક છે, અને મહાજને નેપાળમાં ફસાયેલા લોકોના સંબંધીઓને રાજ્ય સરકારનો સંપર્ક કરવા અપીલ કરી છે, જે જરૂરી સહાય પૂરી પાડશે.

‘‘રાજ્ય પાસે ત્યાં કેટલા લોકો ફસાયેલા છે તેનો કોઈ ચોક્કસ આંકડો નથી,’’ એમ પણ ફડણવીસે કહ્યું હતું.

### ...તો પુણેના વિકાસ પર અસર પડશે

ભોર તાલુકાના ભોંગવલી હાઈ વોલ્ટેજ સબ-સ્ટેશન અને ટાવર લાઈનનો સ્થાનિકોએ વિરોધ કર્યો છે. તેના પર પણ મુખ્ય પ્રધાને પ્રતિક્રિયા આપી હતી. કેન્દ્ર સરકારની મદદથી ટ્રાન્સમિશન લાઈન નાખવામાં આવી રહી છે. તેનો કેટલોક ભાગ ભોરમાંથી પસાર થવાનો છે. જોકે, અનેક પ્રોજેક્ટ્સ માટે પહેલાથી જ અમારી જમીનો જતી રહી છે અને આ પ્રોજેક્ટ માટે વધુ જમીન જશે, એવું સ્થાનિકો અને ત્યાંની સમિતિનું કહેવું છે.

ટ્રાન્સમિશનનું ૪૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. અમે સ્થાનિકોને સમજાવ્યા છે. પુણેમાં વીજળીની માગ વધી રહી છે. જો સબ-સ્ટેશન તૈયાર નહીં કરવામાં આવે તો પુણેને વીજળી ઓછી પડશે. માત્ર ભોર જ નહીં પરંતુ પુણેના અન્ય તાલુકાઓમાં પણ આપણે સબ-સ્ટેશન તૈયાર કરી રહ્યા છીએ તે તેમને બતાવ્યું છે. અમારા અધિકારીઓ તેમની સાથે ચર્ચા કરી રહ્યા છે અને માર્ગ કાઢવામાં આવી રહ્યો છે. અમે તેમને અપીલ પણ કરી છે. જો કોરિડોરનો વિરોધ કરવામાં આવશે તો પુણેના વિકાસ પર અસર પડશે, એવું તેમને જણાવ્યું હોવાની માહિતી મુખ્ય પ્રધાન ફડણવીસે આપી હતી.

### પેપર લીક મામલે સ્પષ્ટતા આપી

એમપીએસસી પેપર લીક મામલે મુખ્ય પ્રધાને પ્રતિક્રિયા આપતા સ્પષ્ટ કર્યું હતું કે આ કેસમાં ગમે તે વ્યક્તિ હોય, પછી ગમે તે પક્ષની હોય, તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. એમપીએસસીની પરીક્ષાઓ સંપૂર્ણપણે પારદર્શી હોવી જોઈએ, એવો સરકારનો સ્પષ્ટ મત છે. પોલીસ રિપોર્ટ આવી ગયો છે, જેમાં મોટા પાયે પેપર લીક ન થયું હોવાનું જણાવાયું છે. માત્ર એક જ વ્યક્તિ સુધી પેપર પહોંચ્યું હતું. છતાં, સંપૂર્ણ પારદર્શકતા જાળવી રાખવા માટે એમપીએસસીએ સમગ્ર પરીક્ષા રદ કરી દીધી છે. પરીક્ષા પદ્ધતિમાં સુધારો કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, જે પરીક્ષાને વધુ પારદર્શી બનાવવાનો પ્રયાસ કરશે. સરકાર એમપીએસસીને સંપૂર્ણ મદદ કરશે. આ સમિતિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટેકહોલ્ડર્સ સાથે ચર્ચા કરીને એક શ્રેષ્ઠ પરીક્ષા પદ્ધતિ તૈયાર કરશે. મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે કેટલાક લોકો આ મુદ્દે માત્ર રાજકારણ કરી રહ્યા છે, જે યોગ્ય નથી. આ મામલામાં સંકળાયેલી વ્યક્તિ કોની કાર્યકર્તા છે તે નવનાથ બને ફોટો બતાવીને સ્પષ્ટ કરી દીધું છે.

### મરાઠા સમાજ માટે વધુ નિર્ણયો લઈશું

આ સમયે તેમણે મનોજ જરાંગે પાટીલના આંદોલન પર પણ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, જરાંગેએ જે માગણીઓ કરી હતી, તેના પર કાર્યવાહી કરવામાં આવી છે અને આગળ પણ કાર્યવાહી કરવામાં આવશે. અમારી જરાંગે સાથે ચર્ચા ચાલી રહી છે. અમારા પ્રતિનિધિઓ સરકારના નિર્ણયો તેમના સુધી પહોંચાડશે. આ સરકારે મરાઠા સમાજ માટે જેટલા નિર્ણયો લીધા અને કામ કર્યું છે, તેટલું પહેલાં ક્યારેય થયું નથી. અમારી સરકારે જ મરાઠા સમાજ માટે નિર્ણયો લીધા છે. જો હજુ પણ વધુ નિર્ણયો લેવાની જરૂર પડશે તો અમે લઈશું, એવું પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

### મહારાષ્ટ્રના ૧૧૪ પ્રવાસીઓ નેપાળમાં ફસાયા

નેપાળમાં આવેલા ભયાનક પૂરમાં મહારાષ્ટ્રના ઓછામાં ઓછા ૧૧૪ પ્રવાસીઓ ફસાયા હોવાનો અંદાજ છે, જેમાંથી ૫૩ સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે, એમ રાજ્યના અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આંકડાઓમાં ફેરફાર થવાની સંભાવના છે, કારણ કે માહિતી હજુ એકત્રિત કરવામાં આવી રહી છે. સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન્સ સેન્ટર (એસઇઓસી) એ જણાવ્યું હતું કે, લગભગ ૬૧ લોકો ‘રિચા ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડ’ નામની ટૂર એજન્સી મારફતે હિમાલયન દેશની મુલાકાતે ગયા હતા, જ્યારે બાકીના લોકો પોતાની રીતે ગયા હતા. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, ફસાયેલા ૧૧૪ પ્રવાસીઓમાંથી ૫૩ પ્રવાસીઓ સાગા માનસરોવર વિસ્તારમાં સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગે લોકોને અપીલ કરી છે કે તેઓ નેપાળમાં ફસાયેલા તેમના સંબંધીઓ અથવા અન્ય વ્યક્તિઓ વિશેની માહિતી હેલ્પલાઇન નંબર ૯૩૨૧૫૮૭૧૪૩, ૧૦૭૦ અને ૦૨૨-૨૨૦૨૭૯૯૦ પર જણાવે. વિભાગે એક હેલ્પલાઇન ડેસ્ક પણ શરૂ કર્યું છે અને સંકલન તથા સહાયની કામગીરી સરળ બનાવવા માટે લોકોને વિગતો પૂરી પાડવા અનુરોધ કર્યો છે. જ્યારે જિલ્લા કલેક્ટરોને વિગતો એકત્રિત કરવા અને તેની ચકાસણી કરવા માટે કહેવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) એ બુધવારે જણાવ્યું હતું કે મંત્રાલય ખાતે ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે અને મહારાષ્ટ્રના જે નાગરિકોને કોઈપણ સહાયની જરૂર હોય તેમને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના હેલ્પલાઇન નંબરો દ્વારા સંપર્ક કરવા અપીલ કરી છે. નાગરિકો controlroommaharashtra.gov.in પર ઈમેલ પણ કરી શકે છે. (પીટીઆઈ)

## પારસી મરણ

ફીરોઝ સોરાબ વાડીયા તે ખોરશેદ પી. વાડીયાના ખાવિંદ. તે મરહુમો સોરાબ તથા પીલામાય વાડીયાના દીકરા. તે જહાંગીર તથા યાસ્મીન દાવરના બાવાજી. તે મહાજબીન જે. વાડીયા તથા હોશેદાર દાવરના સસરાજી. તે રૂસ્તમ તથા મરહુમો બેજન તથા મરઝબાનના ભાઈ. તે ફરઝાદ તથા અરઝાનના બપાવાજી. (ઉં.વ. ૯૨). રહેવાનું ઠેકાણુંઃ વાલચન ટેરેસ, બીજે માળે, રૂમ નંબર ૯, તારદેવ રોડ, તુલસી વાડી, મુંબઈ-૪૦૦૦૩૪.

ફેની હોમી એડલકાકા (ઉં.વ. ૮૧) તા. ૨૮-૮-૨૬ના રોજ ગુજરી ગયા છે. તે હોમીના પત્ની. મરહુમ ખુર્શેદ અને મરહુમ બાનુ પટેલના દીકરી. અનાહિતા હોમી એડલકાકાના માતુશ્રી. ઝેરસિસ મિનોચેરના સાસુ. ગુલ એમ. એન્જિનિયરના બહેન. ઠે.ઃ અવાબાઈ બિલ્ડિંગ, ફ્લેટ નં. ૧, ૧૮ મહાલક્ષ્મીવાલા બિલ્ડીંગ, સ્લેટર રોડ, ગ્રાંટ રોડ, મું.-૭.

ડેઈઝી આદિલ ભગત (ઉં. વ. ૬૯) તા. ૨૭-૮-૨૬ના ગુજરી ગયાં છે. મરહુમ આદિલના પત્ની. મીનુ અને મેહરૂ રાણાનાં દીકરી. શેરી કથુરિયા અને આશિષ ભગતનાં માતુશ્રી. હુનાર કથુરિયા અને મોનાલિસા ભગતનાં સાસુ. ગર્વ, શેહઝાદ, માઈરા, મેહર, ફરહાનનાં ગ્રાન્ડમધર. ઉઠમણું ૨૮-૮-૨૬ના ઠે. ૮૧, પટેલ બંગલો, અંધેરી સ્પોર્ટસ કોમ્પ્લેક્સની સામે, અંધેરી (વે), મુંબઈ-૫૮.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

તરૂણ પાનાચંદ શાહના ધર્મપત્ની અ. સૌ. સરોજ શાહ. તે નલિનીબેન, સ્વ. રેખાબેન, સ્વ. અનિલભાઈના બેન. ભરત શાહ તથા કોકિલાબેનના ભાભી (ઉં.વ. ૭૯) તા. ૨૪-૮-૨૬ના દેહપરિવર્તન કરેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**નૂતન સાડાત્રીસ વિશા શ્રીમાળી જૈન**

મુજપુર નિવાસી હાલ કાંદિવલી સ્વ. સુશીલાબેન કેશવલાલ શાહના પુત્રવધૂ અ. સૌ. હેમલતાબેન બિપિનચંદ્ર શાહ (ઉં.વ. ૮૦) તા. ૨૪-૮-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે બિપિનચંદ્ર કેશવલાલ શાહના ધર્મપત્ની. ધારિણી, નેહાના માતુશ્રી. કલ્પેશકુમાર હસમુખલાલ ગોસલિયાના સાસુ. રંજન રમેશ, હેમાલી શૈલેશ, કલ્પનાબેન વસંતલાલ, સ્વ. હંસાબેન પ્રવિણચંદ્ર, વર્ષાબેન દિલીપકુમારના ભાભી. પિયર પક્ષ મૂળી નિવાસી સ્વ. શારદાબેન ભાઈલાલભાઈ શાહના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૮-૨૬, શનિવારના સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેશન્શન રોડ, કાંદિવલી પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી સ્વ. વ્રજલાલ મણીશંકર પારેખના ધર્મપત્ની ગં. સ્વ. રમાબેન (ઉં.વ. ૯૪) સોમવાર, તા. ૨૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સંજય, પ્રદીપ વ્રજલાલ પારેખના માતુશ્રી. હેતલના સાસુ. સમ્યકના દાદી. ગોંડલ નિવાસી અનસનવ્રતધારી માતુશ્રી શાંતાબેન ધીરજલાલ ભરવાડાના દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી સોરઠ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રમણીકલાલ લવચંદ વસાના ધર્મપત્ની કાંતાબેન (ઉં.વ. ૯૮) બુધવાર, તા. ૨૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતી, સુનીલ, અનિલના માતુશ્રી. હેમેન્દ્રકુમાર, રસના, રૂપાના સાસુ. બિનલ, સ્વ. આકિન, ભૂમિ, રાજના દાદી. પિયર પક્ષે સ્વ. રામચંદ ગોવિંદજી મહેતા (અમરાવતી)ના પુત્રી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૯-૮-૨૬ના સાંજે ૪ થી ૬ કલાકે પરમકેશવ બાગ, ૧લે માળે, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી, હાલ ઉમરગામ, સ્વ. મોહનલાલ પોપટલાલ મહેતાના પુત્રવધૂ કુમુદબેન (ઉં. વ. ૭૯) તા. ૨૫/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકાંત (બટુકભાઈ)ના ધર્મપત્ની, હંસાબેન દિનેશકુમાર મહેતા, ઇન્દુબેન નલીનકાંત શાહ, સ્વ. કિર્તીભાઈ, સ્વ. સુરેશભાઈ, દિવ્યેશ, ફાલ્ગુની, તોરલ, મેઘા, જીનાના મોટાભાભી. સરોજબેન, શોભનાબેનના જેઠાણી, મોરબી નિવાસી સ્વ. જગજીવન પોપટલાલ સોલાણીના દીકરી. પ્રાર્થનાસભા તા. ૩૦/૦૮/૨૬ને રવિવાર સવારે ૧૦ થી ૧૨. સ્થળઃ નર્મદાબેન મોહનલાલ મહેતા આયંબિલ ભવન, શ્રી સોલસુંબા જૈન દેરાસરની પાછળ, ઉંમરગામ. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લખતર નિવાસી હાલ મુંબઈ, સ્વ. શાંતાબેન ભોગીલાલ દોશીના દીકરી, સરોજબેન શાહ (ઉં. વ. ૭૩) સોનગઢ મુકામે ૨૪/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કોસીંદ્રાવાળા હાલ સોનગઢ નગીનદાસ હરજીવનદાસના પત્ની. સોનલ, જગદીશભાઈના માતુશ્રી. કમલેશભાઈ શાંતિલાલ પારેખના સાસુ. ભુપેન્દ્રભાઈ, ભરતભાઈ, સ્વ. રમેશભાઈ, જીતુભાઇના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા ઓસવાળ જૈન**

ગામ અમદાવાદ હાલ મલાડ, નયનાબેન અમરેશભાઈ સોદાગરના પુત્ર ધવલભાઈ (ઉં. વ. ૪૭) ૨૫/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હેમાલીના પતિ. જીયા તથા કુકીના પિતા. ધનલના ભાઈ. સ્વ. દિલીપભાઈ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૧૨૦૪, હવા મહલ, શિવાજી ચોક, દફતરી રોડ, મલાડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, શશીકાંત પ્રેમચંદ દોશી (ઉં. વ. ૮૫) ૨૬/૮/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિલાસબેનના પતિ. સ્વ. દલસુખરાય, સ્વ. ચંદ્રકાંતભાઈ, જયાલક્ષ્મી ગુણવંતરાય દેસાઈ, સ્વ. નિર્મળાબેન કાંતિલાલ દોશી, સ્વ. હંસાબેન નવીનચંદ્ર સંઘવીના ભાઈ. મુકેશભાઈ-રેખાબેન, પ્રદીપભાઈ-સોનલબેન, કમલભાઈ-ભાવના, ઉદય-સ્મિતા, જીનેશ-દિપાલી, નિમેષ-મિતાલી, કવિતા શરદ વસા, ઝરણાં નિલેશ દોશીના કાકા. સાસરાપક્ષે ગીરધરલાલ મૂળચંદ સંઘવીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૭૦૩, ઓમ શિવ આશિષ, અશોક ચક્રવતી રોડ, કાંદિવલી ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના પ્રીતી (ટમુ) (ઉં. વ. ૬૩) તા. ૨૫-૮-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતૃશ્રી ચંચળબેન કલ્યાણજી લાલનના પુત્રવધૂ. વિપુલના પત્ની. હર્ષના માતૃશ્રી. ઉપેન્દ્ર, ભરતના ભાઈના પત્ની. નાના ભાડિયાના, સ્વ. હેમલતા લખમશી ગણસી ના પુત્રી. સ્વ. કોકીલા, સ્વ. નૂતન, સ્વ હર્ષદ ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપુલ લાલન, સી-૫૪, ગોકુલ લાઇટ, વામન સાવંત રોડ, મરાઠા કોલોની, દહીંસર (ઇ.).

કોટડી મહાદેવપુરીના નીરંજના નાગડા/શાહ (ઉં. વ. ૮૨) તા. ૨૬-૮-૨૬ના અવસાન પામેલ છે. પ્રેમાબેન ખીમજી નાગડાના પુત્રવધૂ. સ્વ. તારાચંદના પત્ની. સ્વ. વિપુલના માતુશ્રી. મીઠીબાઈ રતનશી હીરજી ગાલાની દિકરી. પ્રવિણ, કારાઘોઘા રમાબેન હંસરાજ સાવલા, ના.ખાખર નિરૂપમા કલ્યાણજી સાલીયા, ૨.ગણેશ સુધા શાંતીલાલ રાંભીયા, કોડાય વિમળાબેન મુલચંદ ગડા, મેરાઉ ઉમા રતનશી ગાલાના બહેન. જ્યોતિના નણંદ. દેશલપરના મઠાબાઈ કુંવરજી કેશવજી વોરાના દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડો. હિતેન દડિયા, ૧૦૦૪, કાલીન્દી, નીલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર (ઈ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ સાંતાક્રુઝ (મુંબઈ) સ્વ. પ્રવિણચંદ્ર ચમનલાલ બાવીસીના ધર્મપત્ની મધુકાન્તાબેન (ઉં. વ. ૮૮) ૨૬-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જનક- જસ્મીતના માતુશ્રી. નિતા- કિરણના સાસુજી. કરણ-વત્સલના દાદીજી. તે સ્વ. દુર્લભજી સૌભાગ્યચંદ ગાઠાણીના પુત્રી. તે મહેન્દ્ર-ગિરીશ, સ્વ. મુકતાબેન હસમુખરાય સંઘરાજકા, મિનાક્ષી ઉમેશભાઈ મહેતાના બેન. લૌકીક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

## હિન્દુ મરણ

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ગોપાલભાઈ કાળાભાઈ ગોઠીનું તા.૨૭-૮-૨૬, ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૯-૮-૨૬, શનિવાર સવારે ૮ થી ૧૦ અમારા નિવાસ સ્થાને, એકવા બ્લુ એપાર્ટમેન્ટ, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, અર્જુન પાર્ટી પ્લોટની પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે. બહારગામના સ્નેહી સંબંધી સગા-વ્હાલાનું ટેલીફોનિક બેસણું આવકાર્ય છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ કેશોદ, હાલ પોંડીચેરી અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૭૯) તે છોટાલાલ જમનાદાસ (મગનલાલ) રાયચુરા (રાયચડા)ના ધર્મપત્ની બુધવાર, ૨૬-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે અનુરાધા રોશન ઠાકરના માતુશ્રી. આદિત્ય તથા વરુણના નાની. સ્વ. વિજયાબેન, સ્વ. જમનાદાસ (મગનલાલ) રાયચુરા (રાયચડા)ની પુત્રવધૂ તથા સ્વ. નિર્મલાબેન, સ્વ. નરેન્દ્રભાઈ પરસોત્તમદાસ રાયચુરાની પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ અંજાર (હાલ મુંબઈ) સ્વ. સાકરબાઈ દયાળજી ઠક્કર (પરભીયા)ના પુત્ર મધુસુદન દયાળજી ઠક્કર (ઉં. વ. ૮૫) ૨૪-૮-૨૬, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જમનાદાસ, સ્વ. રામદાસ. સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. છોટાલાલ, સ્વ. જમનાબેન જમનાદાસ ઠક્કર, ગં. સ્વ. પ્રેમીલાબહેન પ્રવીણભાઈ ઠક્કરના ભાઈ. સ્વ. મૃદુલાબહેન (બેબી બહેન) લક્ષ્મીકાંત સૌમેયા, ગં. સ્વ. નીનાબહેન અશોકભાઈ માણેક, વિક્રમ, પ્રતાપ, જ્યોતીબહેન, ભાવનાબહેન, ચેતન એન્જિનીયર અમીત, વિરેન (નાનુ)ના કાકા. રાજીવ અને ગં. સ્વ. મીતાબહેન કિશોરભાઈ ભગદેના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

સ્વ. નિર્મલાબેન કિશોરભાઈ ઉદેશી (ઉં.વ. ૮૪) હાલ મુંબઈ મલાડ નિવાસી સ્વ. કિશોરભાઈ ગોરધનદાસ ઉદેશીના પત્ની. અમલાબેન, પારુલબેનના માતુશ્રી. હર્ષદભાઈ ગુજરાથીના સાસુ. કાઇરા, પ્રાંશના નાની. સ્વ. નારણદાસ તથા સ્વ. દિવાળીબેન વેદના પુત્રી. વિઠ્ઠલભાઈ, ભરતભાઈ, સ્વ. ઈન્દુબેનના બહેન તા. ૨૬-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાગર બંધારા**

ખંભાતના વતની તથા હાલમાં મુંબઈ, સ્વ. મનહરલાલ રતનલાલ ઝવેરી, સ્વ. રતનલાલ તથા સ્વ. મણિબેનના સુપુત્ર તા. ૨૬/૮/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઇન્દિરાબેનના પતિ. સ્વ. પ્રેમાનંદ નાગરના જમાઈ. જયશ્રીબેન, કનકબેન, હર્ષદભાઈ, ચેતનભાઈ અને મીનાક્ષીબેનના પિતાશ્રી. અશોકકુમારના સસરા. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

વાવેરાવાળા હાલ વિલેપાર્લે, સ્વ. પુરુષોત્તમદાસ નરસીદાસ પારેખના ધર્મપત્ની ભાનુમતીબેન (ઉં. વ. ૯૮) તે ભરત-ચંદ્રિકા, કીર્તિ-રેખા, રાજુલ-વર્ષા, મુકેશ-ફાલ્ગુનીના માતુશ્રી. સ્વ. જેકોરબેન નાગરદાસ ગોરડીયાના પુત્રી. સ્વ. શાંતાબેન ભાઇલાલ દોશી, સ્વ. ભાનુબેન દુર્લભદાસ ગોરડીયાના ભાભી. સ્વ. વિમળાબેન, સ્વ. ભાગીરથીબેન, સ્વ. જવાહરભાઈ, સ્વ. ધનલક્ષ્મીબેન તથા નરેન્દ્રભાઈના બહેન. ૨૫/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા, સ્વ. મંગળાબેન જેઠાલાલ મથુરાદાસ પારેખના પુત્ર સ્વ. મધુસુદનના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રિકાબેન (ઉં. વ. ૭૭) તે મનીષ (અ.સૌ.મીતા), જીગ્નેશ (અ. સૌ. એકતા), અ. સૌ. જાગૃતિબેન સંજયભાઈ ગાંધી, અ.સૌ. માધવીબેન રાજનભાઈ જાનીના માતુશ્રી. સ્વ. મંજુબેન, પદ્માબેન, વીણાબેન અને સરોજ જીતુભાઈ પારેખના ભાભી. સ્વ. જયાબેન શાંતિલાલ રામજીભાઈ મોદીના દિકરી અમરેલી મુકામે તા. ૨૫/૦૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ઉત્તરક્રિયા અમરેલી મુકામે રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

દેવરાજિયાવાળા હાલ કાંદિવલી, સ્વ. દિવાળીબેન શાંતિલાલ સાદરાણીના સુપુત્ર ગુણવંતરાય (ઉં. વ. ૮૨) તા. ૨૬.૮.૨૬ બુધવારે શ્રીજીચરણ પામેલ છે. રસીલાબેનના પતિ. ટીંબી નિવાસી સ્વ. રમણીકલાલ તલક્ષી રાજાણીના જમાઈ. સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. વિનોદભાઈ અને વિજયાબેન લક્ષ્મીદાસ રૂપારેલિયાના ભાઈ. ઊર્મિલાબેનના જેઠ. શિલ્પા, મમતા, પ્રતીકના પિતા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯.૮.૨૦૨૬ શનિવાર સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન મહાવીર સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ ગલી કોર્નર, એસ. વિ. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

દેત્રોલી નિવાસી હાલ મુંબઈ, સ્વ. બ્રિજેશ હેમંત જોશી ગં.સ્વ. નૂતનબેન હેમંત જોશીના પુત્ર બ્રિજેશ (ઉં. વ. ૩૦) રીમાના પતિ. દ્વિશિવના પિતા. યશના ભાઈ. રક્ષાબેન નીતિન ગોહિલના જમાઈ. તા. ૨૨.૮.૨૬ના એકલિંગજીશરણ પામેલ છે. કવિતાબેન-અમિતાબેન અને ભારતભાઈના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવારની તા. ૩૦.૦૮.૨૬. બપોરે ૪.૦૦ થી ૬.૦૦. ભાટિયા ભાગીરથી ટ્રસ્ટ હોલ ૮૮, દાદી શેઠ અગિયારી લેન, મુંબઈ- ૪૦૦૦૦૨, સાડી પ્રથા અને રડવાની પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પ્રોપર્ટી ટૅક્સ ભરવામાં આનાકાની કરનારા સામે દંડનીય પગલાં લેવાશે: બીએમસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત્ર ગણાતા પ્રોપર્ટી ટૅક્સને સમયસર ભરી દેવાની અપીલ મુંબઈગરાને કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ સમયગાળા માટે પ્રોપર્ટી ટૅક્સ ભરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. ટૅક્સ ભરવામાં આનાકાની કરનારા સામે દંડાત્મક પગલાં લેવાની ચેતવણી પાલિકા દ્વારા આપવામાં આવી છે.

મુંબઈમાં જુદા જુદા વિકાસ કાર્યો માટે મુંબઈ મહાનગરપાલિકા પોતાનાં ભંડોળનો ઉપયોગ કરે છે, જેમાં પાલિકાની આવક પ્રોપર્ટી ટૅક્સ, પ્રિમીયમ ચાર્જીસ સહિત જુદા જુદા ટૅક્સ વસૂલ કરીને ઊભી કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં પાલિકાએ લક્ષ્યાંક કરતાં પણ વધુ એટલે કે ૧૦૩.૬૮ ટકા પ્રોપર્ટી ટૅક્સ વસૂલ કર્યો હતો, જે લગભગ ૭,૩૪૧ કરોડ રૂપિયા હતા.

પાલિકાએ આ વર્ષે પણ કરદાતાઓને ૨૦૨૬-૨૭ સમયગાળા માટે પ્રોપર્ટી ટૅક્સ સમયસર ભરવા વિનંતી કરી છે. પહેલી એપ્રિલ, ૨૦૨૬ થી ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીના નાણાકીય વર્ષ માટે પ્રોપર્ટી ટૅક્સની ચુકવણી ૨૧ જુલાઈ, ૨૦૨૬થી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટૅક્સ એસેસમેન્ટ અને કલેક્શન વિભાગ દ્વારા https://ptaxportal.mcgm.gov.in/CitizenPortal//login પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ■

# રેલવે સ્ટેશન પરિસરની ફૂટપાથ કરો અતિક્રમણ મુક્ત: ભીડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રેલવે પરિસરમાં પીક અવર્સમાં થતી ભીડને પગલે સ્ટેશન પરિસરમાં રાહદારીઓ માટે ચાલવું અને વાહનચાલકો માટે વાહન ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છે ત્યારે રેલવે સ્ટેશન પરિસરમાં પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ પૉલિસી અંતર્ગત નાગરિકોને ચાલવા માટે ફૂટપાથ ઉપલબ્ધ કરાવવાની સાથે જ રેલવે સ્ટેશનના નજીકના પરિસરનો વિકાસ કરવા માટે અધિકારીઓને શક્ય એટલી વહેલી તકે પૉલિસી તૈયાર કરવાનો નિર્દેશ પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ આપ્યો છે.

પૂર્વ ઉપનગરના વિસ્તારોમાં દિવસેને દિવસ વસતી વધી રહી છે તેની અસર રેલવે સ્ટેશન અને તેના આજુબાજુના પરિસરને પણ વર્તાઈ રહી છે. સવાર-સાંજના પીક અવર્સમાં એટલી ભીડ હોય છે કે રેલવે સ્ટેશનની બહાર નીકળનારી વ્યક્તિને ચાલવા માટે જગ્યા જ રહેતી નથી ત્યારે પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ ગુરુવારે પૂર્વ ઉપનગરના ઘાટકોપર, મુલુંડ, કાંજુરમાર્ગ અને ભાંડુપમાં સ્ટેશન બહાર આવેલા વિસ્તારો સહિત ત્યાં આવેલી ફૂટપાથનું ઈન્સ્પેકશન કર્યું હતું. એ દરમ્યાન તેમણે નાગરિકોની સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને અધિકારીઓને સ્ટેશન પરિસરમાં રાહદારીઓ માટે ચાલવા માટે યોગ્ય ફૂટપાથ ઉપલબ્ધ કરી આપવાનો નિર્દેશ આપ્યો હતો.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે રેલવે સ્ટેશન પરિસરમાં એક્સિસીબલ ફૂટપાથ પૉલિસી અંતર્ગત મુંબઈમાં પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ યોજનાને વહેલામાં વહેલી તકે અમલમાં મૂકવાની આવશ્યકતા પર કમિશનરે ભાર આપ્યો છે. રેલવે સ્ટેશનના નજીકના પરિસરમાં રહેતી ભીડને ધ્યાનમાં રાખીને આ જગ્યાનો વિકાસ કરવા માટે પ્રશાસકીય સ્તરે પૉલિસી તૈયાર કરવામાં આવવાની છે. તેથી રેલવે સ્ટેશન પરિસરમાં ફૂટપાથની સાથે જ રોડ પરના ટ્રાફિક જૅમની સમસ્યાનો પણ ઉકેલ આવી શકશે. તેથી ભીડના સમયે નાગરિકોને સ્ટેશન પરિસરમાં ચાલવું શક્ય બનશે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે એક્સિસીબલ ફૂટપાથ પૉલિસી અંતર્ગત મુંબઈમાં પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ ઝુંબેશ અમલમાં મૂકવામાં આવી છે. એ સાથે જ કચરો જ્યાં ભેગો થતો હોય એવા સંવેદનશીલ સ્થળો (ગાર્બેજ વેલ્યુનેરેબલ પોઈન્ટ)ના નિર્મૂલનની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત પૂર્વ ઉપનગરમાં ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ કાર્યવાહી ચાલી રહી છે, જેનું ગુરુવારે કમિશનરે ઈન્સ્પેકશન કર્યું હતું. એ દરમ્યાન તેમણે લાઈસન્સમાં નમૂદ કરવામાં આવેલી જગ્યા કરતા વધુ ક્ષેત્રફળ પર વ્યવસાય કરનારા ફેરિયાઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની સૂચના પણ આપી હતી. ■

### એસ વોર્ડમાં ૨૦.૫૦ કિલોમીટર લાંબી ફૂટપાથ બનશે

એસ વોર્ડમાં આવેલા ભાંડુપ પશ્ચિમમાં રેલવે સ્ટેશન બહાર બેસ્ટનો ડેપો આવેલો હોવાથી મોટા પ્રમાણમાં ભીડ થતી હોવાને કારણે અહીં બેસ્ટ બસના નિયમિત ટ્રાન્સપોર્ટેશન અને રોડ ટ્રાન્સપોર્ટેશન માટે યોગ્ય પ્લાન તૈયાર કરવાનો નિર્દેશ કમિશનરે આપ્યો છે. સ્ટેશનની બહાર ૯૪ ગાળાધારકો હોઈ તેમને પર્યાયી જગ્યા આપીને અહીં જગ્યા ખુલ્લી કરવામાં આવવાની છે. એ બાદ અહીં રેલવે સ્ટેશન સુધી જવા માટે રાહદારીઓ માટે ફૂટપાથ ઊભી કરી આપવામાં આવશે. કાંજુરમાર્ગ પશ્ચિમમાં રેલવે સ્ટેશન બહાર આવેલા ૨૪ ગાળાઓને હટાવીને જગ્યા રાહદારીઓને ચાલવા માટે ફૂટપાથ બનાવી આપવામાં આવવાની છે. બીજા તબક્કામાં એલબીએસ રોડ પર ભટ્ટીપાડા જંક્શન પર ૨૬ ગાળા અને પેપરમિંટ ચાલના ૨૭ ગાળાઓ હટાવીને ત્યાં ફૂટપાથ બનાવવામાં આવવાની છે. એસ વોર્ડમાં કુલ ૧૪ રોડ પર ૨૦.૫૦ કિલોમીટર લાંબી ફૂટપાથ બનાવવામાં આવવાની છે. એન વોર્ડના ઘાટકોપરમાં કુલ ત્રણ કિલોમીટર લાંબી ફૂટપાથ ચાલવા માટે ઉપલબ્ધ કરી આપવામાં આવવાની છે.

### રસ્તા પર કચરો ફેંકનારા પર સીસીટીવીથી નજર

મુંબઈમાં અનેક વિસ્તારોમાં નાગરિકો રસ્તા પર ગમે ત્યાં કચરો ફેંકતા હોય છે અને ત્યાં પછી કાયમી ધોરણે કચરા ફેંકવાનું મિની ડમ્પિંગ ગ્રાઉન્ડ જેવું બની જતું હોય છે. તેથી પાલિકાએ હવે કચરાના સંવેદનશીલ સ્થળોને જ નિર્મૂલન કરવાનો નિર્ણય લીધો છે, જેમાં મુલુંડ અને ભાંડુપમાં લોકો રસ્તા પર કચરો ફેંકે નહીં તે માટે કચરો ભેગો કરવા માટે નીમેલો કૉન્ટ્રેક્ટર હવે સ્થાનિક પરિસરમાં ઘર-ઘરમાં ફરીને નિયમિત રીતે કચરો ભેગો કરશે. રસ્તા પર કચરો ફેંકનારા પર સીસીટીવી કેમેરાથી નજર રાખીને તેમની પાસેથી દંડ વસૂલ કરાશે. ■

# આંખને આંજી નાખતા પ્રકાશને ઘટાડવા માટે ટુ-વ્હીલર્સ માટે નવા નિયમો આવવાની શક્યતા

મુંબઈ: કેન્દ્ર સરકાર ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આંખને આંજી નાખતા પ્રકાશ (ગ્લેર) ને ઘટાડવા અને માર્ગ સુરક્ષામાં સુધારો કરવાના પ્રયાસરૂપે વાહનો માટે હેડલેમ્પ અંગેના કડક નિયમો અમલમાં મૂકવાનું વિચારી રહી છે.

એક અહેવાલ મુજબ, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે 'સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ'માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના હેઠળ એપ્રિલ ૨૦૨૭થી નવા ટુ-વ્હીલર્સ પરના ઓટોમેટિક હેડલેમ્પ્સમાં માત્ર 'પાસિંગ-બીમ' અથવા 'લો-બીમ' મોડ જ ફરજિયાત બની શકે છે. આ ફેરફારોનો ઉદ્દેશ્ય હાઈ-બીમ લાઇટના ઉપયોગને મર્યાદિત કરવાનો છે, કારણ કે તેનાથી સામેથી આવતા વાહનચાલકો અને દ્વિ-ચક્રી વાહનચાલકોની દ્રષ્ટિ ક્ષણભર માટે પ્રભાવિત થાય છે અને અકસ્માતનું જોખમ વધી શકે છે.

હાલની 'ઓટોમેટિક હેડલેમ્પ ઓન' સિસ્ટમ હેઠળ, ચાલકો લો બીમ અને હાઈ બીમ વચ્ચે સ્વિચ કરી શકે છે. યોગ્ય પરિસ્થિતિઓમાં વાહનચાલકોને લો બીમનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસોમાં અપેક્ષિત પરિણામો ન મળતા, મંત્રાલય આમાં ફેરફારો કરવાનું વિચારી રહ્યું છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે હાઈ-પાવર હેડલેમ્પ્સની મહત્તમ સ્વીકાર્ય તીવ્રતા ઘટાડવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. ટુ-વ્હીલર માટે આ મર્યાદા ૧,૫૦,૦૦૦ કેન્ડેલા(સીડી) થી ઘટાડીને ૧,૦૦,૦૦૦ સિડી અને ફોર-વ્હીલર માટે, હાલની ૨,૨૫,૦૦૦ સીડીથી ઘટાડીને ૧,૫૦,૦૦૦ સીડી થવાની શક્યતા છે. કેન્ડેલા (સીડી)એ પ્રકાશની તીવ્રતા માપવા માટે વપરાતો આંતરરાષ્ટ્રીય પ્રમાણભૂત એકમ છે.

પ્રસ્તાવિત સુધારાઓ હેઠળ વાહનોની હેડલેમ્પ્સ માટે ૬,૫૦૦ કેલ્વિન (કે) સુધીનું મહત્તમ કલર ટેમ્પરેચર (રંગ તાપમાન) પણ નિર્ધારિત કરવામાં આવી શકે છે. ■



## ગત ૩૦ વર્ષની જેમ રોકાણ કરવાનું બંધ કરો. આગામી ૩૦ માટે ડાઇવર્સિફિકેશન શરૂ કરવા સજ્જ થાવ!

**જયેશ સુંદર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

હાલ આધુનિક રોકાણની દુનિયામાં મોટા ભાગે પોર્ટફોલિયો લગભગ પડકાર ન ફેંકી શકાય એવી સરળ દેખાતી સામાન્ય ધારણાઓ પર બનાવવામાં આવે છે : જેમ કે, વૈશ્વિકીકરણ સતત આગેકૂચ કરશે, મોંઘવારી મોટા ભાગે નિયંત્રણ હેઠળ રહેશે, સપ્લાય ચેઇન વધારે અસરકારક બનશે અને જ્યારે વૃદ્ધિનો દર નબળો પડશે, ત્યારે સેન્ટ્રલ બેંકો તેને જાળવવા આગળ આવશે. આ ધારણાઓએ રોકાણકારોની એક આખી પેઢીના અભિગમને ઘડ્યો છે. સમસ્યા એ છે કે, રોકાણકારો ઘણી વાર ભૂતકાળને આધારે ભવિષ્યનો અંદાજ લગાવે છે, તેને લઈને ધારણાઓ બનાવે છે.

★ **ડાઇવર્સિફિકેશન સૌથી વધારે મહત્ત્વપૂર્ણ**

ઘણા રોકાણકારો એક સમયે બજારોમાં વધઘટને ક્યારેક બનતી ઘટનાઓ માનતા હતા, જે અસાધારણ ઘટનાઓથી શરૂ થતી હતી અને પછી સ્થિતિસંજોગો થાળે પડી જતા હતા. અત્યારે બજારોમાં વધઘટ વધુને વધુ સામાન્ય થઈ રહી છે. આનો સામનો કરવા ડાઇવર્સિફિકેશન (રોકાણમાં વિવિધતા લાવવી) રોકાણનો હંમેશાં ઉપયોગી સિદ્ધાંત રહ્યો છે.

★ **ડાઇવર્સિફિકેશનનો મુખ્ય ઉદ્દેશ**

ડાઇવર્સિફિકેશનને ઘણી વાર જોખમને નિયંત્રણમાં રાખવાનું માધ્યમ ગણવામાં આવે છે. એ પરિભાષા સાચી છે, પરંતુ સાથે સાથે અધૂરી છે. એનો ખરો ઉદ્દેશ ભવિષ્ય અનિશ્ચિત છે એ માનવાનો તથા આગામી દાયકામાં કેવા પ્રકારનું આર્થિક વાતાવરણ, બજારનું કયું સેગમેન્ટ કે સેક્ટર કે પછી કયો વિસ્તાર હાવી રહેશે એનું અનુમાન કોઈ રોકાણકાર સાતત્યપૂર્ણ રીતે ન લગાવી શકે એ વાતને સ્વીકારવાનો છે. એમાં ભૂતકાળ જેવી કામગીરી ભવિષ્યમાં ન પણ થાય એની સ્વીકાર્યતાની સાથે પોર્ટફોલિયો એક અનુમાન કે ધારણાને બદલે વિવિધ સંભાવનાઓ માટે સજ્જ છે એ સુનિશ્ચિત કરવાની કામગીરી જોડાયેલી છે.

વળી, ડાઇવર્સિફિકેશન મહત્ત્વપૂર્ણ છે, કારણ કે રોકાણના વળતરના પ્રેરકબળો અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ વધુને વધુ વિવિધતાસભર થઈ ગયા છે. આર્થિક વૃદ્ધિ, મોંઘવારી, વ્યાજદરો, ભૂરાજકીય ઘટનાક્રમો અને ટેક્નોલોજીકલ ઇનોવેશન આ તમામ પ્રક્રિયા હવે એકસાથે થતી નથી. તેનો અર્થ છે વિવિધ પ્રકારની એસેટ જે તે સ્થિતિસંજોગોને આધારે વિવિધ રીતે કામ કરી શકે છે. ડાઇવર્સિફિકેશન વધુ પ્રસ્તુત બનવાનું અન્ય એક કારણ છે ભવિષ્યની વૃદ્ધિ એક બજાર, એક વિસ્તાર કે એક સેક્ટરમાંથી થાય એવી શક્યતા નથી. એટલે ડાઇવર્સિફાઇડ પોર્ટફોલિયો મૂકીને બચાવવાની વ્યૂહરચનાની સાથે વૃદ્ધિને વેગ આપતા વિવિધ પ્રકારના પરિબળોમાં ભાગીદાર થવાની એક રીત પણ છે. ઝડપથી ખંડિત થતી દુનિયામાં ડાઇવર્સિફિકેશન રોકાણકારોને મહત્ત્વપૂર્ણ તકોને ગુમાવવાનાં જોખમથી બચાવે છે, જેમનું રોકાણ ઘણી વાર બહુ મર્યાદિત ક્ષેત્રો કે સેગમેન્ટમાં કેન્દ્રિત હોય છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# નફા માટે નહીં, અસ્તિત્વ ટકાવવા ભાવવધારો જરૂરી: દૂધ ઉત્પાદકો

## ચારાના ભાવમાં પચીસ ટકાનો વધારો: તબેલાનાં દૂધનો ભાવ એકસોને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર એસોસિએશન, આરે મિલ્ક કોલોનીના ચંદ્રકુમાર સિંહે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી દૂધ ઉત્પાદન સાથે જોડાયેલા લગભગ તમામ ખર્ચ વધી ગયા છે. ઘાસચારાનો ભાવ લગભગ ૨૫ ટકા વધી ગયો છે. પશુઓને ખવડાવવા માટે જરૂરી સામગ્રીના ભાવમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં દૂધના ભાવમાં વધારો કરવો અમારી મજબૂરી છે. આ વધારો નફો કમાવવા માટે નથી, પરંતુ અમારું અસ્તિત્વ ટકાવી રાખવા માટે છે.

મુંબઈમાં દરરોજ આશરે ૪૫ લાખ લિટર દૂધની જરૂરિયાત સામે સ્થાનિક તબેલાઓ અને દૂધ ઉત્પાદકો દ્વારા આશરે ૪ લાખ લિટર જેટલું એ-ક્વોલિટીનું તાજું દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એસોસિએશનના જણાવ્યા અનુસાર તબેલાના દૂધના ભાવ હાલમાં પ્રતિ લિટર આશરે રૂ. ૯૩ સુધી છે અને ૧ સપ્ટેમ્બરથી તેમાં વધારો કરી તેનો ભાવ રૂ. ૧૦૨ કરાશે. બીજી તરફ પેકેટમાં મળતા બ્રાન્ડેડ દૂધ પર આ ભાવવધારાની સીધી અસર નહીં થાય.

દૂધ ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, મુંબઈમાં આશરે ૧,૫૦૦ દૂધ વેચનાર અને ડેરી માલિકો તાજા દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વધતા ખર્ચ વચ્ચે આ વેપારીઓ અને પશુપાલકો માટે વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની રહ્યો છે. ચંદ્રકુમાર સિંહે કહ્યું, અમે આ લડાઈમાંથી બહાર આવીશું અને આ વ્યવસાય ચાલુ રાખીશું. અમારો હેતુ માત્ર નફો કરવાનો નથી. પશુઓને સારી રીતે રાખવા, તેમને યોગ્ય ઘાસચારો આપવા અને દૂધ ઉત્પાદન ચાલુ રાખવા માટે જે ખર્ચ થાય છે તે કાઢવો જરૂરી છે.

દૂધ ઉત્પાદકોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાંક વર્ષોમાં મુંબઈના સ્થાનિક દૂધ ઉત્પાદનના આંકડામાં મોટો ફેરફાર થયો છે. ૧૯૭૫માં મુંબઈમાં આશરે ૧ લાખ ભેંસો હતી અને તેમાંથી દરરોજ લગભગ ૭.૫ લાખ લિટર દૂધનું ઉત્પાદન થતું હતું. તે સમયે મુંબઈમાં સરેરાશ ૧૧ લાખ લિટર જેટલા દૂધની રોજિંદી માગ હતી. તેની સામે ૨૦૨૬માં ભેંસોની સંખ્યા ઘટીને આશરે ૪૦ હજાર થઈ ગઈ છે અને તેઓની ઉત્પાદનક્ષમતા પણ ઘટી ને સરેરાશ ૪.૫ લાખ લિટર દૂધની થઇ ગઈ છે, જયારે હાલ મુંબઈમાં દૈનિક સરેરાશ ૪૫ લાખ લિટર દૂધની માગ છે. એટલે કે જે દૂધના વ્યાપરીઓનો હિસ્સો મુંબઈમાં વર્ષ ૧૯૭૫માં ૭૦ ટકા હતો તે હવે ઘટીને માત્ર ૧૦ ટકા રહી ગયો છે.

એક દૂધાળી ભેંસને તબેલામાં જાળવવાનો દૈનિક ખર્ચ હવે પશુપાલકો માટે મોટો પડકાર બની રહ્યો છે. પશુપાલકોના જણાવ્યા મુજબ, એક ભેંસને દરરોજ આશરે ૧૬ કિલો ઘાસ, ભૂસું અને અન્ય ખોરાકની જરૂર પડે છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઘાસચારાના ભાવમાં આશરે ૨૫ ટકાનો વધારો થતાં ખોરાક પાછળનો ખર્ચ પણ વધીને ૪૦૭ રૂપિયા થઇ ગયો છે. આ ઉપરાંત કર્મચારીઓનો પગાર, તબેલાનું ભાડું અને વીજળીના બિલ સહિતના ખર્ચ માટે રોજના આશરે રૂ.૧૦૫ જેટલો ખર્ચ થાય છે. દૂધ આપવાનું બંધ કરી ચૂકેલી ભેંસને પણ જાળવવી પડે છે, જેના માટે અલગથી આશરે રૂ.૧૦૦નો દૈનિક ખર્ચ થાય છે.

આ તમામ ખર્ચને ગણતરીમાં લેવામાં આવે તો એક દૂધાળી ભેંસ પાછળ પશુપાલકને દરરોજ આશરે રૂ.૬૯૭નો ખર્ચ કરવો પડે છે. જો આ ભેંસ દિવસમાં સરેરાશ ૭ લિટર દૂધ આપે, તો માત્ર પશુપાલન અને જાળવણીના ખર્ચના આધારે એક લિટર તાજા દૂધની પડતર કિંમત આશરે રૂ.૯૯.૫૭ થાય છે. એટલે કે દૂધના હાલના ભાવમાં પશુપાલકો માટે નફો જાળવી રાખવો મુશ્કેલ બની રહ્યો છે અને ભાવવધારા પાછળ વધતા ઉત્પાદન ખર્ચનું કારણ પણ આ ગણતરીથી સ્પષ્ટ થાય છે. ■

# બીડમાં નાયબ સરપંચનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળ્યો

બીડ: બીડ જિલ્લામાં મોટરસાઇકલ પર નીકળેલા ગામના નાયબ સરપંચનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં રસ્તાને કિનારે મળી આવ્યો હતો, જેને પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી. પ્રારંભિક તપાસમાં એ અકસ્માત હોવાનું લાગી રહ્યું છે, પરંતુ પોલીસ હત્યાની શક્યતા પણ તપાસી રહી છે, અધિકારીએ જણાવ્યું હતું. મજલગાંવ તહેસીલના બાભવગાંવના નાયબ સરપંચ વૈજનાથ વિઠ્ઠલ લાટેનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં બાભલગાંવ-ભોપા માર્ગ પર બુધવારે વહેલી સવારે મળી આવ્યો હતો. તેની મોટરસાઇકલ પર નજીકમાં પડેલી હતી અને તેને ખાસ્સું નુકસાન થયું હતું.

વૈજનાથ લાટે મોટરસાઇકલ પર મંગળવારે રાતે બાભલગાંવ-ભોપા માર્ગ પરથી પસાર થઇ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હોવાનું પોલીસને લાગી રહ્યું છે. બુધવારે સવારે સ્થાનિક યુવકોને રસ્તાને કિનારે વૈજનાથનો મૃતદેહ મળી આવ્યો હતો અને તેની મોટરસાઇકલ નજીકમાં પડેલી હતી. યુવકોએ તાત્કાલિક ગામવાસીઓને અને પોલીસને તેની જાણ કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.(પીટીઆઇ)

# પરેલમાં ઇદના જુલૂસ બાદ તંગદિલી: બંદોબસ્ત ગોઠવાયો



(અમય ખરડે)

મુંબઈ: પરેલ વિસ્તારમાં ઇદના જુલુસ બાદ બે જૂથ વચ્ચે થયેલી અથડામણને કારણે તંગદિલી ફેલાતાં પોલીસે સાવચેતીના પગલા તરીકે ત્યાં વધારાનો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ભોઇવાડા પોલીસે આ પ્રકરણે ત્રણ યુવક તથા અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર લક્ષ્મી કોટેજ વિસ્તારમાં ગુરુવારે રાતના અમુક બાઇકસવારો જોરજોરથી હોર્ન વગાડી રહ્યા હતા, જેની સામે સ્થાનિકોએ વાંધો ઉઠાવ્યો હતો. એ સમયે બંદોબસ્તમાં હાજર પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા બાઇકસવારો સામે કાર્યવાહી કરવામાં આવી રહી હતી, ત્યારે અમુક બાઇકસવારોએ આગળ જઇ સૂત્રોચ્ચાર કર્યો હતો, જેને કારણે બે જૂથ સામસામે આવી ગયા હતા અને તેમની વચ્ચે બોલાચાલી થઇ હતી.

બંને જૂથ વચ્ચે થયેલી બોલાચાલી ઉગ્ર બની હતી અને તે અથડામણમાં પરિણમી હતી, જેને કારણે વાતાવરણ તંગ બન્યું હતું. પોલીસે દરમિયાનગીરી કરીને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી અને બાદમાં વધારાનો બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ભોઇવાડા પોલીસ સ્ટેશનમાં રેહાન સૈયદ, આદિલ ખાન, મિરાજ રઇસ સહિત અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના બાદ સોશિયલ મીડિયા પરની ઘણી પોસ્ટમાં લોકો દ્વારા અલગ અલગ દાવા કરવામાં આવ્યા છે. જોકે પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ■


૨૪મી પુણ્યતિથિએ ભાવવંદના



માતુશ્રી વ્રજકુંવરબેન નરસીદાસ કામદાર

(ગઢડા નિવાસી હાલ ઘાટકોપર)

અરિહંત શરણ : ૨૮-૦૮-૨૦૦૨

અમારા માતુશ્રીને સ્વર્ગસ્થ થયે ૨૪ વર્ષ વીતી ગયાં, પરંતુ તે અમારા વિચારોમાં, શબ્દોમાં, કાર્યોમાં અને અમારા આનંદમાં હજુ પણ જીવંત છે. અમારી ઉન્નતિ, પ્રગતિ અને સુખશાંતિ માટે અમે અમારા માતુશ્રીના ઋણી છીએ. આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રભુ પાસે પ્રાર્થના.

સ્વ. રતિલાલભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. રમેશભાઈ, જશવંતભાઈ, ધીરજલાલ કામદાર, શીતલ કામદાર, મૌલિક, પૂજા, ચિ. વેદાંત તથા કામદાર પરિવાર

DNK Developers


# ખેતરમાં વૃક્ષ સાથે રસ્સી બાંધીને ખેડૂતે ગળાફાંસો ખાધો: ત્રણ સામે ગુનો

લાતુર: લાતુર જિલ્લામાં વ્યાજ પર રૂપિયા આપનારા ત્રણ જણના ત્રાસથી કંટાળી ૪૫ વર્ષના ખેડૂતે પોતાના ખેતરમાં વૃક્ષ સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો. મૃતકની ઓળખ રામદાસ શિવાજી બોલેગાવે તરીકે થઇ હતી, જે ઉદગીર તહેસીલના હંદરગુલી ગામનો રહેવાસી હતો. રામદાસ ગુરુવારે સવારે ૬.૩૦ વાગ્યે મોરતાલવાડી નજીક પોતાના ખેતરમાં વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દાખલ એફઆઇઆર અનુસાર હાલી ગામમાં રહેનારા આરોપી વિક્રમ ઉર્ફે જંતુ રાજપાલ માને, જીવન ચંદ્રકાંત માને અને ચંદ્રકાંત માને પાસેથી રામદાસે વ્યાજ પર પૈસા લીધા હતા.

આરોપીઓ પોતાના પૈસા પાછા માગી રહ્યા હતા અને એ માટે રામદાસને ત્રાસ આપી રહ્યા હતા. તેમણે રામદાસને ધમકી પણ આપી હતી. તેમના ત્રાસથી કંટાળીને રામદાસે અંતિમ પગલું ભર્યું હતું, એમ રામદાસના ભાઇએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. પોલીસે રામદાસના ભાઇની ફરિયાદને આધારે ત્રણ જણ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી ન હોવાનું પોલીસ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# પુણેમાં ડ્રેનેજ ચેમ્બરમાં ફસાઇ જતાં બે કામદારનાં મોત

પુણે: પુણે જિલ્લાના પિંપરી-ચિંચવડમાં ડ્રેનેજ ચેમ્બરમાં ફસાઇ જવાથી બે કામદારનાં મોત થયાં હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પિંપરી-ચિંચવડમાં લોકમાન્ય હોસ્પિટલ નજીક બુધવારે મોડી રાતે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બંને કામદારની ઓળખ અમોલ શિંદે (૨૦) અને મનોજ શિંદે (૨૬) તરીકે થઇ હતી. બંને જણ ડ્રેનેજ ચેમ્બરમાં ઊતર્યા બાદ ફસાઇ ગયા હતા. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ અને અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જવાનોએ બંને કામગારને બહાર કાઢ્યા હતા અને તેમને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં બંનેને મૃત જાહેર કરાયા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બંનેના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. બંનેને કોણે કામ સોંપ્યું હતું અને તેઓ રાતે સ્થળ પર શું કરી રહ્યા હતા.

સ્થાનિકોએ દાવો કર્યો હતો કે આ એ જ સ્થળ છે ત્યાં ગયા વર્ષે ત્રણ કામદારના મૃત્યુ થયાં હતાં અને વહીવટીતંત્રની બેદરકારી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. (પીટીઆઇ)■

## મલાડમાં બોગસ કૉલ સેન્ટર

# ઇ-કોમર્સ કંપનીઓની ફ્રેન્ચાઇઝી અપાવવાને બહાને ઠગાઇ આચરવા બદલ નવની ધરપકડ

મુંબઈ: મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે મલાડ પશ્ચિમમાં બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો અને કુરિયર તથા ઇ-કોમર્સ કંપનીઓની ફ્રેન્ચાઇઝી અપાવવાને બહાને લોકો સાથે છેતરપિંડી આચરવા બદલ સંચાલક સહિત નવ જણની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ની ટીમે ધરપકડ કરેલા આરોપીઓમાં નફીસ અનીસ અન્સારી, દેવેન્દ્ર અરવિંદ વિરકર, દાનિશ આમીર બેગ, સત્યપ્રકાશ લાલબિહારી યાદવ, સાહિલ અસ્લમ વરુણકર, શિવા બાબુરાવ બાસ્તે, શોએબ મોહંમદ શેખ તથા અન્યોનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી કમ્પ્યુટરની ૧૦૫ હાર્ડડિસ્ક, ૩૨ લેપટોપ, ૩૦ મોબાઇલ, ૧૦૦થી વધુ ફ્રેન્ચાઇઝી એગ્રીમેન્ટ જપ્ત કરાયાં હતાં, તેની કિંમત પચીસ લાખ રૂપિયા થાય છે.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ૨૪ ઑગસ્ટે મલાડ પશ્ચિમમાં લિંક રોડ પર એવરશાઇન મૉલમાં ઇન્સ્ટા ટ્રાન્સફર બિઝ પ્રા.લિ. કંપનીની ઓફિસમાં રેઇડ પાડી હતી, જ્યાં બોગસ કૉલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું. પોલીસે ત્યાંથી નવ લોકોને તાબામાં લીધા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કંપનીના માલિક, એચઓડી અને મેનેજર તેમના ટેલિકૉલર મારફત મુખ્યત્વે મુંબઈ અને મહારાષ્ટ્ર બહારના નાગરિકોનો સંપર્ક સાધતા હતા અને તેમને કુરિયર કંપની અને ઇ-કોમર્સ કંપનીઓ સાથે તેમના કરાર થયા હોવાનું જુઠ્ઠાણું ચલાવતા હતા અને ફ્રેન્ચાઇઝી અપાવવાને બહાને લોકો પાસેથી રૂપિયા પડાવતા હતા.

આરોપીઓએ અત્યાર સુધી ૨૦ લોકો સાથે છેતરપિંડી આચરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. આરોપીઓ વિરુદ્ધ બાંગુરનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■


લાડુઆ શ્રીમાળી જૈન (ભરુચ)

## શ્રધ્ધાંજલિ

જન્મ
૧૨/૯/૧૯૩૪



અરિહંત શરણ
૨૩/૮/૨૦૨૬

**કુ. બંસરી પારેખ**

સ્વ. માણેકબેન અને સ્વ. મોહનલાલ રતનચંદ પારેખના સુપુત્રી (જી. ટી. ગર્લ્સ હાઇસ્કૂલ અને મોડર્ન સ્કૂલ, સિક્કાનગર) ના શિક્ષિકા

તારિખ: ૨૩/૮/૨૦૨૬ ના રોજ નેરલ મુકામે શાંતિપૂર્વક અરિહંત શરણ પામેલ છે.

તે સ્વ. અરવિંદ પારેખ (કલકત્તા), સ્વ. ઉષા કાગલવાલા (વડોદરા), સ્વ. વિજય પારેખ(યુ.એસ.એ), સ્વ. ડૉ. જયંત પારેખ (નેરલ), સ્વ. જયોતિ પારેખ (મુંબઈ),અને હેમલતા પારેખ (નેરલ) ના બહેન. ભાઈ નિલેશ (નેરલ), જયેશ (સિંગાપૂર), નીશીથ (યુ.એસ.એ), તાની-નેહા (યુ.એસ.એ) ના પ્રેમળ ફોઈ તથા સુષ્મા ટોલિયા (ચેન્નઈ) ના પ્રેમળ માસી.

પ્રભુ તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ બક્ષે એવી પ્રાર્થના. સર્વ પરિવારજન, સગા-સંબંધી અને સ્નેહીજનોને પ્રાર્થના દ્વારા સ્મરણાંજલિ અર્પવા વિનંતિ.

પ્રાર્થના સભા તથા અન્ય લૌકિક વ્યવહાર રાખેલ નથી.

નિલેશ પારેખ 9978891024

હેમલતા પારેખ 9322190940

# મોદી હજી મજબૂતઃ આજે ચૂંટણી થાય તો એનડીએને ૩૨૬ બેઠક મળે એવો સર્વે

નવી દિલ્હીઃ જો આજે લોકસભાની ચૂંટણી થાય તો ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ) ૩૨૬ બેઠક જીતીને આસાનીથી બહુમતી મેળવે, એવું અનુમાન ઈન્ડિયા ટુડે-સીવોટર મૂડ ઑફ નેશન સર્વેમાં મળ્યું હતું. જોકે અગાઉના સર્વેની સરખામણીમાં એનડીએની બેઠકો ઘટી છે. એનડીએ તેના શાસનના બારમા વર્ષે જાન્યુઆરીના સર્વેની તુલનામાં ૨૬ સીટ ઓછી મેળવે. જાન્યુઆરીમાં એનડીએને ૩૫૨ બેઠક મળે એવું અનુમાન કરાયું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ની ચૂંટણી પહેલાં '૪૦૦ પાર'નું સૂત્ર દીધું હતું અને આ બેઠકો તેના કરતાં ઘણી ઓછી છે. એનડીએ ૨૦૨૯ની ચૂંટણી પહેલાં જેન-ઝી પરિબળના પડાકારોનો સામનો કરી રહ્યું છે. બીજી બાજુ ઈન્ડિયા બ્લોકની બેઠક જાન્યુઆરીની સરખામણીમાં એટલી વધી નથી. સર્વે કૉંગ્રેસની આગેવાની હેઠળના જોડાણને ૧૮૫ બેઠક આપે છે. ઈન્ડિયા બ્લોકે ૨૦૨૪માં ૨૩૪ બેઠક જીતી હતી એના કરતાં આ ઘણી ઓછી બેઠક છે.

ઈન્ડિયા ટુડે બે દાયકાથી આવો સર્વે કરે છે. ઑગસ્ટનો સર્વે પહેલી જુલાઈ અને ૨૫ ઑગસ્ટની વચ્ચે ૨૫,૧૮૪ લોકોના નમૂના વડે કરવામાં આવ્યો હતો.

તાજા સર્વેમાં ભાજપ ૨૬૧ બેઠક જીતે એવી આગાહી કારઈ છે. છ મહિના પહેલાં આ અનુમાન ૨૮૭ બેઠકનું હતું. ભાજપના જનાધારમાં યુવાનોના ગુસ્સાને લીધે ઘટાડો થયો છે. સર્વેમાં રાહુલ ગાંધીની કૉંગ્રેસને ૧૦૬ બેઠક આપવામાં આવી છે. જાન્યુઆરીના સર્વેમાં આ પક્ષને ૮૦ બેઠક અપાઈ હતી. એનડીએના મતની ટકાવારી ૪૫.૧ થઈ છે જે જાન્યુઆરીમાં ૪૭ ટકા હતી. ઈન્ડિયા બ્લોકની ટકાવારી ૩૯.૧ ટકા થઈ છે.

# સીજેઆઈની હાજરીનો વિવાદઃ લૉ કોલેજનો દીક્ષાંત સમારોહ રદ

હૈદરાબાદઃ વર્ષ ૨૦૨૬ના સ્નાતકોના બૅચના એન્રોલમેન્ટ અંગેના વિવાદ અને વિદ્યાર્થીઓએ દીક્ષાંત સમારોહમાં ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) સૂર્યકાંતની પ્રસ્તાવિત હાજરીનો વિરોધ કર્યા બાદ નેશનલ લૉ સ્કૂલ ઑફ ઈન્ડિયા યુનિવર્સિટી-બેંગલૂરુએ વર્ષ ૨૦૨૬ના સ્નાતકો માટે આયોજિત કરેલો દીક્ષાંત સમારોહ રદ કર્યો હતો.

યુનિવર્સિટીએ ૩, ઑગસ્ટે ઈમેલ કરીને વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સમારોહ ૧૨મી સપ્ટેમ્બરે યોજાશે.

જોકે, હવે ૨૭ ઑગસ્ટે બહાર પાડવામાં આવેલી નૉટિસમાં જણાવાયું હતું કે અનિવાર્ય સંજોગોને કારણે દીક્ષાંત સમારોહ રદ કરવામાં આવ્યો છે.

અમારા શ્રેષ્ઠ સામૂહિક પ્રયાસો છતાં અનિવાર્ય સંજોગોને કારણે અમે ૩૪મો દીક્ષાંત સમારોહ રદ કરીએ છીએ, એમ બહાર પાડવામાં આવેલી નૉટિસમાં જણાવવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના જણાવ્યા અનુસાર તમામ સ્નાતક વિદ્યાર્થીઓને તેમની સંચાલક સંસ્થાની મંજૂરીને આધીન રહીને તેમની ગેરહાજરીમાં ડિગ્રી એનાયત કરવામાં આવશે.

(એજન્સી)■



**ઉત્સવઃ** સ્પેનમાં ટોમાટિના ઉત્સવ નિમિત્તે વાલેસિસ્યામાં લોકોએ એકમેક પર ટમેટાં ફેંક્યાં હતાં. (પીટીઆઈ)

# હથિયારોના ઉત્પાદનમાં ભારતની લાંબી છલાંગ

## શસ્ત્ર ઉત્પાદન ૧.૮૦ લાખ કરોડ અને નિકાસ ૩૯,૦૦૦ કરોડ રૂપિયાને પાર

જબલપુરઃ ભારતનું સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતા તરફ ઐતિહાસિક પ્રગતિ કરી રહ્યું છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે જાહેરાત કરી હતી કે છેલ્લા એક દાયકામાં ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન લગભગ ચાર ગણું વધીને આશરે ૧.૮૦ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ દરમિયાન ભારતનાં સંરક્ષણ સાધનોની નિકાસ લગભગ ૩૯,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. સંરક્ષણ પ્રધાન મધ્યપ્રદેશના જબલપુરમાં ૫૭ વર્ષ જૂની વ્હીકલ ફેક્ટરી જબલપુર (વીએફજે) ખાતે ટી-સીરિઝના મૅઇન યુદ્ધ ટેન્કોના ઓવરહૉલિંગ માટે બનનારા ૪૭૨ કરોડ રૂપિયાના નવા પ્લાન્ટનો શિલાન્યાસ કરવા પહોંચ્યા હતા. રાજનાથ સિંહે ૨૦૧૪ની સરખામણીમાં સંરક્ષણ ક્ષેત્રમાં થયેલી અભૂતપૂર્વ પ્રગતિની વિગતો રજૂ કરી હતી. ૨૦૧૪માં દેશનું શસ્ત્રો અને દારૂગોળોનું ઉત્પાદન ફક્ત ૪૬,૦૦૦ કરોડ હતું, જે હવે વધીને ૧.૮૦ લાખ કરોડ રૂપિયા થયું છે. ભારતની સંરક્ષણ નિકાસ જે ૨૦૧૪માં ફક્ત ૧,૦૦૦ કરોડ રૂપિયા હતી, તે હવે રેકોર્ડ ૩૯,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં સંરક્ષણ નિકાસમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયા કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારતના વિઝનથી પ્રેરિત સંરક્ષણ ક્ષેત્રમાં ભારત પ્રત્યેનો વિશ્વનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે. ભારત હવે ફક્ત પોતાની ધરતી પર આધુનિક શસ્ત્રોનું ઉત્પાદન જ નથી કરી રહ્યું, પરંતુ તેમની જાળવણી, ઓવરહોલિંગ અને અપગ્રેડ કરવાની સંપૂર્ણ ક્ષમતા પણ ધરાવે છે. આ પ્રોજેક્ટ સ્થાનિક યુવાનો માટે રોજગારની નવી તકો ઊભી કરશે. ■

# ટીએમસીનાં મમતા જૂથનાં બૅંક ખાતાં સ્થગિત જ રહેશેઃ કોર્ટ

કોલકાતાઃ કોલકાતા હાઇ કોર્ટે ગુરુવારે મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના ટીએમસી જૂથને લગભગ ૮૦૪ કરોડ રૂપિયા ધરાવતા ચાર ડેબિટ-ફ્રોઝન બૅંક ખાતા ચલાવવાની મંજૂરી આપતો વચગાળાનો આદેશ પસાર કરવાનો ઇનકાર કર્યો હતો અને ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્યએ અવલોકન કર્યું હતું કે આવી રાહત આપવાથી રાજકીય પક્ષને રોજિંદા ખર્ચ પૂરા કરવાની મંજૂરી આપતા તેમનો અગાઉનો આદેશ ભૂલભરેલો સાબિત થશે.

કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે દુર્ગા પૂજા વેકેશન પછી આ મામલો ફરીથી સુનાવણી માટે આવશે, જે પહેલાં પક્ષો પોતપોતાના હોદ્દા દર્શાવતા સોગંદનામા દાખલ કરશે.

ટીએમસીએ જાહેર ક્ષેત્રની બેંકોમાં ચાર ખાતાં ચલાવવાની પરવાનગી માગી હતી, જે પશ્ચિમ બંગાળ પોલીસ દ્વારા ડેબિટ-ફ્રોઝન કરવામાં આવ્યા હતા, અને દાવો કર્યો હતો કે ફ્રીઝિંગ સંબંધિત એફઆઈઆરમાં ખામીઓ હતી.

રાજ્ય સરકારે રજૂઆત કરી હતી કે કાયદા અનુસાર ફોજદારી કાર્યવાહીના પગલાં લેવામાં આવ્યા છે અને પોલીસને તેની તપાસ ચાલુ રાખવાની પરવાનગી માંગી હતી.

પક્ષકારોને સાંભળ્યા પછી, ન્યાયાધીશ ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે નવમી જુલાઈના રોજ રાજકીય સંસ્થાના દૈનિક ખર્ચને ત્રણ અન્ય ડેબિટ-ફ્રોઝન ખાતામાંથી ક્લિયર કરવા અને ચૂકવવા માટે એક ખાસ અધિકારીની નિમણૂક કરવાના તેમના આદેશને ધ્યાનમાં રાખીને, ચાર ખાતા અંગે આ તબક્કે કોઈ વધુ આદેશની જરૂર નથી.

તપાસ અંગે વિધાનનગર પોલીસ કમિશનરેટના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા એક રિપોર્ટ પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના ટીએમસી જૂથે ૭ જુલાઈના રોજ પોલીસ સાયબર સેલ દ્વારા ચાર બેંક ખાતા ફ્રીઝ કરવાના નિર્ણયને પડકારતી અરજી હાઈકોર્ટમાં કરી હતી. ■

# એસસીઓ મીટિંગમાં મોદી અને પુતિન વચ્ચે સીધી મંત્રણા થશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કિર્ગિસ્તાનના બિશ્કેકમાં શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ) શિખર સંમેલન દરમિયાન રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષી વાટાઘાટો કરશે. બંને નેતાઓ મુખ્ય દ્વિપક્ષી, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે નરેન્દ્ર મોદી ૨૯ ઓગસ્ટથી ઉઝબેકિસ્તાન અને કિર્ગિસ્તાનના પ્રવાસે જવા માટે રવાના થશે. તેઓ ૨૯-૩૦ ઓગસ્ટ દરમિયાન ઉઝબેકિસ્તાનના પ્રવાસે રહેશે. ત્યારબાદ ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી બિશ્કેકમાં યોજાનાર એસસીઓ સમિટમાં ભાગ લેવા માટે કિર્ગિસ્તાન જશે. તાજેતરમાં ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે રશિયાની બે દિવસીય મુલાકાત દરમિયાન પુતિન સાથે મુલાકાત કરી હતી. તે સમયે પુતિને વડા પ્રધાન મોદી સાથે તેમની આગામી મુલાકાત એસસીઓ સમિટ દરમિયાન થશે તેવી આશા વ્યક્ત કરી હતી..

વડા પ્રધાન મોદી ઉઝબેકિસ્તાનની આગામી મુલાકાત દરમિયાન પ્રમુખ મિર્ઝિયોયેવ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. જેનો ઉદ્દેશ્ય ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. ■

# સોશ્યલ મીડિયા પર આવશે લગામ

## ફિક્સ ટાઇમ જ વાપરી શકાય એવું ફીચર લઈ આવશે ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ

લોસ એન્જલિસઃ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એક એવું ફીચર રોલ આઉટ કરવા જઈ રહી છે જેમાં એક મર્યાદા નક્કી કર્યા બાદ તેનો ઉપયોગ નહીં કરી શકાય. દિવસમાં માત્ર બે કલાક અને રાત્રીના સમયે એક ચોક્કસ સમય બાદ તેનો ઉપયોગ નહીં કરી શકાય. આ ફીચર હજુ સુધી તો રોલઆઉટ થયું નથી પણ આવી જશે તો સોશ્યલ મીડિયાનો બેફામ ઉપયોગ કરનારા સામે એક લિમિટ નક્કી થઈ જશે. કેલિફોર્નિયાની કોર્ટમાં એક સહમતી પત્ર આપતા મેટાએ કહ્યું હતું. જેમાં એક એવી શરત મૂકવામાં આવી હતી કે, અબજો અમેરિકી ડોલરના દંડની સાથે સાથે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા કેટલાક નિયમ લાગુ કરવાના રહેશે. આ અંગે કોર્ટે પણ કેટલીક સ્પષ્ટતા કરી લીધી હતી. કેલિફોર્નિયાનાના એર્ટોની જનરલ રોબ બોનટાની કચેરીમાંથી મળેલા એક રિપોર્ટ અનુસાર આ નિયમ માત્ર ૧૮ વર્ષથી નીચેના યુઝર્સને જ લાગુ પડશે. આ માટે એમના અકાઉન્ટને પહેલા વેરિફાઈ કરવામાં આવશે. ખાસ કરીને બાળકોના મુદ્દાઓને લઈ કંપનીએ દાખવેલી બેદરકારી પર કાર્યવાહી કરવા તૈયાર દર્શાવી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ચાઈલ્ડ એબ્યુઝને લઈ સરકારે આંખ લાલ કરી હતી. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दोहराना | બેટ |
| द्रोह | ભમરો |
| द्विरेफ | દગો |
| द्वीप | ઝઘડો |
| द्वंद्व | બેવડાવવું |

## જાણવા જેવું

કલ્યાણજી - આણંદજીની ગણના ચિત્રપટ સૃષ્ટિની અત્યંત સફળ સંગીતકાર જોડી તરીકે થાય છે. તેમણે સંગીત આપ્યું હોય એવી ૪૦થી વધુ ફિલ્મ સિલ્વર જ્યુબિલી થઈ હતી. આ સિવાય તેમણે મનહર ઉધાસ, કમલ બારોટ, સપના મુખરજી, સાધના સરગમ સહિત અનેક નવોદિતોની કારકિર્દીને નિખારવાની તક આપી હતી.

## ગુજરાત મોરી મોરી રે


રંગભૂમિ પર અનેક અસાધારણ નાટકોની ઉત્કૃષ્ટ ભજવણી કરનારા કાંતિ મડિયાએ કઈ ગુજરાતી ફિલ્મ બનાવી હતી ?

અ) બાણશૈયા
બ) કંકુ
ક) કાશીનો દીકરો
ડ) ભવની ભવાઈ

## નોંધી રાખો

વનરાજ ભાટિયાને સંગીતકાર કરતા જાહેરાતના જિંગલ્સમાં અસાધારણ સફળતા મળતા જિંગલ્સ બાદશાહ તરીકે ઓળખાયા.

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. જાહેરમાં, ખુલ્લી રીતે (૪)
૪. કમજોર (૫)
૮. પાણી (૩)
૯. બહુ થોડું, જરા (૨)
૧૦. કુંવારી કન્યા (૪)
૧૧. કોલાહલ, ઘોંઘાટ (૨)
૧૨. ખોદવાનું એક ઓજાર (૨)
૧૩. એક તેજાનો (૩)
૧૪. વાંદરો (૨)
૧૫. કલેશ, ઉદ્વેગ (૩)
૧૯. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૨૦. છૂટા પાનાનું પુસ્તક (૨)
૨૧. જીર્ણ, ખખડી ગયેલું (૩)
૨૩. સત્ય (૨)
૨૪. બાણ (૨)
૨૫. અકસ્માત (૪)
૨૮. રાજા (૨)
૨૯. ફૂલ (૩)
૩૦. ગીરો રાખનાર (૫)
૩૧. કીસ્મત, નસીબ (૪)

### ઊભી ચાવી

૧. --- ગોઠવવું=જાળ બીછાવવી, ફસાવવા માટે કાવતરું ગોઠવવું (3)
૨. સોગટાંબાજી (3)
૩. કળિયુગનો સમય (૪)
૫. શ્રમજીવી (3)
૬. રાજાનો મુગટ (૨)
૭. શોધ, તપાસ (3)
૧૧. લાગ જોઈને --- મારવી (3)
૧૨. શેરડી પીલવાનો સંચો (૨)
૧૪. સાલસ, કપટમાં ન સમજે તેવો (3)
૧૫. --- ત્યાં જંપ (૨)
૧૬. પગરવાટ, ફૂટપાથ (3)
૧૭. લશ્કર, ફોજ (૨)
૧૮. તમાકુ, છીંકણી (3)
૨૦. નરમ, ઢીલું (૨)
૨૨. આરોપ, આળ (૪)
૨૩. સાદાઈ (3)
૨૪. પ્રેમ ઘેલું (3)
૨૬. શીખ ધર્મના પ્રવર્તક સંત (3)
૨૭. તૈયાર, સજ્જ (3)
૨૮. પંજાબની એક નદી (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?



યશ ચોપડાની 'પરંપરા'થી ફિલ્મયાત્રા શરૂઆત કરનાર સૈફ અલી ખાનની નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મની ઓળખાણ પડી?

અ) કચ્ચે ધાગે બ) ક્યા કેહના ક) દિલ ચાહતા હૈ ડ) હમ તુમ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૭ | | | | ૬ | | ૯ |
| ૧ | | | | | | | | ૮ |
| | | ૮ | ૩ | | ૪ | ૫ | | |
| | | ૨ | ૯ | ૬ | ૮ | ૧ | | |
| | ૯ | | ૪ | | ૩ | | ૮ | |
| | | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | | |
| | | ૯ | ૫ | | ૬ | ૪ | | |
| ૮ | | | | | | | | ૭ |
| ૬ | | ૩ | | | | ૮ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ | ૭ | ૯ | ૪ |
| ૩ | ૪ | ૮ | ૯ | ૭ | ૧ | ૬ | ૫ | ૨ |
| ૭ | ૬ | ૯ | ૪ | ૫ | ૨ | ૩ | ૮ | ૧ |
| ૯ | ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૧ | ૬ | ૫ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૯ | ૫ | ૪ | ૨ | ૭ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૪ | ૬ | ૮ | ૩ | ૯ |
| ૧ | ૯ | ૩ | ૫ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૩ |
| ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दौरा | પ્રવાસ |
| दोपहर | બપોર |
| दौर | જમાનો |
| द्रुत | ઝડપી |
| देहाती | ગમાર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
લાખો ફુલાણી

**ઓળખાણ પડી?**
લાખો મેં એક

**માઈન્ડ ગેમ :**
બાઝાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
રેશમા ઔર શેરા

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં યાદગાર જોડી બનાવનાર રાજ કપૂર - નરગીસની સાથે અભિનીત અંતિમ ફિલ્મ કઈ હતી એ જણાવો.

અ) રાત ઔર દિન બ) દીવાના ક) મધર ઈન્ડિયા ડ) જાગતે રહો

## માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મોના એક યુગ તરીકે નામના મેળવનારાં લતા મંગેશ્કરએ કયા સંગીતકાર માટે એક પણ ગીત નથી ગાયું એ જણાવો.

અ) રોશન બ) ઓ. પી. નય્યર ક) સજ્જાદ હુસેન ડ) રવીન્દ્ર જૈન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) કુંદન કે. મારુ (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલિયા (૨૩) કમલ માતલિયા (૨૪) અરવિંદ કામદાર (૨૫) અલકા વાણી (૨૬) ડાયના સંતોકે (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) મહેશ દોશી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) હિંમત ખોલીયા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૯૬ જવાબઃ ૧) કનૈયા કનૈયા તુજે આના પડેગા વચન ગીતાવાલા નિભાના પડેગા, ૨) હે રે કનૈયા કિસકો કહેગા તું મૈયા એકને તુજકો જનમ દિયા, ૩) બ્રિન્દાવાન કાં કૃષ્ણ કનૈયા સબકી આંખો કાં તારા મન હી મન મેં, ૪) મધુબન મેં કનૈયા કિસી ગોપી સે મિલે રાધા કૈસે ના જલે, ૫) મોરે બંસી બજૈયા નંદલાલા કનૈયા મોહે મોહે નહીં ઐસે, ૬) બડા નટખટ હૈ કૃષ્ણ કનૈયા કાં કરે યશોદા મૈયા ૭) જા તોંસે નહીં બોલું કનૈયા રાહ ચાલત પકડી મોરિ બૈયા

ક્વિઝ ૧૯૭ જવાબઃ ૧) દેવ આનંદ - ઝીનત અમાન, ૨) અક્ષય કુમાર - જુહી ચાવલા, થ૩) શાહરુખ ખાન - ઐશ્વર્યા રાય, ૪) રજનીકાંત - હેમા માલિની, ૫) હૃતિક રોશન - કરિશ્મા કપૂર, ૬) રણવીર સિંહ - પ્રિયંકા ચોપરા, ૭) જહોન અબ્રાહન - દીપિકા પાદુકોણ

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


# ફિલ્મમાં ફરી ફૂંફાડા મારવા નાગ આવી ગયો છે...!



## એકતા કપૂર ‘નાગિન’ સિરિયલની સફળતા પછી હવે ફિલ્મ બનાવશે. નાગિનનો બદલો ચિત્રપટ ઈતિહાસની જૂની અને હિટ ફોર્મ્યુલા છે

વિજ્ઞાન માટે તો સાપ - નાગ સરીસૃપ વર્ગનું પ્રાણી છે. એ ઝેરી અથવા બિન ઝેરી હોય છે. કદમાં નાના - મોટા હોય છે. એને કાન નથી હોતા, એ દૂધ નથી પીતા. જોકે, વહેમ અને વિજ્ઞાન વચ્ચે સાપ સતત ફંગોળાતો રહ્યો છે. લોકજીવનમાં સાપ સિવાય નાગ, નાગ દેવતા, શેષનાગ વગેરેની હાજરી છે. સાપ માટે ડર અને તુચ્છકારની ભાવના છે, જ્યારે નાગ નામ પડતા ડરની સાથે સાથે ભક્તિભાવ જોડાઈ જાય છે. હિન્દુ ધર્મમાં નાગ પૂજનીય છે. પૌરાણિક કથા અનુસાર શિવજીના ગળામાં નાગ હોય છે અને ભગવાન વિષ્ણુ શેષનાગ પર શયન કરે છે. નાગ પંચમીનો તહેવાર ઉજવવામાં આવે છે.

બીજી તરફ, ઈચ્છાધારી નાગ - નાગિન અને નાગમણિના કથાનકમાં લોકોને રસ પડે છે. ભારતીય સિનેમામાં સાપ (ખાસ કરીને નાગ - નાગિન) ફિલ્મમેકરોની પસંદગીનો વિષય રહ્યો છે. એનું મુખ્ય કારણ એ આપણી સંસ્કૃતિ અને કલ્પનામાં ગૂંચળું વાળીને પડ્યો છે. નાગિનનો બદલો ભારતીય ચિત્રપટ ઈતિહાસની એક જૂની અને હિટ ફોર્મ્યુલા રહી છે. કોઈ વ્યક્તિ નાગને મારી નાખે તો નાગિન સાથીના મોતનો બદલો લેવા આવે છે એવી ઈમોશનલ કથા દર્શકોને ભાવવિભોર કરી જકડી રાખે છે. મદારીના બીનનો ધ્વનિ અને એના પર થતો નાગિન ડાન્સ લોકોને મોહિત કરી દે છે.


‘નાગિન’ નાના પડદા પરથી મોટા પડદા પર

૩૦ વર્ષ પહેલા ‘હમ પાંચ’ નામની ટીવી સિરિયલના નિર્માણથી એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ઝુકાવનારી અભિનેતા જિતેન્દ્રની પુત્રી એકતા કપૂરે ટેલિવિઝન પર અગિયાર વર્ષથી ચાલી રહેલી સાત સિઝનની સુપરનેચરલ ફ્રેન્ચાઈઝી ‘નાગિન’ને ફિલ્મના પડદા ઉપર સાકાર કરવાના નિર્ણયની જાહેરાત તાજેતરમાં કરી હતી. આ જાહેરાત કરવામાં આવી એ દિવસે અંગ્રેજી કેલેન્ડર અનુસાર તારીખ ૧૮ ઓગસ્ટ હતી. જોકે, હિન્દુ તારીખિયા અનુસાર એ દિવસે શ્રાવણ સુદ પાંચમ હતી. આ દિવસે આપણા દેશના મોટાભાગના રાજ્યોમાં નાગ પંચમીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. નાગ - નાગણ અને હિન્દી ફિલ્મોનો નાતો ૭૦ વર્ષ જૂનો (જુઓ: ફ્લેશબેક કોલમ) છે. એકતા કપૂરની આ ઘોષણા સાથે બીજો એક જોગાનુજોગ એવો છે કે હિન્દી અને ગુજરાતીમાં બનેલી એકમાત્ર ફિલ્મ ‘ખમ્મા મારા વીરા’ પણ બરાબર ૫૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૭૬ની નાગ પંચમીએ રિલીઝ થઈ હતી. ફિલ્મનું નામ ભલે શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન) તરફ આંગળી ચીંધતું હોય, ફિલ્મ હકીકતમાં નાગરાણી અને નાગરાજાને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવી હતી.

એકતા કપૂરની ફિલ્મના કલાકાર કે ડિરેક્ટર વિશે કોઈ ફોડ નથી પાડવામાં આવ્યો. જોકે, સુપરનેચરલ ફિલ્મોના દિગ્દર્શનમાં હથોટી ધરાવતા આદિત્ય સરપોતદારને દિગ્દર્શન સોંપાય એવી અટકળો વહેતી થઈ છે. નાગિનના રોલ માટે એકતાએ ભૂતકાળમાં પ્રિયંકા ચોપડા અને કટરિના કૈફ સાથે ચર્ચા કરી હતી, પણ ફિલ્મ બનાવવાનો નક્કર નિર્ણય ન લેવાયો હોવાથી વાત હવામાં જ ઓગળી ગઈ હતી. આ બંને અભિનેત્રી માટે ફરી વિચાર થશે કે પછી શ્રદ્ધા કપૂર કે કરીના કપૂરની કે પછી અન્ય કોઈ એક્ટ્રેસની વિચારણા થાય છે એ તો આવનારો સમય જ કહેશે. એકતા કપૂરનું નિર્માણ હોવાથી ફિલ્મની કથા સિરિયલની ફોર્મ્યુલાથી સાવ અલગ હોવાની સંભાવના ઓછી છે. સુપરનેચરલ ફિલ્મોનું જોર હોવાથી એ તરફ ઝોક હોવાની સંભાવના નકારી ન શકાય.

### હોલિવૂડના ખબર-અંતર

નાગ - નાગિનની ફિલ્મો (Snake Films) હોલિવૂડમાં પણ બને છે. મુખ્ય ફરક છે કથાનકનો. ત્યાં માયથોલોજી જવલ્લે જ જોવા મળે છે. અત્યાર સુધીની હોલિવૂડની સૌથી જાણીતી ફિલ્મ બેશક Anaconda (૧૯૯૭) છે. સાપ પર બનેલી વિદેશી ફિલ્મોમાં ‘એનાકોન્ડા’ સર્વોત્તમ માનવામાં આવે છે. અહીં કોઈ પૌરાણિક કથા નથી બલકે એક ભયાનક અને વિશાળ કાયા ધરાવતા સાપ - અજગરના આતંકની કથા કેન્દ્ર સ્થાને છે. બોક્સ ઓફિસ પર ફિલ્મને જ્વલંત સફળતા મળી હતી. ૪૫ મિલ્યન ડૉલરમાં બનેલી આ ફિલ્મ ૧૩૬ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવવામાં સફળ રહી હતી. આ ફિલ્મની પાંચ સિક્વલ બની હતી જેમાં ટેલિવિઝન મુવીનો પણ સમાવેશ હતો.

‘જોસ’ નામની ફિલ્મથી ખ્યાતિ મેળવનારા સ્ટીવન સ્પીલબર્ગે Raiders of the Lost Ark (૧૯૮૧)ફિલ્મ બનાવી દર્શકોને પ્રભાવિત કર્યા હતા. હેરિસન ફોર્ડ અભિનીત આ ફિલ્મમાં એક આર્કિયોલોજી પ્રોફેસર અને એના એડવેન્ચરની કથા હતી. ૨૦ મિલ્યન ડૉલરના બજેટમાં બનેલી આ ફિલ્મ અધધ ૩૯૦ મિલ્યન ડૉલરનો વકરો કરવામાં સફળ રહી હતી. ઈન્ડિયાના જોન્સ ફ્રેન્ચાઈઝીની આ પ્રથમ ફિલ્મ હતી.

૨૦૦૬માં આવેલી Snakes on a Plane ફિલ્મમાં એરપ્લેનના રેસ્ટ રૂમમાં સાપના આતંકની કથા છે. કાનૂની ખટલાના એક સાક્ષીની હત્યા કરવાના આશય સાથે વિમાનમાં ડઝનબંધ ઝેરી સાપ છોડવામાં આવે છે. ટાઇટલને કારણે રિલીઝ પહેલા ફિલ્મ ખાસ્સું કુતૂહલ પેદા કરવામાં સફળ રહી હતી. હેરી પોટર સિરીઝની બીજી ફિલ્મ Harry Potter and the Chamber of Secrets (૨૦૦૨)ની કાલ્પનિક કથામાં એક એવા સાપની વાત છે જે એને માત્ર જોવાથી વ્યક્તિ મોતને ભેટે છે. જોકે, ફિલ્મના ક્લાઈમેક્સમાં હેરી તલવારથી સાપને ખતમ કરવામાં સફળ રહે છે. આ સિવાય પણ ફિલ્મો બની છે. માયથોલોજીની સ્નેક ફિલ્મોમાં Conan the Barbarian (૧૯૮૨), Clash of the Titans (૧૯૮૧)જાણીતી છે. ■

---


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# સિક્સ પેક સામે ફેમિલી પેક સિનેમા ગાયબ!

## બોલિવૂડે પરિવાર સાથે જોઈ શકાય એવી ફિલ્મ્સ બનાવવાનું કેમ બંધ કરી દીધું?

એક સમય હતો જ્યારે ફેમિલી ફિલ્મ બોલિવૂડમાં કોઈ અલગ કે નાની કેટેગરી નહોતી. એ જ મેઇનસ્ટ્રીમ સિનેમા હતું.





નિર્માતાઓ એવી ફિલ્મ્સ બનાવવા માગતા હતા જે દાદા-દાદી, માતા-પિતા અને બાળકો સાથે બેસીને જોઈ શકે. ઘણી વખત એ જ વર્ષની સૌથી મોટી ફિલ્મ બનતી. ‘હમ આપકે હૈં કૌન’, ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’, ‘હમ સાથ સાથ હૈં’, ‘કભી ખુશી કભી ગમ’, ‘બાગબાન’, ‘વિવાહ’ અને આવી અનેક ફિલ્મ્સ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર થઈ હતી. ઘરોમાં તેમની ચર્ચા થતી, ટીવી પર વારંવાર જોવામાં આવતી અને પરિવારની યાદોનો ભાગ બની જતી.

આજે બોલિવૂડની મેઇનસ્ટ્રીમ ફિલ્મ્સમાંથી આ આખી કેટેગરી લગભગ ગાયબ થઈ ગઈ હોય એવું લાગે છે.

હૃષિકેશ મુખર્જીએ ‘આનંદ’, ‘બાવર્ચી’, ‘ગોલમાલ’, ‘ચુપકે ચુપકે’ અને ‘ખૂબસૂરત’ જેવી ક્લાસિક ફિલ્મ્સ આપી, જે દરેક ઉંમરના દર્શકો માણી શકતા. બાસુ ચેટર્જીની ‘રજનીગંધા’, ‘છોટી સી બાત’ અને ‘બાતોં બાતોં મેં’ જેવી ફિલ્મ્સે રોજિંદા જીવનમાંથી જ ડ્રામા શોધ્યો. ત્યારબાદ સૂરજ બડજાત્યાએ ફેમિલી વેલ્યુઝને બ્લોકબસ્ટર એન્ટરટેઇનમેન્ટમાં ફેરવી નાખ્યાં.




કોઈને ‘રાજશ્રી ફિલ્મ્સ’નું સિનેમા ગમે કે ન ગમે, પરંતુ એ વાત નકારી શકાય નહીં કે ‘રાજશ્રી’વાળા એવા દર્શકોને સમજતા હતા, જેમને હૂંફ, સંબંધો અને પોઝિટિવિટીવાળી ફિલ્મ્સ જોઈતી હતી.

૨૦૦૦ના દાયકામાં પણ ફેમિલી ફિલ્મ્સનું મહત્ત્વ હતું. ‘કભી ખુશી કભી ગમ’, ‘બાગબાન’, ‘હમ સાથ સાથ હૈં’, ‘વિવાહ’, ‘તારે જમીન પર’ અને ‘મુન્નાભાઈ એમ.બી.બી.એસ.’ તથા ‘લગે રહો મુન્નાભાઈ’ જેવી ફિલ્મ્સ એવી લાગણીઓ પર આધારિત હતી, જે અલગ-અલગ ઉંમરના દર્શકોને સાંકળી શકતી હતી. આ ફિલ્મ્સ જરૂરી નથી કે સરળ કે સિમ્પલ હોય. તે માત્ર એટલું જરૂર સમજતી હતી કે વધારે પડતી હિંસા, ગાળો, અબ્યૂઝ કે શોક વેલ્યૂ પર આધાર રાખ્યા વિના પણ સિનેમા લોકોને એન્ટરટેઇન કરી શકે છે.




આજના સિનેમાના લેન્ડસ્કેપ સાથે તેની સરખામણી કરીએ તો વાત અલગ દેખાય છે. આજે સૌથી મોટી ચર્ચા ‘એનિમલ’, ‘પુષ્પા’, ‘કેજીએફ’, ‘સાલાર’, ‘માર્કો’, ‘કબીર સિંહ’ અને આવી અનેક એક્શન ફિલ્મ્સને લઈને થાય છે. આ ફિલ્મ્સ ગમે કે ન ગમે એ અલગ ચર્ચા છે. મોટો મુદ્દો એ છે કે આજે માર્કેટનું ધ્યાન ક્યાં છે. હિંસા, બદલો, ક્રાઇમ, મર્દાનગી અને હાઈ-ઇન્ટેન્સિટી ડ્રામા કમર્શિયલ સિનેમાના સૌથી મોટા ટૂલ્સ બની ગયા છે.

આવી ફિલ્મ્સ હોવા સામે કોઈ જ વાંધો નથી. ઇન્ડસ્ટ્રીને અલગ-અલગ પ્રકારની ફિલ્મ્સની જરૂર હોય છે. સમસ્યા ત્યારે શરૂ થાય છે જ્યારે એ વિવિધતા જ ગાયબ થવા લાગે. આજે બોલિવૂડ એક્શન ફિલ્મ્સ બનાવે છે, સ્પાય ફિલ્મ્સ બનાવે છે, ક્રાઇમ ડ્રામા બનાવે છે, હોરર યુનિવર્સ બનાવે છે, ગેંગસ્ટર સાગા બનાવે છે અને ડાર્ક થ્રિલર બનાવે છે, પરંતુ ખરેખર આખા પરિવાર માટે બનાવવામાં આવેલી ફિલ્મ્સ ખૂબ ઓછી થઈ ગઈ છે. છેલ્લે કઈ મોટી બોલિવૂડ બ્લોકબસ્ટર ખાસ કરીને આખા પરિવારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હતી એ યાદ કરવું પણ મુશ્કેલ છે. એવી ફિલ્મ નહીં જે પરિવાર પણ જોઈ શકે. એવી ફિલ્મ જે ખરેખર પરિવાર માટે બનાવવામાં આવી હોય.




કેટલાક ફિલ્મમેકર્સ કહે છે કે સમાજ બદલાઈ ગયો છે. જોઈન્ટ ફેમિલી પહેલાં કરતાં ઓછી થઈ ગઈ છે. યંગ ઓડિયન્સની પસંદગી બદલાઈ ગઈ છે. ‘હમ આપકે હૈં કૌન’ કે ‘વિવાહ’માં દેખાતું ભારત આજે એટલું સામાન્ય નથી. આ વાતમાં થોડું સત્ય છે, પરંતુ સમાજ બદલાઈ ગયો એટલે ફેમિલી સ્ટોરીઝ અપ્રસ્તુત થઈ જાય એવું જરૂરી નથી. ઊલટું, બદલાતા પરિવારના સંબંધો નવી વાર્તાઓ માટે વધુ તક આપે છે. સંબંધોની ગૂંચવણ બદલાઈ છે, પરંતુ સંબંધો તો આજે પણ છે.

રોહિત શેટ્ટી પોતાની ફિલ્મ્સને ફેમિલી ફિલ્મ્સ કહીને માર્કેટ કરે છે. ‘ગોલમાલ અગેઇન’નું ઉદાહરણ લઈએ. એ નિઃશંકપણે મોટી કમર્શિયલ સફળતા હતી. લાખો લોકોએ ફિલ્મ એન્જોય કરી, પરંતુ જો તેની સરખામણી હિન્દી સિનેમાની શ્રેષ્ઠ કોમેડી ફિલ્મ્સ સાથે કરીએ તો શું એ ‘અંદાઝ અપના અપના’, ‘જાને ભી દો યારો’, ‘હેરા ફેરી’, ‘ચુપ ચુપ કે’ અથવા હૃષિકેશ મુખર્જીની ક્લાસિક ફિલ્મ્સની બાજુમાં ઊભી રહી શકે ખરી?




આજની સ્ક્રીન પરથી ફેમિલી ફિલ્મ્સના ગાયબ થવાનું સૌથી મોટું કારણ કદાચ ઇકોનોમિક છે. નિર્માતા સ્વાભાવિક રીતે એ જ વસ્તુની પાછળ જાય જે ચાલે છે. જ્યારે હિંસા, આક્રમકતા અને મોટા પાયાના હીરોવાળી ફિલ્મ્સ સતત કરોડો રૂપિયાની કમાણી કરે છે. ત્યારે ઇન્ડસ્ટ્રી એ વાતની નોંધ લે છે.

કોઈ નિર્માતા પાસે ૧૦૦ કરોડ રૂપિયા રોકવાના હોય તો તે ફેમિલી ડ્રામા કરતાં આગામી મોટી એક્શન ફિલ્મમાં પૈસા લગાવવાનું વધારે સેફ માને છે. માર્કેટ સ્કેલને રિવોર્ડ કરે છે એટલે ઇન્ડસ્ટ્રી સ્કેલ પાછળ દોડે છે.

હા, દર્શકો પણ આ સ્થિતિ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે નિર્દોષ નથી. હાઇપર-વાયોલન્ટ સિનેમાની લોકપ્રિયતાએ ઇન્ડસ્ટ્રીને એક સ્પષ્ટ મેસેજ આપ્યો છે. ‘એનિમલ’, ‘પુષ્પા’, ‘કેજીએફ’ અને ‘સાલાર’ જેવી ફિલ્મ્સ સફળ થાય છે કારણ કે નિર્માતાઓ લોકોને તે જોવા માટે મજબૂર કરે છે એવું નથી. લોકો મોટી સંખ્યામાં ટિકિટ ખરીદે છે એટલે તે ફિલ્મ્સ સફળ થાય છે. એ પછી એક સાઈકલ શરૂ થાય છે. દર્શકો હિંસાવાળી ફિલ્મ્સ જુએ છે એટલે નિર્માતા વધુ એવી ફિલ્મ્સ બનાવે છે. નિર્માતા ફેમિલી ફિલ્મ્સ ઓછી બનાવે છે એટલે દર્શકો પાસે વિકલ્પો ઓછા રહે છે. સમય જતા આખી કેટેગરી જ નાની થવા લાગી છે! ■

**લાસ્ટ શોટ**

*બાય ધ વે, ફિલ્મમેકર્સ બાળકો માટે પણ આજે ઓછી ફિલ્મ્સ બનાવી રહ્યા છે.*

ફ્લેશ બેક
હેન્રી શાસ્ત્રી

# નાગ ફિલ્મો... વૈજયંતિમાલાથી મંદાકિની સુધી...

## હિન્દી ફિલ્મો અને નાગનો અનન્ય નાતો રહ્યો છે ૧૯૫૦ના દાયકાથી ૨૦૧૦ સુધી એના ચિત્રપટ બનતા રહ્યા છે

**નાગ પાંચમ** શ્રાવણ માસનો તહેવાર છે. ભારતના મહત્તમ રાજ્યોમાં શ્રાવણ સુદ પાંચમ (૧૭ ઓગસ્ટ)એ તહેવારની ઉજવણી થઈ ગઈ. જોકે, ગુજરાતમાં જન્માષ્ટમી (શ્રાવણ વદ આઠમ)ના ત્રણ દિવસ પહેલા આવતી શ્રાવણ વદ પાંચમને દિવસે નાગ પંચમીનો તહેવાર મનાવાય છે. એ હિસાબે મંગળવાર, પહેલી સપ્ટેમ્બરે નાગ પાંચમ છે. નાગ અને હિન્દી ચિત્રપટ સૃષ્ટિનો અનન્ય સંબંધ રહેલો છે. મૂંગી ફિલ્મોના દોરમાં 'કાલા નાગ' (૧૯૨૪) અને 'રિટર્ન ઓફ કાલા નાગ' (૧૯૨૭) ફિલ્મો બની હતી, પણ એમાં સાપ - નાગની કોઈ હાજરી નહોતી. ગુનાહિત પ્રવૃત્તિનું એ પ્રતીક હતો. ૧૯૫૦ના દાયકાથી નાગિનને કેન્દ્રમાં રાખી ફિલ્મો બનવાની શરૂઆત થઈ હતી. એક અવલોકન નાગ અને હિન્દી ફિલ્મોનું.


**નાગિન (૧૯૫૪): વૈજયંતિમાલા - પ્રદીપ કુમાર:** એ વાત ખરી કે ૧૯૫૧ની 'બહાર' ફિલ્મથી વૈજયંતિમાલાનો હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં પ્રવેશ થયો અને આ ફિલ્મ સુપરહિટ થઈ હતી. જોકે, આ અને ત્યારબાદ આવેલી 'લડકી' એ બંને સાઉથના ફિલ્મમેકરોનો પ્રયાસ હતો. ૧૯૫૪માં રિલીઝ થયેલી 'નાગિન' અભિનેત્રીની ત્રીજી હિન્દી ફિલ્મ હતી. ફિલ્મીસ્તાન દ્વારા નિર્મિત આ સાઉથના પડછાયા વિનાની કોશિશ હતી. ડિરેક્ટર હતા નંદલાલ જશવંતલાલ. ફિલ્મના નાયક - નાયિકા (પ્રદીપ કુમાર - વૈજ્યંતિમાલા) મદારી છે. બંને પ્રેમમાં પડે છે પણ એમના જૂથ વચ્ચે લડાઈ થાય છે. હીરોને મારવા મોકલેલો સાપ ભૂલમાં હીરોઇનને કરડે છે પણ હીરો ઝેર ચૂસી એને ઉગારી લે છે. વાર્તાનું પોત નબળું છે, પણ નૃત્યો અને સંગીતએ ફિલ્મને લોકપ્રિય બનાવી હતી. કોરિયોગ્રાફર તરીકે સચિન શંકર (ઉદય શંકરના શિષ્ય), યોગેન્દ્ર દેસાઈ (લીંબડીના રાજવી પરિવારમાં જન્મ, નૃત્યકલામાં પ્રવીણ અને આશા પારેખના સુપરહિટ ડાન્સ બેલે 'ચૌલાદેવી'ના સર્જક) અને હીરાલાલ (૧૯૫૦ - ૬૦ના દાયકાના હિન્દી ફિલ્મોના નંબર વન કોરિયોગ્રાફર) હતા. વૈજ્યંતીમાલાના નૃત્ય અને હેમંત કુમારનું સંગીત અને ખાસ તો 'મન ડોલે મેરા તન ડોલે' ગીતમાં કલ્યાણજીભાઈએ ક્લેવાયોલિનની મદદથી વગાડેલું બીન આજે પણ રસિકોને યાદ છે.



વૈજયંતિમાલાની 'નાગિન' (૧૯૫૪)

**નાગિન (૧૯૭૬) - રીના રોય - હીરોની ફોજ:**

ચોપડા બંધુની 'વક્ત' મલ્ટીસ્ટારર હિન્દી ફિલ્મોની છડીદાર માનવામાં આવે છે, તો રાજકુમાર કોહલી અગ્રણી અભિનેતાઓની ફોજને ચમકાવી ફિલ્મ બનાવવા માટે જાણીતા હતા. ૫૦ વર્ષ પહેલા આવેલી 'નાગિન'માં રીના રોયની બદલો લેતી ઈચ્છાધારી નાગિનની મુખ્ય ભૂમિકા હતી. એ સિવાય ફિલ્મમાં સુનીલ દત્ત, ફિરોઝ ખાન, જીતેન્દ્ર, સંજય ખાન, વિનોદ મેહરા, અનિલ ધવન જેવા હીરો લોકોની ફોજ હતી. સાથે મુમતાઝ, રેખા, નીલમ, યોગિતા બાલી, અનિતા ગુહા, પ્રેમા નારાયણ જેવી હીરોઇનોની પણ ફોજ હતી. રીના રોયનું નાગિન તરીકેનું પરફોર્મન્સ ફિલ્મની હાઈલાઈટ હતી. લોકકથા સાથે ઈમોશનલ અપીલનું સંયોજન દર્શકોને બેહદ પસંદ પડ્યું અને ફિલ્મ સુપરહિટ થઈ. ફિલ્મની સફળતાએ સાપના બદલાની ફિલ્મો માટે એક નવી કેડી તૈયાર કરી. ત્યારબાદ વિવિધ ભારતીય ભાષામાં આવી અનેક ફિલ્મો આવી પણ કોહલીની ફિલ્મ સાથે મેળ ખાય એવી કોશિશ ભાગ્યે જ જોવા મળી. લોકકથાના પૌરાણિક તત્ત્વને જાળવી કથાને લાગણીને તાંતણે ગુંથવાથી દર્શકોને આકર્ષી શકાય છે એ રાજકુમાર કોહલીની ફિલ્મે સિદ્ધ કર્યું. ૧૯૫૪ની જેમ આ ફિલ્મનું 'તેરે સંગ પ્યાર મૈં નહીં તોડના' (લતા દીદીનું એકલ અને લતાદીદી - મહેન્દ્ર કપૂરનું યુગલ) ગીત મશહૂર થયું હતું. ફિલ્મમાં નૃત્ય નિર્દેશક હતા ૧૯૬૦ - ૭૦ના દયાકાના જાણીતા કોરિયોગ્રાફર સુરેશ ભટ્ટ. રીના રોયનો નાગિન ડાન્સ લોકોએ વખાણ્યો હતો. ૧૯૭૬ની આ સૌથી સફળ ફિલ્મ હતી.



૫૦ વર્ષ પહેલા આવેલી રીના રોયની 'નાગિન'

**અન્ય નાગ ફિલ્મો:**

સંભવતઃ સૌથી પહેલી હતી નિરૂપા રોય - મનહર દેસાઈની 'નાગ પંચમી' (૧૯૫૩). આ ફિલ્મના નિર્માતા (વિનોદ સી. દેસાઈ), દિગ્દર્શક રમણ બી. દેસાઈ) અને પટકથા - સંવાદ લેખક (ચતુર્ભુજ દોશી) ગુજરાતી હતા. રમણ બી. દેસાઈ નિર્મિત દિગ્દર્શિત 'નાગ મણિ' (૧૯૫૭)ફિલ્મના લેખક હતા કે. વી. પટેલ, સંગીતકાર હતા અવિનાશ વ્યાસ અને ગીતકાર હતા કવિ પ્રદીપ. આ જોડીએ ૧૦ ગીત સ્વરબદ્ધ કર્યા હોવાની નોંધ છે. મુખ્ય જોડી નિરૂપા રોય - મનહર દેસાઈની જ હતી. અમિતાભ સાથે અવિસ્મરણીય ફિલ્મો આપનારા મનમોહન દેસાઈના ભાઈ સુભાષ દેસાઈની નિર્માતા તરીકે શરૂઆત પૌરાણિક ફિલ્મોથી થઈ હતી. ૧૯૫૬માં આવેલી 'સતી નાગ કન્યા'માં સુભાષ ભાઈ સહ નિર્માતા હતા અને દિગ્દર્શન બાબુભાઈ મિસ્ત્રીએ કર્યું હતું. ફરી એક વાર હીરો - હિરોઈન હતા મનહર દેસાઈ - નિરૂપા રોય. આ સિવાય નાગ પદ્મિની (૧૯૫૭), નાગ લોક (૧૯૫૭), નાગ ચંપા (૧૯૫૮), નાગ દેવતા (૧૯૬૨), નાગ જ્યોતિ (૧૯૬૩), નાગ મોહિની (૧૯૬૩) પણ બની હતી. બાબુભાઈ મિસ્ત્રીએ જ ૧૯૭૨માં 'નાગ પંચમી' ફિલ્મ ડિરેક્ટ કરી હતી જેના મુખ્ય કલાકાર હતા પૃથ્વીરાજ કપૂર અને જયશ્રી ગડકર. સહ કલાકારોની યાદીમાં મનહર દેસાઈનું નામ છે, પણ નિરૂપા રોય ગેરહાજર છે. રાજકુમાર કોહલીની ફિલ્મ પછી હરમેશ મલ્હોત્રાએ ઈચ્છાધારી નાગિન વિષય લઈ શ્રીદેવીને લઈ 'નગીના' (૧૯૮૬) બનાવી જેને અભૂતપૂર્વ સફળતા મળી. તેમણે શ્રીદેવીને જ લઈને ત્રણ વર્ષ પછી સિક્વલ 'નિગાહેં: નગીના પાર્ટ ટુ' બનાવી.

જોકે, આ ફિલ્મ સુપરફ્લોપ સાબિત થઈ હતી. રાજકુમાર બોહરાએ મંદાકિનીને લઈ 'નાગ નાગિન' (૧૯૮૯) બનાવી અને એ જ વર્ષે મીનાક્ષી શેષાદ્રી અને 'મહાભારત' સિરિયલના કૃષ્ણ ભગવાન નીતિશ ભારદ્વાજની 'નાચે નાગિન ગલી' પણ આવી હતી. મંદાકિની - રિશી કપૂરની 'શેષનાગ' (૧૯૯૦), આમિર ખાનના પિતાશ્રી તાહિર હુસેનએ પણ હાથ અજમાવ્યો અને મદારી કથાને કેન્દ્રમાં રાખી 'તુમ મેરે હો' બનાવી. જેકી શ્રોફ - વર્ષા ઉસગાંવકરની 'દૂધ કા કર્જ'માં નાગ કેન્દ્રમાં હતો. પૂજા બેદીની 'વિષકન્યા' (૧૯૯૧) અને એ જ વર્ષે સુમિત સેહગલની 'નાગમણિ' આવીને તરત ગાયબ પણ થઈ ગઈ. રાજકુમાર કોહલીએ નવી બોટલમાં જૂનો દારૂ પીરસી 'જાની દુશ્મનઃ એક અનોખી કહાની (૨૦૦૨) બનાવી પણ એ ૧૯૭૬ની 'નાગિન' સામે ફિકી અને વામણી સાબિત થઈ. અમેરિકન ફિલ્મમેકરે ૨૦૧૦માં હિન્દી - અંગ્રેજીમાં મલ્લિકા શેરાવતને લઈ 'હિસ્સ'(જેનો અર્થ થાય સાપનો ફૂંફાડો) બનાવી, પણ એ ફિલ્મ જોવા ભાગ્યે જ કોઈ ગયું. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# ફિલ્મી ખાના: 'ગાજર કે હલવે' સે 'કરવા ચૌથ' તક...

**કોઇની ભૂખ ભાંગવાનો પ્રેમ કરતાં વધુ નિષ્ઠાવાન પ્રેમ બીજો કોઈ નથી.**
**- બર્નાર્ડ શો**

...

**પહલે ખાના, બાદ મેં ગાના**
**ગાયક-અભિનેતા કિશોરકુમાર**

...

**માં કે હાથ કા ખાના દુનિયા મેં કહીં નહીં મિલતા!**
**-હિન્દી ફિલ્મોનો ટિપિકલ ડાયલોગ**

આજકાલ ફિલ્મ જોવા જઈએ ત્યારે ફિલ્મની ટિકિટ કરતાં મોંઘી પોપકોર્ન ખાઈએ છીએ અને પડદા પર પણ કોઈ ને કોઈ સતત ખાતું જ હોય છે! પ્રેમી પ્રેમિકાને કોફી પર બોલાવે, પરિવાર તૂટતો હોય તો ડાઇનિંગ ટેબલ પર ઝઘડે ને ગરીબી બતાવવી હોય તો ખાલી થાળી બતાવી દે. ટૂંકમાં સિનેમા અને ભોજનનું બહુ જૂનું અફેર ચાલે છે.

સમાજમાં અમીરગરીબના વર્ગભેદનો એક કિસ્સો મને મારી જ લખેલી 'રંગીલા' પરથી યાદ આવે છે. આમિર ખાન મુન્ના ટપોરી છે. મિલી (ઉર્મિલા)ને પ્રપોઝ કરવા ફાઇવ સ્ટાર હોટેલમાં લઇ જાય છે. આસપાસ છરી ચમચીની શિસ્ત ને પહેલીવાર ઝાકઝમાળ જોઇ રહેલો ગરીબ મુન્નો!

ગરમી લાગે છે તો છોકરી સામે વટ પડવા એ વેઇટરને જાણે ગલીની હોટેલનો છોકરો હોય એમ હુકમ કરે છે, એ.સી. ઇધર ઘુમા...! આ નાનકડી ક્ષણમાં હાસ્ય સાથે લોઅર મિડલક્લાસની સચ્ચાઇ પણ હતી. મુન્ના અમીરોની દુનિયામાં આવ્યો છે, પણ પોતાની ટપોરી દુનિયા સાથે લઈને આવ્યો છે.

અત્યારે અહીં ફૂડપુરાણ યાદ આવવાનું કારણ છે- તુકારામ મુંઢે. મુંબઈની રેસ્ટોરાં- ડેરી- કેન્ટિન- મીઠાઈની દુકાનોથી માંડીને નાની લારીઓ સુધી સ્વચ્છતાની સરકારી ઈમાનદાર ઓફિસર મુંઢેજી દ્વારા ઠેરઠેર તપાસ ચાલી રહી છે. બચ્ચાંઓનાં પ્યારા મેકડોનાલ્ડ્સ, ટાઉનમાં ક્રિકેટ સંસ્થાની કેન્ટિન, જુહૂની તિવારી સ્વીટ્સ જેવી જાણીતી જગ્યાઓ પણ સપાટામાં આવી ગઇ. ક્યાંક નોટિસ, ક્યાંક કાર્યવાહી.... મુંબઈગરાઓને અચાનક ફાસ્ટફૂડના મેનુની પાછળનું ગંદું રસોડું પણ દેખાણું! વાનગી સ્વાદિષ્ટ છે એ જીભ કહે, પણ એ જ્યાં બને છે એ જગ્યા, પદાર્થો સ્વચ્છ છે કે નહીં એ કોણ કહે?

સિનેમામાં ખાવાપીવામાં પ્રેમની શરૂઆત થતી હોય છે. ગુરુદત્તની ક્લાસિક ફિલ્મ 'પ્યાસા'માં કવિ વિજય પાસે શાયરી ને સ્વાભિમાન તો છે, પણ ખિસ્સામાં ખાવા માટે પૈસા નથી. ત્યારે સમાજ જેને 'ઇજ્જતદાર' નથી ગણતો એવી તવાયફ 'ગુલાબો' (વહીદા રહેમાન) કવિની ભૂખ સમજે છે ને રેસ્ટોરાંમાં જમાડે છે. કેવી કરુણતા છે કે જે સમાજ કવિની કવિતાને ઓળખતો નથી ત્યાં એક વેશ્યા એની ભૂખ ઓળખે છે અને ત્યાંથી બંને વચ્ચે લાગણીનો દોર બંધાય છે.


મા કા ગાજર કા હલવા AI




સુપર સ્ટાર રાજેશ ખન્ના અને આપણાં ગુજ્જુ સુપરહિટ નિર્દેશક મનમોહન દેસાઇની 'રોટી' ફિલ્મમાં રોટલી ફિલ્મનું નામ પણ છે ને પ્રતીક પણ. શરૂઆતમાં જ તંદૂરમાં રોટલી બનતી જાય છે અને સાથે કલાકાર- કસબીઓના ટાઇટલ્સ દેખાય છે. પછી એ જ રોટી માટે માણસોની ખેંચતાણ ને ઝઘડો થાય છે. જાણે આખી ફિલ્મનો મુદ્દો દર્શાવતા હોય કે માણસજાત ગમે એટલી પ્રગતિ કરે, તેની સૌથી જૂની લડાઈ રોટી માટે જ છે એટલે જ મનોજ કુમારની હિટ ફિલ્મ 'રોટી કપડા ઔર મકાન' માત્ર ફિલ્મનું નામ નહોતું, સામાન્ય માણસની જીવનકથા ત્રણ જ શબ્દોમાં બયાન થતી હતી.

બોલિવૂડમાં તો આખેઆખું મેનુ ફિલ્મોનાં નામમાં ઘૂસી ગયું છે. 'રોટી', 'ભૂખ', 'નમક હલાલ', 'નમક હરામ', 'ચીની કમ', 'મિર્ચ મસાલા', 'ગરમ મસાલા', 'બર્ફી' અને 'લંચબોક્સ'....ક્યાંક મીઠું વફાદારીનું પ્રતીક, ક્યાંક મરચું આક્રોશનું. જો આમને આમ ચાલશે તો વડા પાંવ કે પાણીપુરી નામની ફિલ્મોયે બની જશે!

હૃષીકેશ મુખર્જીની ફિલ્મ 'બાવર્ચી'માં રાજેશ ખન્નાનો રસોઈયો માત્ર શાક, દાળ કે ચટણી નથી બનાવતો, વેરવિખેર પરિવારને એક કરીને એક ટેબલ પર બેસાડે છે. ઘણી વાર જે કામ મનોવૈજ્ઞાનિક ન કરી શકે તે ગરમ રોટલી કરી જાય છે! અહીં રસોડું બાવર્ચી કે રસોયા માટેની માત્ર જગ્યા નથી, આખા ઘરનું હૃદય છે...

- અને હિન્દી ફિલ્મોની માતાઓ! દીકરો બે વર્ષ પછી ઘરે આવે તો ગળે મળતાં પહેલાં કહે, બેટા, આજ મૈંને તેરે લિયે અપને હાથોં સે ગાજર કા હલવા બનાયા હૈ!

મને હંમેશાં સવાલ થાય કે માને કેવી રીતે ખબર હતી કે હીરો આજે જ આવવાનો છે? હીરો ગોળી ખાઈને આવ્યો હોય કે પ્રેમમાં દગો મળ્યો હોય, ગાજરનો હલવો જોઈને નોર્મલ થઈ જાય! દીકરા માટે હલવો, પ્રેમિકા નારાજ હોય તો કોફી અને વિલનને કોઈની હત્યા કરવાની હોય તો પહેલાં દારૂનો પેગ અને સુહાગણની સ્ટાન્ડર્ડ નિશાની એટલે 'કરવા ચૌથ'નો ઉપવાસ!

ફિલ્મ 'ચીની કમ'માં અમિતાભ બચ્ચન લંડનની રેસ્ટોરાંનો ઘમંડી શેફ છે. તબુ તેની વાનગીમાં ખામી કાઢે છે અને રસોઈમાંથી રોમાન્સ શરૂ થાય છે. પ્રેમનો આરંભ અહીં આંખ મળવાથી નહીં, વાનગીમાં ભૂલ કાઢવાથી થાય છે! ઇરફાન અને રીતેશ બત્રાની ઇન્ટરનેશનલી વખણાયેલી 'ધ લંચબોક્સ' અલગ જ ફૂડરોમાન્સ છે.

મુંબઈના ડબ્બાવાળાની વ્યવસ્થામાં એક ડબ્બો ખોટી જગ્યાએ પહોંચે છે અને બે એકલાં માણસોની જિંદગી સાચી જગ્યાએ પહોંચવા લાગે છે. ઇલા બનાવે છે, સાજન ફર્નાન્ડિસ ખાય છે અને ટિફિન સાથે ચિઠ્ઠીઓની આપ-લે થાય છે. આ ફિલ્મનો રોમાન્સ રેસ્ટોરાંમાં નથી, સ્ટીલના ડબ્બામાં છે. ક્યારેક 'આઇ લવ યુ' ને બદલે ટિફિન પણ પ્રેમપત્ર બની શકે છે.

હોલિવૂડની કલ્ટ ક્લાસિક ગણાતી 'પલ્પ ફિક્શન'માં બર્ગર પણ પિસ્તોલ જેટલો ખતરનાક લાગે છે. જ્યુલ્સ સામેના માણસનો બર્ગર ઉઠાવીને ખાય છે અને સામાન્ય નાસ્તો મૃત્યુની ધમકી બની જાય છે તો અંડરવર્લ્ડની 'ગુડફેલાઝ' ફિલ્મમાં ગેંગસ્ટરો જેલમાં રસોઈ કરે છે ને લસણ એટલું પાતળું કાપે છે કે જાણે રસોઈની સ્પર્ધામાં આવ્યા હોય. માણસ હત્યા કરી શકે, પણ પાસ્તાના સોસમાં બેદરકારી નહીં કરે!

'રેટાટુઈ' સ્વીટ ફિલ્મમાં પેરિસની મોટી રેસ્ટોરાંમાં ઉંદર રસોઈ બનાવે છે. તુકારામ મુંઢે એ ફિલ્મમાં અધિકારી હોત તો કદાચ ઇન્ટરવલ પહેલાં જ રેસ્ટોરાં સીલ થઈ ગઈ હોત! પણ આ ફિલ્મમાં આખું ઓડિયંસ પોતાના બાળપણમાં પહોંચી જાય છે. અહીં 'સ્વાદ' જાણે ટાઇમમશીન બની જાય છે.

બોલિવૂડમાં ફિલ્મી રેસ્ટોરાંનું એક રહસ્ય તો આજ સુધી ઉકેલાયું નથી. હીરો - હીરોઇન ડિનર કરવા જાય. મોંઘી વાનગીઓ આવે ને બેચાર સંવાદ પછી હીરોઇન કહે, મુઝે તુમસે યે ઉમ્મીદ નહીં થી! ને ઉઠીને ચાલી જાય. 'બિલ કોણ ભરે?'- એનો ખુલાસો હિન્દી સિનેમાએ આજ સુધી કર્યો નથી...!

પોલીસ ઇન્સ્પેક્ટર પણ લારી પર ચાનો પહેલો ઘૂંટ લે ત્યાં કોઈ દોડતું આવે, સાબ, લાશ મિલી હૈ! પોલીસ જીપમાં નીકળી જાય ને બિચારો ચાવાળો પૈસાની રાહ જોતો હજી સુધી કદાચ ઊભો હશે.

નાનપણમાં જોયેલી, પહેલવાન હીરો દારાસિંગને હનુમાન તરીકે દર્શાવતી પૌરાણિક ફિલ્મમાં એક મસ્ત સીન હતો. લંકા વિજય પછી સીતામાતા હનુમાનજી અને વાનરસેનાને જમવા બોલાવે છે ત્યારે હનુમાનજી 'માતાજી ઔર પરોસીએ' કહી કહીને પહેલાં તો આખા મહેલનું ને પછી આખી અયોધ્યાનું ખાવાનું જમી લે છે!

ફિલ્મમાં જમવાનો સીન નબળો હોય તો એને કાપી શકાય, પણ જિંદગીમાં વાસી કે ભેળસેળિયું ખાવાથી જો પેટ ખરાબ થાય પછી ટોઇલેટ તરફ ભાગવાનાં રીટેક થયા જ કરે છે!

સલામ તુકારામજી મુંઢેજીને, હવે જો એમના પર બાયોપિક ફિલ્મ બને તો મુંબઇગરાઓનું બહારનું ખાવાનું કાયમ માટે છૂટી જાય. ■

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## 'ગુસ્સો નંબર વન'


ગોવિંદા

બોલિવૂડના અસલી 'હીરો નંબર વન' ગોવિંદા અત્યારે પૂરા ઍક્શન મોડમાં આવી ગયા છે... આ વખતે કોઈ ફિલ્મ માટે નહીં,

બલ્કે સોશ્યલ મીડિયા પર 'ધમધમતી' અફવાઓની ફૅક્ટરી સામે.


તાજેતરમાં ગૉસિપની ગલીઓમાં એવી હવા ફેલાઈ કે પત્ની સુનીતા આહુજા સાથે તેમના છૂટાછેડા થઈ રહ્યા છે અને વાત આટલેથી જ ન અટકી. સોશ્યલ મીડિયાના 'નવરા' ભેજાંઓએ તો સાવ નવીસવી અભિનેત્રી રાની સ્વર્ણકાર સાથે ચીચી ભૈયાનાં ગુપચુપ કોર્ટ મૅરેજ પણ કરાવી દીધાં!

હદ તો ત્યારે થઈ જ્યારે AI (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ) અને ડીપફેક ટેક્નૉલૉજીની મદદથી ગોવિંદાના નકલી ફોટા અને વીડિયો વાઇરલ થવા લાગ્યા.

હવે આપણા ચીચી ભૈયાએ આ રીતે 'લાઇક્સ-કમેન્ટ્સ ઍન્ડ વ્યુઝ' ઉઘરાવતા લોકો સામે એમનો ગુસ્સો નંબર વન દેખાડ્યો છે. તેણે આ પ્રકારનાં તત્ત્વોને ખબરદાર કરીને સીધી જ ૧૦૦ કરોડ રૂપિયાના માનહાનિના દાવાની કાનૂની ચેતવણી આપી દીધી છે! પબ્લિક નોટિસમાં સાફ જણાવી દીધું છે કે ગોવિંદાના અવાજ, ચહેરા કે અંગત જીવનનો દુરુપયોગ કરનારા યુટ્યૂબર્સ અને કન્ટેન્ટ ક્રિએટર્સ સામે સાઇબર ક્રાઇમ હેઠળ કડક પગલાં લેવાશે, જેમાં બૅન્ક એકાઉન્ટ અને પાસપોર્ટ જપ્ત કરાવવા સુધીની કાર્યવાહી પણ સામેલ છે.

ટૂંકમાં, ગોવિંદાના નામે લાઇક્સ અને વ્યૂઝ મેળવતા અફવાબાજો માટે હવે ગોવિંદા 'કુલી નંબર વન' બનીને એમની લાઇક્સ અને રીચનો ભાર નહીં ઉપાડે, પણ 'કાનૂન નંબર વન' દેખાડીને એમને કાયદાના પાઠ જરૂર ભણાવશે!

## જહૉનની બૉડી પર 'અબ રહમ' કર!


જહૉન અબ્રાહમ

બોલિવૂડના 'હલ્ક' ગણાતા જહૉન અબ્રાહમ હવે માત્ર બાઇક્સ ઉડાડવાથી ધરાયા નથી, આ વખતે એમણે ઉંમરને પણ હવામાં ઉછાળી દીધી છે! રોહિત શેટ્ટીની આગામી દમદાર ફિલ્મ 'મારિયા આઇપીએસ' (જે મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર રાકેશ મારિયાની બાયોપિક છે) માટે જહૉનભાઈએ એવો જબરદસ્ત કાયાકલ્પ કર્યો છે કે જોઈને ખુદ જિમના ટ્રેનરો પણ માથું ખંજવાળવા લાગશે.

ફિલ્મમાં રાકેશ મારિયાના જીવનની લગભગ ૪૦ વર્ષની સફર બતાવવાની છે. હવે મજાની વાત એ છે કે ૨૦ અને ૩૦ વર્ષના 'યંગ ઍન્ડ ઍન્ગ્રી' પોલીસવાળા દેખાવા માટે જહૉને ઢગલાબંધ મસલ્સ વધાર્યા અને પૂરા 'બાહુબલી' જેવા ભરાવદાર બન્યા, પણ સાહેબ, જેવી વાત ૫૦ અને ૬૦ વર્ષની પાકટ ઉંમરના વ્યક્તિના સીન પર આવી, એટલે ભાઈએ અચાનક વજન ઘટાડીને એકદમ 'લીન અને ફિટ' અંદાજ પકડી લીધો!

સામાન્ય માણસને વજન ઘટાડવામાં વર્ષો નીકળી જાય ત્યારે જહૉન તો જાણે કે પોતાના શરીરના વજન સાથે રિમોટ કંટ્રોલથી રમી રહ્યા છે.

બાય ધ વે, રાકેશ મારિયાની જે આત્મકથા છે તેમાં મુંબઈ બૉમ્બ બ્લાસ્ટ, સમુદ્રમાર્ગે મુંબઈ પર થયેલો હુમલો આ બધાની વાત છે, પરંતુ જેમાં બધાને રસ પડશે એ છે સંજય દત્તનો મામલો. મારિયા સાહેબની આત્મકથામાં આ મુદ્દે વિસ્તારથી લખવામાં આવ્યું છે. તો શું રોહિત શેટ્ટી પોતાની ફિલ્મમાં આ ઘટનાને પણ 'ન્યાય' આપશે કે પછી બોલિવૂડની ભાઈબંધીનું માન રાખશે?

જે હોય તે, પણ થોડા મહિનાઓ અગાઉ મુંબઈના ચર્ચગેટ અને રેલવે પરિસરોમાં તો ફિલ્મના શૂટિંગની ધમાલ મચી ગઈ હતી.

હવે જોવાનું એ રહેશે કે સ્ક્રીન પર રોહિત શેટ્ટીની ગાડીઓ વધુ ઊડે છે કે જહૉનની ઉંમર બદલવાની આ સ્પીડ! જોકે, અસલી 'ફિટનેસ ગોલ્સ' આને જ કહેવાય ને!

## પુત્રના '૪૫ કરોડ' બચાવવા મેદાને પડ્યા પિતા


જગજીત સિંહ ભવનાની - રણવીર સિંહ

'ડોન ૩ સાથે જોડાયેલા વિવાદથી દૂર રહેવું મુશ્કિલ હી નહીં પણ નામુમકીન હૈ!' મૂળ 'ડોન' ફિલ્મના ડાયલૉગને જરા તોડી મરોડીને એટલા માટે રજૂ કરીએ છીએ, કારણ કે સવાલ ૪૫ કરોડ રૂપિયાનો છે.

શાહરુખ ખાન પછી જ્યારે રણવીર સિંહને નવા 'ડોન' તરીકે જાહેર કરવામાં આવ્યા ત્યારે ફૅન્સ ખુશ હતા, પણ અચાનક શૂટિંગ પહેલાં જ રણવીર બાબાએ પ્રોજેક્ટમાંથી 'ટાટા, બાય-બાય' કરી લીધું. હવે 'એક્સેલ એન્ટરટઇનમેન્ટ'વાળા ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની કંઈ સાવ એમ જ આ 'ધુરંધર'ને જવા દે? તેમણે પ્રી-પ્રોડક્શનના નુકસાન પેટે સીધો ૪૫ કરોડ રૂપિયાનો દાવો ઠોકી દીધો. ન્યૂઝ ચૅનલોની ભાષામાં કહીએ તો આ મામલો એટલો બધો 'ગરમાયો' કે ફિલ્મ કર્મચારી સંસ્થા (FWICE) દ્વારા અસહકારનો આદેશ પણ જાહેર થઈ ગયો!

જ્યારે બોલિવૂડના આ 'એનર્જી કિંગ' મુશ્કેલીમાં મુકાયા ત્યારે હવે એમના રિયલ લાઇફ હીરો બનીને મેદાનમાં આવ્યા છે તેમના પિતા જગજીત સિંહ ભવનાની. ડેડી ભવનાની સીધા પહોંચ્યા નિર્માતા સંસ્થા 'IMPPA'ના દરબારે અને રણવીરનો પક્ષ રજૂ કરતા કાગળો સોંપી દીધા. જાણે કહી રહ્યા હોય 'મારા દીકરા સાથે પંગો નહીં લેવાનો!'

એક તરફ રણવીરભાઈ પોતાની નવી ઝોમ્બી થ્રિલર 'પ્રલય'ના શૂટિંગમાં મસ્ત છે તો બીજી તરફ પિતાજી ૪૫ કરોડનો 'પ્રલય' શાંત પાડવા કાગળો લઈને દોડધામ કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે IMPPA આ મામલે સમાધાન કરાવશે કે પછી આ નહીં બની શકેલી બોલિવૂડ ડ્રામામાં હજી નવા ટ્વિસ્ટ આવશે! ■

### કટ એન્ડ ઓકે...

***'બ્રહ્માસ્ત્ર'ના બીજા ભાગમાંથી જિયો સ્ટુડિયો ખસી જતાં હવે ડાયરેક્ટર અયાન મુખર્જી વિવિધ પ્રોડક્શન હાઉસીઝના દ્વારે દ્વારે ફરી રહ્યા છે. જોઈએ હવે કોણ એનું બ્રહ્માસ્ત્ર હાથમાં લેશે...***

**મનોરંજનનું મેઘધનુષ**
ઉમેશ ત્રિવેદી

# સૈફ અલી ખાન

## રાજવી પરિવારના આ નબીરાએ વિવિધતાસભર ભૂમિકાઓ ભજવીને ફિલ્મઉદ્યોગમાં પોતાનું અલગ સ્થાન જમાવ્યું છે.

**સૈફ અલી** ખાને અભિનય કારકિર્દીની શરૂઆત જ મલ્ટીસ્ટાર ફિલ્મથી કરી હતી. ૧૯૯૩માં આવેલી આ ફિલ્મ હતી 'પરંપરા'. આ ફિલ્મમાં સુનીલ દત્ત, વિનોદ ખન્ના, આમિર ખાન, નીલમ, રવિના ટંડન, રામ્યા કૃષ્ણન, અશ્વિની ભાવે અને અનુપમ ખેર જેવા ધુરંધર કલાકારોની વચ્ચે આ રાજવી કુટુંબના નબીરાએ અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. ફિલ્મ યશરાજ બેનરની હતી, પણ બોક્સ ઓફિસ પર જોઈએ એવી ચાલી નહોતી.

પ્રસિદ્ધ અભિનેત્રી શર્મિલા ટાગોર અને વિખ્યાત ક્રિકેટવીર એવા મન્સુર અલી ખાનના આ પુત્રનો જન્મ ૧૬ ઑગસ્ટ, ૧૯૭૦ના નવી દિલ્હીમાં થયો છે. પટૌડી રિયાસતનો એ ૧૦મો રાજા છે. મન્સુર અલી ખાનનું ૨૦૧૧ના અવસાન થયું ત્યારે હરિયાણાના પટૌડી ગામમાં વિધિસર પાઘડી પહેરાવીને સૈફ અલી ખાનને રાજા જાહેર કરવામાં આવ્યો હતો.



પહેલી ફિલ્મ મલ્ટીસ્ટારર હોવા છતાં ફ્લોપ ગઈ હતી. પણ બીજી ફિલ્મ તેણે સોલો હીરો તરીકે કરી. આ ફિલ્મ હતી 'આશિક આવારા'. ફિલ્મમાં તેની હીરોઈન મમતા કુલકર્ણી હતી. આ ફિલ્મ 'પરંપરા' રિલીઝ થઈ એનાં ૧૫ દિવસમાં જ રિલીઝ થઈ હતી. આ ફિલ્મે ઠીક-ઠીક બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મે સૈફ અલી ખાનને 'બેસ્ટ મેલ ડેબ્યુ'નો તેની કારકિર્દીનો પહેલો ફિલ્મફેર એવોર્ડ અપાવ્યો હતો. આ ઉપરાંત સૈફ અલી ખાને તેની કારકિર્દીમાં એક નેશનલ એવોર્ડ (ફિલ્મ 'હમ તુમ') અને સાત ફિલ્મફેર એવોર્ડસ મળ્યા છે. 'આશિક આવારા' પછી 'દિલ ચાહતા હૈ', 'કલ હો ના હો', 'ઓમકારા', 'તાન્હાજી', 'લવ આજ કલ', 'હમ તુમ' માટે મળ્યા છે અને સૌથી અગત્યનું એ છે કે દર વખતે તેને એવોર્ડ અલગ-અલગ કેટેગરીમાં મળ્યા છે. આ સિવાય ૨૦૧૦માં તેને પદ્મશ્રી એવોર્ડસથી પણ નવાજવામાં આવ્યો છે.

હીરોથી લઈને સપોર્ટિંગ એક્ટર અને વિલન તરીકેની ભૂમિકા ભજવનારા સૈફ અલી ખાનની આગામી ફિલ્મ 'હૈવાન' છે. આ ફિલ્મમાં તે અંધ વ્યક્તિની ભૂમિકા ભજવી રહ્યો છે. 'હૈવાન' એ એક ક્રાઈમ થ્રીલર છે, જેનાં લેખક-દિગ્દર્શક પ્રિયદર્શન છે. ફિલ્મમાં અક્ષય કુમાર પૂર્ણપણે નેગેટીવ ભૂમિકા ભજવી રહ્યો છે.

સન, ૧૯૯૪માં 'મૈં ખિલાડી તૂ અનાડી' ફિલ્મ આવી હતી. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને સૈફ અલી ખાને પહેલી જ વાર સાથે કામ કર્યું હતું અને 'હૈવાન' એ આ બંનેની સાતમી ફિલ્મ છે. આ અગાઉ આ બંને કલાકારો 'મૈં ખિલાડી તૂ અનાડી', 'યે દિલ્લગી', 'તૂ ચોર મૈં સિપાહી', 'કિમત', 'આરઝુ', 'ટશન' જેવી ફિલ્મો આપી ચૂક્યા છે. 'હૈવાન' એ પ્રિયદર્શનની જ ૨૦૧૬માં આવેલી મલયાલમ ફિલ્મ 'ઓપ્પમ'ની રિમેક છે.

સૈફ અલી ખાનની કારકિર્દી ૩૩ વર્ષની થઈ છે અને આ દરમિયાન તેણે લગભગ ૭૫ થી ૮૦ ફિલ્મોમાં અભિનય કર્યો છે, તેમાં બે-એક તેલુગુ ફિલ્મનો પણ સમાવેશ થાય છે. છેલ્લાં કેટલાક સમયથી સૈફ અલી ખાન નેગેટીવ ભૂમિકાઓ પર વધુ ધ્યાન આપી રહ્યો છે.

એક અભિનેતા ઉપરાંત નિર્માતા તરીકે પણ તેણે નામના મેળવી છે. સૈફ અલી ખાન બે વાર પરણ્યો છે. પહેલી વાર ૧૯૯૧માં અમૃતા સિંહને. તેમનું આ લગ્નજીવન ૧૩ વર્ષ ટક્યું હતું. તે દરમિયાન અમૃતા સિંહે સારા અલી ખાન અને ઇબ્રાહીમ અલી ખાનને જન્મ આપ્યો હતો. અમૃતા સિંહ અને સૈફ પરણ્યા ત્યારે તેમની વચ્ચે ૧૨ વર્ષનો તફાવત હતો. અમૃતા સિંહ ત્યારે ૩૩ વર્ષની હતી અને સૈફ માત્ર ૨૧ વર્ષનો હતો.

સૈફ બીજી વાર કરીના કપૂરને પરણ્યો અને તેમની વચ્ચે ૧૦ વર્ષનો તફાવત છે. સૈફ કરીનાને ૨૦૧૨માં પરણ્યો છે. તે સમયે તેની ઉંમર ૪૨ વર્ષની અને કરીનાની ઉંમર ૩૨ વર્ષની હતી. કરીના અને સૈફના બે સંતાન છે : તૈમુર અને જેહ (જહાંગીર અલી).

સૈફની પુત્રી સારા અલી ખાને હિન્દી ફિલ્મોમાં સારી એવી નામના મેળવી છે, જ્યારે ઇબ્રાહીમ અલી ખાન એકદમ સૈફ જેવો જ દેખાય છે, પણ હજી સુધી તેને ફિલ્મોમાં જોઈએ એવી સફળતા મળી નથી. 'ટશન' ફિલ્મમાં તેણે સૈફના બાળપણની ભૂમિકા ભજવી હતી. પછી ૨૦૨૩માં તેણે કરણ જોહરના સહાયક તરીકે કામ કર્યું છે. ઈબ્રાહીમ અલી ખાનની અત્યાર સુધીમાં બે ફિલ્મ રિલીઝ થઈ છે અને તે સીધી જ ઓટીટી પર આવી છે. 'નાદાનિયા'માં તેણે કોમેડી ભૂમિકા કરી હતી, તો 'સરઝમીન'માં તેની નેગેટીવ ભૂમિકા હતી.

સૈફ અલી ખાને પણ ઓટીટી માટે ફિલ્મો અને સીરિઝ કરી છે. તેમાં 'સેક્રેડ ગેમ્સ' અને 'તાંડવ'નો સમાવેશ થાય છે. આ સિવાય તેણે 'ડાઈનિંગ વિથ ધ કપૂર્સ'માં સંચાલક તરીકે કામ કર્યું હતું.

૨૦૨૫ની શરૂઆતમાં એટલે કે ૧૬મી જાન્યુઆરી-૨૦૨૫ના સૈફ અલી ખાન પર જીવલેણ હુમલો થયો હતો. તેનાં મુંબઈ-વાંદરાના ઘરમાં એક ચોર ઘૂસ્યો હતો,જેનો સૈફે સામનો કર્યો તો તેણે સૈફની ગરદન, છાતી અને કાંડા પર ચાકુથી વાર કર્યા હતા. આ બનાવને પગલે ત્યારે વિવાદ પણ ઊભો થયો હતો. સૈફ અલી ખાન ખુદ લોહી નીતરતી હાલતમાં રિક્ષામાં લીલાવતી હોસ્પિટલમાં પહોંચી ગયો હતો. રાતના સમયે આ હુમલો થયો હતો, ત્યારે કરીના કપૂર ઘરમાં નહોતી. સૈફ પર હુમલો કર્યા પછી ચોર ભાગી ગયો હતો પણ સીસીટીવીના આધારે તેને પકડી લેવાયો હતો.

સૈફ અલી ખાને પોતના 'લુક' સાથે પણ અનેક ફેરફાર કર્યા છે. એક સમયે અભિનય કારકિર્દીની શરૂઆતનાં વર્ષોમાં અદ્દલ રાજકુમાર જેવો દેખાતો સૈફ 'ટશન' આવતાં સુધીમાં સાવ અલગ જ દેખાવા લાગ્યો છે અને તેણે વિવિધતાસભર ભૂમિકાઓ ભજવીને પોતાનું એક અલગ જ સ્થાન ઊભું કર્યું છે. ■

**OTTનું હોટસ્પોટ**

## ૨૮ ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર મહિલા એશિયા કપનું જીવંત પ્રસારણ શરૂ

સોની લીવ અને જિયો હોટસ્ટાર પર આજથી (૨૮ ઑગસ્ટથી) મહિલા એશિયા કપનું જીવંત પ્રસારણ જોવા મળશે. એ સિવાય કઈ ઓટીટી ચેનલ પર શું જોવા મળશે એનાં પર એક નજર નાખીએ.

* **નેટફ્લિક્સ:** આ ચેનલ પર ત્રીજી સપ્ટેમ્બરે તાપસી પન્નુ, ઈશ્વાક સિંહ, સ્વસ્તિકા મુખર્જી, મીતા વશિષ્ઠ અને જતીન સરણા અભિનિત ક્રાઈમ થ્રીલર 'ગાંધારી'નું પ્રસારણ શરૂ થશે. તાપસી પન્નુ અભિનીત આ ફિલ્મ સીધી ઓટીટી પર રજૂ થઈ રહી છે. આ ફિલ્મનાં દિગ્દર્શક દેવાશિષ મખીજા છે.

આ જ ચેનલ પરથી આજથી (શુક્રવારથી) 'ચુંબક' નામની કોમેડી સિરીઝ રજૂ થવાની છે, જેના નિર્માતા જે. ડી. મજીઠિયા અને આતિષ કાપડિયા છે. સિરીઝનું દિગ્દર્શન આતિષ કાપડિયાનું છે અને તેનાં મુખ્ય કલાકારો સુમીત રાઘવન, નીના ગુપ્તા, દેવેન ભોજાણી અને અમાયરા દસ્તુર છે.

* **જિયો હોટસ્ટાર:** આ ઓટીટી ચેનલ પર ૨૯ ઑગસ્ટે માઈકલ જેક્સનના જીવન પર બનેલી ફિલ્મ 'માઈકલ'નું પ્રસારણ શરૂ થશે.

* **એમેઝોન પ્રાઈમ વીડિયો:** અહીં આજથી (૨૮ ઑગસ્ટથી) થ્રીલર-ઈન્વેસ્ટિગેટીવ ડ્રામા સિરીઝ 'બબિતા સિંહ કી રિપોર્ટિંગ' શરૂ થશે. જેનાં દિગ્દર્શક અંબિકા પંડિત છે અને આ સિરીઝમાં મુખ્ય ભૂમિકા નિમિષા સંજયન, વરુણ સોબતી અને અંશુમાન પુષ્કરની છે.


* **ઝી ફાઈવ:** અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં અનેક ઈનામો જીતનારી 'બંદર' ફિલ્મ સીધી ઓટીટી પર રિલીઝ થઈ રહી છે. અનુરાગ કશ્યપ દિગ્દર્શિત આ ફિલ્મનાં મુખ્ય કલાકારો બોબી દેઓલ, સાન્યા મલ્હોત્રા અને ઈન્દ્રજીત સુકુમારન છે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૯૬)

**આ ફિલ્મના કયા ગીતમાં કનૈયા શબ્દો આવે છે?**



૧) માલિક
૨) છોટી બહુ
૩) મિસ મેરી
૪) લગાન
૫) બાહુબલી
૬) અમર પ્રેમ
૭) પરિવાર (જૂનું )

### ક્વિઝ (૧૯૭)

**આ ફિલ્મમાં ભાઈ બહેનના પાત્ર કયા કલાકારો એ ભજવેલું?**

૧) હરે રામા હરે કૃષ્ણ
૨) એક રિસ્તા ધ બોન્ડ ઓફ લવ
૩) જોશ
૪) અંધા કાનૂન
૫) ફિઝા
૬) દિલ ધડકને દો
૭) રેસ ૨

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

**ફિલ્મનામા**
નરેશ શાહ

# પાર્કિંગ: ઈગો- અપમાન ને સ્વમાનના ઘમંડને ક્યાં પાર્ક કરશો?




ચાર કેટેગરીમાં વહેચાયેલાં આપણા શહેરોમાં પ્રથમ ત્રણ કેટેગરી (ટાયર-વન, ટૂ, થ્રી અથવા એક્સ, વાય અને ઝેડ કેટેગરી)ની કોમન સમસ્યા ગીચતા, વરસાદી પાણીનો ભરાવો, મોંઘવારી કે ટ્રાન્સપોર્ટેશન ભલે લાગતી હોય ,પરંતુ ખરેખર મોટી સમસ્યા પાર્કિંગ છે. પ્રાથમિક લેવલનું વાહન હોય કે લક્ઝૂરિયસ ફોર વ્હીલર... તેને પાર્ક કરવું, એ મોટો માથાંનો દુ:ખાવો છે. મોટાં શહેરોમાં તો પાર્કિંગ સ્પેસ માટે છ આંકડાની ડિપોઝિટ ભરવાની વાત હવે કોમન છે તો જાહેર માર્ગો પર કરવામાં આવતાં વાહન પાર્કિંગ બાબતે થતાં ઝઘડા હવે રૂટિનનો એક ભાગ છે અને પાર્કિંગની આ લમણાંઝીક થવા કાયમી કડાકૂટ કેવું વરવું સ્વરૂપ લઈ શકે છે તેની વાત ૨૦૨૩માં આવેલી 'પાર્કિંગ' કરે છે.

ત્રણ વરસ જૂની આ ફિલ્મની આજે વાત કરવાના બે કારણ છે. એક 'ફિલ્મનામા'ના લેખકથી ૭૧મો નેશનલ એવોર્ડ જીતેલી આ તામિલ ફિલ્મ ચૂકી જવાઈ હતી. બીજું કારણ એ કે બજેટ કરતાં ત્રણ ગણું બોક્સ ઓફિસ કલેકશન કરનારી 'પાર્કિંગ' ફિલ્મમાં સામાજિક સમસ્યાના નામે કહેવાતી વાતમાં ગૂઢ પદાર્થપાઠ એ છે કે, વાહનની જેમ માણસ માત્રને પોતાના અહં, ઘમંડ, ઈગો કે સ્વમાન ઘવાયાની લાગણીને જો વ્યવસ્થિત પાર્ક કરતાં ન આવડે તો ટ્રાફિક જામ જેવું ઘમાસાણ જીવનમાં સર્જાઈ શકે છે.

આપણે આ વાત અને 'પાર્કિંગ' ફિલ્મને સમજીએ....

આઈટી કંપનીમાં નોકરી કરતો અને લવમેરેજ કરીને પરિવારથી અલગ રહેતો ઈશ્વર (હરિશ કલ્યાણ) જૂનું ઘર છોડીને એક ટેનામેન્ટમાં પ્રથમ માળે પત્ની અર્પણા (પ્રાર્થના નાથન) સાથે ભાડેથી રહેવા જાય છે. અર્પણા છ મહિનાથી પ્રેગનન્ટ છે. ટેનામેન્ટમાં ગ્રાઉન્ડ લેવલ પર પત્ની અને કોલેજિયન પુત્રી સાથે કોર્પોરેશનના અધિકારી ઈલમપરૂતિ પણ દસ વરસથી ભાડે રહે છે. પચાસથી વધુ ઉંમરના આ અધિકારી (એમ.એસ. ભાસ્કર - આ પાત્ર માટે તેમને બેસ્ટ સર્પોટિંગ એક્ટરનો નેશનલ એવોર્ડ મળ્યો છે!) થોડાં જુનવાણી અને ચિંગૂસ છે.

દરરોજ સ્ટાર્ટિંગ પ્રોબ્લેમ ટૂ વ્હીલર વાપરતાં અધિકારી ઈલમપરૂતિ એકદમ પ્રમાણિક છે અને એ વાતનો અન્ડર કરંટ તેમના દિમાગે વળગેલો છે. આજ સુધી ટેનામેન્ટના કાર પાર્કિંગમાં અધિકારીસાહેબનું બાઈક જ પાર્ક થતું હતું, પરંતુ એક વખત પ્રેગનન્ટ પત્નીને ઓટોરિક્ષામાં બહાર લઈ જવા દરમિયાન (દરરોજ કંપનીની કારમાં ઓફિસ જતાં) નવા ભાડૂત ઈશ્વરને વિચાર આવે છે અને પ્રેગનન્ટ પત્નીને કમ્ફર્ટ રહે એ માટે ત તરત જ ઈએમઆઈથી કાર ખરીદે છે.

હવે ટેનામેન્ટના કાર પાર્કિંગમાં અધિકારી ઈલમપરૂતિના બાઈક સાથે કાર પણ રાખવાની આવે છે અને ધીમે ધીમે અધિકારીસાહેબનો ગરાસ લૂંટાવાનું શરૂ થાય છે.

નેચરલી, બન્ને ભાડૂઆત વચ્ચે એ પછી પાર્કિંગ બાબતે કમઠાણ શરૂ થાય છે. અહીં સુધીનો પ્લોટ વાંચીને આપણને આગળની કથામાં કોમેડીનું ખૂબ જ પોટેન્સિયલ દેખાય. થાય કે હવે આ પાર્કિંગ પળોજણમાંથી રમૂજનું રમખાણ સર્જાશે, પરંતુ ફિલ્મના ડિરેક્ટર રામકુમાર બાલક્રિષ્નને લખેલી ફિલ્મની વાર્તા અને પટકથાને આપણી ધારણાં કરતાં વેગળો વળાંક આપ્યો છે. સમસ્યાને તેમણે સંઘર્ષના વાઘા પહેરાવ્યાં છે. ગ્રંથિઓ કેવી ગમખ્વાર બની શકે એ દર્શાવીને રાઈટર-ડિરેક્ટર રામકુમારે સંકેત તો એ આપ્યો છે કે માણસ જો પોતાના ઈગો કે માન-સન્માનના કૂંડાળામાં જ પડ્યો રહે તો તેની સારપ પર ધૂળ બાઝી જાય છે. નવા ભાડૂત ઈશ્વરને દેખાડી દેવા અને જુના ભાડૂત તરીકેનો રૂવાબ અકબંધ રાખવા માટે ઈલમપરૂતિ પણ નવી કાર ખરીદે છે.

ઈશ્વર સમજી જાય છે કે માત્ર પોતાની સાથે ટસલને કારણે કંજૂસ ઈલમપરૂતિએ નવી કાર ખરીદી છે, જેથી ટેનામેન્ટના પાર્કિંગ પર હક બરકરાર રહે. બન્ને ભાડૂઆત વચ્ચે વધતી જતી પાર્કિંગની ભેજામારી એવો રસપ્રદ વળાંક છે કે મામલો એકબીજાને જેલવાસ સુધી દોરી જવા સુધી જાય છે અને પછી તો બન્ને એકબીજાની હત્યા કરવા સુધીનો દૃઢ નિર્ધાર કરીને તેનો અમલ પણ કરી દે છે, પરંતુ...

કોમર્શિયલ હિટ થયેલી 'પાર્કિંગ'માં જીત તો તપી ગયેલા દિમાગની પછી તે લપાઈ ગયેલી માણસાઈની થાય છે. એ સમજવા માટે, અનુભવવા માટે અને જીવનમાં ઉતારવા માટે 'ડિઝની હોટસ્ટાર' અને યુટ્યૂબ પર મળતું 'પાર્કિંગ'નું હિન્દી વર્ઝન જોઈ લેવા જેવું છે. ■

**પ્રાસંગિક**
મનોજ પ્રકાશ

# બોલિવૂડના ગીતોમાં છલકાતો ભાઈ-બહેનનો પ્રેમ...

**રક્ષાબંધનનો** તહેવાર ફક્ત રાખડીના દોરાનો તહેવાર નથી. આ ભાઈ-બહેનના પ્રેમનો તહેવાર છે જેના આગમનથી જ પરિવારમાં એમનાં અતૂટ પ્રેમની સુગંધ વહેતી હોય છે. આ પ્રેમને બોલીવૂડે મજબૂત બનાવ્યો છે.

આજે રક્ષાબંધન ભલે ફિલ્મોમાં ન જોવા મળે, પરંતુ એક સમય હતો જ્યારે તેનું એક ગીત આખી ફિલ્મ માટે એક મજબૂત કડી બની જતું હતું.

રક્ષાબંધન પર કોઈ પણ ગીત સાંભળો, તમારી આંખો આંસુઓથી ભરાઈ જાય છે. જ્યારે કોઈ બહેન તેના ભાઈ સાથે બેઠી હોય છે અને ક્યાંક દૂર-ભૈયા, મેરે રાખી કે બંધન કો નિભાના વાગતું હોય ત્યારે બંનેની આંખોમાં એવી ભેજ દેખાય છે જેમાં આખી દુનિયા સમાઈ શકે છે.



ફિલ્મ 'રેશમ કી ડોરી'નું ગીત
'બહના ને ભાઈ કી કલાઈ પે પ્યાર બાંધા હૈ'

બોલિવૂડના સુપરસ્ટારથી લઈને નવા કલાકારો સુધી, બધાએ રક્ષાબંધનની ઉજવણી કરી છે. ઓછામાં ઓછી એક ડઝન ફિલ્મો એવી છે જેનાં ગીતો પ્રતિષ્ઠિત બની ગયાં છે.

જ્યારે આપણે આવાં ગીતો યાદ કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ સુમન કલ્યાણપુરનું ગીત 'બહના ને ભાઈ કી કલાઈ પે પ્યાર બાંધા હૈ' યાદ આવે છે. ફિલ્મ રેશમ કી ડોરીમાં ધર્મેન્દ્ર પર જે રીતે આ ગીતનું ચિત્રણ કરવામાં આવ્યું છે તે આપણને બહેનના શાશ્વત સ્નેહની યાદ અપાવે છે.

રાખડીનાં ગીતો, હકીકતમાં, સરળ ભાષામાં લખાયેલાં હતાં, ભાઈ અને બહેન વચ્ચેની મસ્તી સાથે, સમગ્ર પરિવાર સાથે એવી રીતે વણાયેલાં હતાં જે ભારતીય સંસ્કૃતિ પર અમીટ છાપ છોડી જાય છે.

કાજલ ફિલ્મમાં મીના કુમારીના અભિનયમાં 'મેરે ભૈયા મેરે ચંદા, મેરે અનમોલ રતન, તેરે બદલે મેં ઝમાને કી કોઈ ચીઝ ના લુ' ગીત છે. આશા ભોંસલેએ તેને નિર્દોષતાથી ગાયું હતું. સામાજિક જીવનમાં પણ ભાઈ સામે દુનિયાની દરેક વસ્તુ નાની લાગે છે. મીના કુમારી અને શૈલેષ કુમારનું આ ગીત, છ દાયકા પહેલાં ૧૯૬૫માં રિલીઝ થયું હોવા છતાં આજે પણ લોકપ્રિય છે.

રાખડીના તહેવારનું મહત્ત્વ વર્ણવતાં લતા મંગેશકરે એના સૌથી વધુ ગીતો ગાયાં છે.

લતા મંગેશકરે તેમના મૃદુ અવાજમાં ગાયેલાં બધાં ગીતોમાં સૌથી પ્રખ્યાત ગીત ૧૯૫૯ની ફિલ્મ છોટી બહનનું ગીત 'ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના' હતું. આમાં બલરાજ સાહની સાથે નંદાનો અભિનય અજોડ છે.

તેમનાં અન્ય ગીતોમાં ૧૯૮૦ની ફિલ્મ 'ચંબલ કી કસમ'નું 'ચાંદ રે મેરે ભૈયા સે કહના કી બહના યાદ કરેં' એ આંખોમાં આંસુ લાવી દીધાં હતાં. આમાં ભાઈની ભૂમિકા સંવાદના બાદશાહ રાજકુમારે ભજવી હતી અને બહેન ફરીદા જલાલ હતી.

દેવ આનંદ અને ઝીનત અમાન અભિનીત ફિલ્મ 'હરે રામા હરે કૃષ્ણ' રિલીઝ થઈ હતી. આ ડ્રગ વિરોધી ફિલ્મનું ગીત, 'ફૂલોં કા તારોં કા સબકા કહેના હૈ, એક હજારોં મેં મેરી બહેના હૈ. સારી ઉમર હમેં સંગ રહેના હૈ...' આજે પણ, પાંચ દાયકા પછી, દરેક રક્ષાબંધન પર, અથવા એમ કહીએ તો, જ્યારે પણ અને જ્યાં પણ ભાઈ-બહેનનો વિષય આવે છે ત્યારે આ ગીત બધું જ કહી દે છે. ભલે તે ભાઈ-બહેન વચ્ચેનો ઝઘડો હોય કે ગુસ્સે ભરાયેલું, તે ફક્ત તેના અવાજ સાથે સમાપ્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ગીત ભાઈના તેની બહેન પ્રત્યેના પ્રેમનું પ્રતીક બની ગયું છે.

પછી ભલે તે રાણી કર્ણાવતી અને હુમાયુની વાર્તા હોય કે દ્રૌપદી અને શ્રીકૃષ્ણની વાર્તા હોય, તે બધામાં બહેનનું રક્ષણ સર્વોપરી છે. આ ભાવનાને વધુ મજબૂત બનાવતાં ફિલ્મ 'ઘર દ્વાર'નું ગીત મનહર ઉદાસ, મોહમ્મદ અઝીઝ અને સુરેશ વાડકરે ગાયું હતું. એના શબ્દો હતા : 'મેરી બહેના, રાખી કી લાજ નિભાયેગા તેરા યે ભૈયા. તુજે કભી દિલ સે ના ભુલાયેગા'. આ મલ્ટી-સ્ટારર ગીતમાં જે કલાકારો દેખાયા હતા તેઓ હતા રાજકિરણ, સચિન, ડૉ. શ્રીરામ લાગુ, સોમા આનંદ અને તનુજા.

પોતાના સમયના જ્યુબિલી કુમાર, રાજેન્દ્ર કુમાર અને નાઝીમા અભિનીત ફિલ્મ અંજાનાનું ગીત, 'હમ બહેનો કે લિયે મેરે ભૈયા આતા હૈ દિન એક સાલ મેં, આજ કે દિન જહા કહી ભી મેં રહું ચલે આના વહાં હર હાલ મેં'માં બહેનની ભાઈને એક જ પ્રાર્થના છે કે તે મને કોઈ પણ સંજોગોમાં ભૂલી ન જાય અને આ દિવસે તેને મળવા ચોક્કસ આવે.

બાય ધ વે, તોફાની રજનીકાંત અને હેમા માલિનીની ફિલ્મ અંધા કાનૂનનું ગીત, 'મેરી બેહના દીવાની હૈ, પર વો સમજતી હૈ સબસે સ્યાની હૈ, મેરા ભૈયા હો મેરા ભૈયા દીવાના હૈ, પર વો સમાજતા હૈ વો સબસે સયાના હૈ' કિશોર કુમાર અને આશા ભોંસલેએ રક્ષા બંધનનાં ગીતોને ખૂબ જ તન્મયતાથી ગાઈને વધુ લોકપ્રિય બનાવ્યાં છે.

આ દિવસ માટે ખૂબ જ લોકપ્રિય બનેલાં અન્ય ગીતોમાં ફિલ્મ બેઇમાનનું ગીત 'યે રાખી બંધન હૈ ઐસા, જૈસે ચંદા ઔર કિરન કા, જૈસા બદલી ઔર પવન કા'; ફિલ્મ રાખીમાં મોહમ્મદ રફી દ્વારા ગાયેલું 'એક એક ધાગે મે ભાઇ બહન કા પ્યાર, રાખી ધાગો કા ત્યોહાર'. આમાં અશોક કુમાર અને વહીદા રહેમાન છે અને મિથુનનું રમતિયાળ ગીત 'ભાઈ ઐસે હોતે હૈ' ફિલ્મ પ્યાર કા દેવતા, જે આ દિવસને ખાસ બનાવે છે.

ફિલ્મ ફરિશ્તેમાંથી ભાઈ-બહેનનો પ્રેમ; અદાલતમાંથી 'બહના ઓ બહના'; ફિલ્મ તિરંગામાંથી 'મેરી રાખી મતલબ પ્યાર'; ફિલ્મ અનપઢમાંથી 'રંગબિરંગી રાખી લેકે આયી બહના, ઓ રાખી બંધવા લે મેરે વીર' પણ ખૂબ જ લોકપ્રિય છે.

જોકે રાજેશ ખન્નાની સુપરહિટ ફિલ્મ સચ્ચા જૂઠાનું ગીત 'મેરી પ્યારી બેહનિયાં બનેગી દુલ્હનિયા, સજ કે આયેંગે દુલ્હે રાજા' રક્ષાબંધનનું પ્રતિનિધિત્વ કરતું નથી, પણ આ ગીત દર વર્ષે રક્ષાબંધન પર સાંભળી શકાય છે.

જ્યારે રક્ષાબંધન આવશે ત્યારે આ ગીતો ફરી એકવાર ગુંજશે અને ભાઈ-બહેન વચ્ચેની મીઠી મજાકની મજામાં વધારો કરશે. જોકે આ સંબંધ શબ્દોમાં વર્ણવી ન શકાય, પણ બોલિવૂડે ચોક્કસપણે તેને તાજગી અને સ્મિત આપ્યું છે. ■

# શ્રીલંકાના સોનાલ દિનુશાની છ ભાગીદારી, ભારતના આઠ બોલર ચાર વિકેટ પણ ન લઈ શક્યા

## શ્રીલંકન ટીમ ટેસ્ટ ઐતિહાસિક ડ્રૉ કરાવવામાં સફળઃ ભારતે સિરીઝ ૧-૦થી જીતી લીધી




કોલંબોઃ ભારત અને શ્રીલંકા વચ્ચે ગઈ કાલે ટેસ્ટ-સિરીઝની બીજી અને અંતિમ મૅચ ડ્રૉ જાહેર થતાં જ ભારતને શ્રેણીનું ૧-૦થી વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ શ્રીલંકાના બૅટ્સમેનોએ જેમાં ખાસ કરીને મિડલ-ઑર્ડર બૅટ્સમૅન સોનાલ દિનુશા (૧૩૩ અણનમ, ૨૬૪ બૉલ, ૪૨૦ બૉલ, બે છગ્ગા, આઠ ચોગ્ગા)એ અનેક લોકોના દિલ જીતી લીધા હતા. તેણે ટેસ્ટના બન્ને દાવમાં સદી ફટકારી હતી. શ્રીલંકાના ટેસ્ટ ઇતિહાસમાં દિનુશાની આ અણનમ ઇનિંગ્સ સુવર્ણ અક્ષરે લખાશે, કારણકે તેણે નીચલા ક્રમના સાથી બૅટસમેનોની મદદથી ભારતને જીતવા જ નહોતું દીધું. દિનુશાએ બીજા દાવમાં નાની-મોટી છ ભાગીદારી કરી હતી અને શ્રીલંકાને અભૂતપૂર્વ ડ્રૉ અપાવી હતી. પ્રથમ દાવમાં દિનુશાએ ૧૦૩ રન બનાવ્યા હતા.

### ટેસ્ટ કેવી રીતે ડ્રૉ જાહેર કરાઈ?

છેલ્લા દિવસે લગભગ ૨૭ ઓવર બાકી હતી ત્યારે ભારત-શ્રીલંકા ટેસ્ટને ડ્રૉ જાહેર કરવામાં આવી હતી. શ્રીલંકન બૅટ્સમેનો (ખાસ કરીને સોનાલ દિનુશા)એ ભારતને બીજા દાવની બૅટિંગનો મોકો જ નહોતો આપ્યો અને મર્યાદિત સમય બાકી રહ્યો હોવાથી બન્ને ટીમે એકમેક સાથે સહમત થઈને ટેસ્ટને ડ્રૉ જાહેર કરાવી હતી. ભારતે આ સિરીઝ ૧-૦થી જીતી લીધી છે. મૅચ ડ્રૉ જાહેર થઈ ત્યારે શ્રીલંકાનો બીજા દાવનો સ્કોર ૯/૪૨૯ ડિક્લેર્ડ હતો. ભારતની પ્રથમ દાવની ૨૧૩ રનની સરસાઈ બાદ કરતા બીજા દાવમાં શ્રીલંકાનો સ્કોર ૯/૨૧૬ હતો અને શ્રીલંકાના ડિક્લેરેશન બાદ ભારત ૨૧૭ રનના લક્ષ્યાંક સાથે ફરી બૅટિંગમાં આવે એ પહેલાં જ મૅચ ડ્રૉ જાહેર કરાઈ હતી.

### ગિલ, યશસ્વી, જુરેલે બોલિંગ કરી છતાં...

ટેસ્ટના પહેલા ચારેય દિવસ મેઘરાજા ખૂબ નડ્યા, પણ ગઈ કાલના અંતિમ દિવસે મેઘરાજાએ વિશ્રામ લીધો હતો અને દિનુશા તથા બીજા બૅટ્સમેનો ભારત માટે માથાનો દુખાવો થઈ ગયા હતા. ગુરુવારે ભારતના મુખ્ય પાંચ બોલર (મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, રવીન્દ્ર જાડેજા, માનવ સુથાર, સારાંશ જૈન) બુધવારના ચોથા દિવસે સાત રન પર નૉટઆઉટ રહેલા દિનુશાને આઉટ કરવામાં નિષ્ફળ ગયા હતા. મૅચ ડ્રૉ જાહેર કરાઈ એની થોડી વાર પહેલાં ખુદ કૅપ્ટન શુભમન ગિલે બે ઓવર બોલિંગ કરી હતી અને યશસ્વી જયસ્વાલ તથા ધ્રુવ જુરેલને પણ એક-એક ઓવર આપી હતી. એકંદરે ભારતના આઠ બોલર છેલ્લા દિવસે શ્રીલંકાની બાકીની ચાર વિકેટ નહોતા લઈ શક્યા. બુધવારના ચોથા દિવસે શ્રીલંકાનો બીજા દાવનો સ્કોર ૬/૨૨૯ હતો અને મૅચને અંતે તેમનો સ્કોર ૯/૪૨૯ ડિક્લેર્ડ હતો.


સોનાલ દિનુશા


મોહમ્મદ સિરાજ


માનવ સુથાર

### દિનુશાની આ છ ભાગીદારી ભારતને નડી

છઠ્ઠા નંબર પર બૅટિંગ કરનાર પચીસ વર્ષના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન ગમાગે સોનાલ દિનુશાએ પ્રથમ દાવની પાંચ ભાગીદારી બાદ બીજા દાવમાં નાની-મોટી આ છ ભાગીદારી કરી હતી જે ભારતને નડી હતીઃ (૧) પાસિન્દુ સૂર્યાબંડારા (૧૭૩ બૉલમાં ૯૨ રન) સાથે પાંચમી વિકેટ માટે ૧૦ બૉલમાં ત્રણ રનની ભાગીદારી (૨) નિરોશન ડિકવેલા (૧૨ બૉલમાં છ રન) સાથે છઠ્ઠી વિકેટ માટે ૨૩ બૉલમાં છ રનની ભાગીદારી (૩) કેશારા નુવન્થા (૧૫૦ બૉલમાં ૪૬ રન) સાથે સાતમી વિકેટ માટે ૨૪૬ બૉલમાં ૧૧૨ રનની ભાગીદારી (૪) પ્રભાત જયસૂર્યા (૨૮ બૉલમાં બે રન) સાથે આઠમી વિકેટ માટે ૭૧ બૉલમાં પચીસ રનની ભાગીદારી (૫) લાહિરુ કુમારા (૯૦ બૉલમાં ૧૨ રન) સાથે નવમી વિકેટ માટે ૧૭૦ બૉલમાં ૪૭ રનની ભાગીદારી અને (૬) અસિથા ફર્નાન્ડો (૨૪ બૉલમાં શૂન્ય અણનમ) સાથે દસમી વિકેટ માટે ૫૬ બૉલમાં ૨૭ રનની અતૂટ ભાગીદારી.

### ભારતીયોની કુલ ૨૪૩.૪ ઓવર બોલિંગ

ભારતના પ્રથમ દાવના ૯/૫૦૩ ડિક્લેર્ડના જવાબમાં શ્રીલંકાએ ૨૯૦ રન બનાવ્યા હતા. ભારતે યજમાન ટીમને ફૉલો-ઑન આપી અને છેલ્લે શ્રીલંકાએ ૯/૪૨૯ ડિક્લેર્ડના સ્કોર સાથે મૅચ ડ્રૉ કરાવી હતી. એકંદરે ભારતીય બોલર્સે કુલ ૨૪૩.૪ ઓવર બોલિંગ કરી હતી.

### ગિલની રણનીતિ કામ ન લાગી, ગૌતમ સતત ગંભીર મુદ્રામાં

કૅપ્ટન શુભમન ગિલે ગઈ કાલના અંતિમ દિવસે બોલિંગમાં અનેક ફેરફાર કર્યા હતા અને ફીલ્ડિંગમાં પણ તે બદલાવ લાવતો રહ્યો હતો, પણ શ્રીલંકાના બૅટ્સમેનો (ખાસ કરીને સોનાલ દિનુશા) ટસના મસ નહોતા થતા અને ભારતીય બોલરોને લાંબા અંતરે વિકેટ મળી હતી. ગિલની રણનીતિની દિનુશા પર કોઈ વિપરીત અસર નહોતી થઈ. બીજી તરફ, ડગઆઉટમાં હેડ-કોચ ગૌતમ ગંભીર સતતપણે ચિંતામાં જણાયો હતો. ઘણી વાર ટીવી સ્ક્રીન પર તે ગંભીર મુદ્રામાં જોવા મળ્યો હતો.

### દિનુશાને મૅચનો, પડિક્કલ શ્રેણીનો પુરસ્કાર

સોનાલ દિનુશાને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો અને મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ દેવદત્ત પડિક્કલને મળ્યો હતો. દિનુશાની આ પાંચમી અને પડિક્કલની ચોથી ટેસ્ટ હતી. ■

# 'દ્રવિડ-સેહવાગના કમબૅક'

## બંને દિગ્ગજના દીકરાઓ ઑસ્ટ્રેલિયા સામે રમશે



નવી દિલ્હીઃ એક સમય હતો જ્યારે રાહુલ દ્રવિડ અને વીરેન્દર સેહવાગ મોટી-મોટી હરીફ ટીમોને ભારે પડી જતા હતા અને ભારતને એક પછી એક મૅચ અને સિરીઝ જિતાડતા હતા, પણ હવે તેમણે પોતાની ટૅલન્ટનો વારસો જેમને આપ્યો છે તેઓ ભારતનું નામ રોશન કરવા ભેગા થઈને મેદાન પર ઊતરશે. આ વાત છે રાહુલના પુત્ર અન્વય દ્રવિડ અને વીરેન્દરના પુત્ર આર્યવીર સેહવાગની. અન્વય દ્રવિડ અને આર્યવીર સેહવાગનો સમાવેશ આવતા મહિને ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જનારી અન્ડર-૧૯ ટીમમાં કરવામાં આવ્યો છે. બન્નેના પિતા એકસાથે ઘણું ક્રિકેટ રમ્યા હતા અને હવે તેમના વારસદારો ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

### બન્ને ટીમના ગુજરાતી ખેલાડીઓ વિશે જાણો

બીસીસીઆઇની સિલેક્શન કમિટીએ ઑસ્ટ્રેલિયામાં આગામી ૧૮મી સપ્ટેમ્બરે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે ટીમની અને ત્યાર બાદ રમાનારી બે મલ્ટિ-ડે મૅચો માટેની ટીમ જાહેર કરી હતી અને અન્વય દ્રવિડ તથા આર્યવીર સેહવાગનો સમાવેશ માત્ર વન-ડે ટીમમાં છે. લક્ષ્ય રાયચંદાની વન-ડે ટીમનો અને યશબર્ધન સિંહ ચૌહાણ મલ્ટિ-ડે સિરીઝની ટીમનો કૅપ્ટન છે. બન્ને ટીમમાં એક-એક પટેલ અટકવાળા ખેલાડી છે. કાવ્ય પરેશ પટેલનો સમાવેશ અન્ડર-૧૯ વન-ડે ટીમમાં અને કુશ ધર્મેશ બિપિનચંદ્ર પટેલને મલ્ટિ-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. કાવ્ય પટેલ મહેસાણાનો છે અને પેસ બોલર છે. કુશ પટેલ અમદાવાદનો છે અને રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન છે. ૧૮ વર્ષના આર્યવીર સેહવાગને પહેલી જ વખત ભારત વતી રમવાનો મોકો મળશે. તે હાલમાં દિલ્હી પ્રીમિયર લીગમાં રમે છે. ૧૭ વર્ષનો અન્વય દ્રવિડ મહાન ક્રિકેટર રાહુલ દ્રવિડનો નાનો પુત્ર છે. તે વિકેટકીપર-બૅટ્સમૅન છે અને ગયા મહિને શ્રીલંકાના પ્રવાસમાં તેણે બે યુથ વન-ડેમાં ૧૪ તથા ૮૭ રન બનાવ્યા હતા.

### કઈ ટીમમાં કોનો સમાવેશ?

અન્ડર-૧૯ વન-ડે ટીમઃ લક્ષ્ય રાયચંદાની (કૅપ્ટન), યશબર્ધન સિંહ ચૌહાણ (વાઇસ-કૅપ્ટન), રજત બાગેલ (વિકેટકીપર), અન્વય દ્રવિડ (વિકેટકીપર), આર્યવીર સેહવાગ, વી. કે. વિનિત, કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપુત, મનલ ચૌહાણ, વી. યશવીર, રોહિત યાદવ, શાવિન વિનોદ, મોહિત ઉલ્વા, ચિગુરુપતિ વેન્કટ અને કાવ્ય પટેલ.

અન્ડર-૧૯ મલ્ટિ-ડે ટીમઃ યશબર્ધન સિંહ ચૌહાણ (કૅપ્ટન), લક્ષ્ય રાયચંદાની (વાઇસ-કૅપ્ટન), સાગર વિર્ક, કુશાગ્ર ઓઝા, મનલ ચૌહાણ, કુશ પટેલ, માનવ ક્રિષ્ના (વિકેટકીપર), અભિપ્રે બિશ્વાસ (વિકેટકીપર), રોહિત યાદવ, ઇશાન ઓમ, અયાન અકરમ, પ્રણવ રાઘવેન્દ્ર, પ્રિયાંશુ સિંહ, મોહિત ઉલ્વા અને આર્યન યાદવ. ■

# કરીઅરની પાંચમી જ ટેસ્ટમાં અનેક વિક્રમો કરનાર આ શ્રીલંકન સોનાલ દિનુશા છે કોણ?

## ભારતના વિજય હઝારે અને ઝિમ્બાબ્વેના ઍન્ડી ફ્લાવરના વિશ્વવિક્રમની બરાબરી કરી

કોલંબોઃ અહીં ગુરુવારે સિરીઝની અંતિમ ટેસ્ટમાં ભારતને બીજા દાવની બૅટિંગથી વંચિત રાખનાર, ક્રીઝમાં છેક સુધી અડીખમ રહીને મૅચ ડ્રૉ કરાવનાર તેમ જ ટીમ ઇન્ડિયાને ૦-૨ની ક્લીન સ્વીપથી ખૂબ દૂર રાખનાર પચીસ વર્ષનો સોનાલ દિનુશા માત્ર શ્રીલંકામાં નહીં, પણ સમગ્ર ક્રિકેટ જગતમાં છવાઈ ગયો છે અને પ્રથમ દાવમાં ૧૦૩ રન બનાવનાર દિનુશા ગુરુવારના અંતિમ દિવસે બીજા દાવમાં ૧૩૩ રન બનાવીને અણનમ રહેનાર આ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅને પોતાને કરીઅરની પાંચમી જ ટેસ્ટમાં અભૂતપૂર્વ પર્ફોર્મ કરીને પોતાને દિગ્ગજોની યાદીમાં મૂકાવી દીધો છે.

દિનુશા ભારત વિરુદ્ધ ટેસ્ટની બન્ને ઇનિંગ્સમાં સેન્ચુરી ફટકારનાર ત્રીજો ખેલાડી બની ગયો છે. ભારતના પ્રથમ દાવના ૯/૫૦૩ રનના સ્કોરના જવાબમાં શ્રીલંકાએ પસિન્દુ સૂર્યાબંડારાના ૮૦ રન ઉપરાંત દિનુશાના ૧૦૩ રનની મદદથી ૨૯૦ રન બનાવ્યા હતા. જોકે શ્રીલંકાએ ફૉલો-ઑન થવું પડ્યું તો દિનુશાએ એમાં પણ સેન્ચુરી (અણનમ ૧૩૩) ફટકારી. તેની પહેલાં, સૂર્યાબંડારા ૯૨ રન તથા કામિન્દુ મેન્ડિસ પંચાવન રનની ઇનિંગ્સ સાથે ભારતને ભારે પડ્યો હતો.

દિનુશા વિશ્વનો એવો પ્રથમ ક્રિકેટર છે જેણે ભારત સામે ટેસ્ટના પ્રથમ દાવમાં તેમ જ ફૉલો-ઑન પછીના બીજા દાવમાં સેન્ચુરી ફટકારી છે. એકંદરે આવી સિદ્ધિ મેળવનાર તે ટેસ્ટ જગતના ૧૪૯ વર્ષના ઇતિહાસનો માત્ર ત્રીજો ખેલાડી બન્યો છે. ૧૯૪૮માં ભારતના મહાન બૅટ્સમૅન વિજય હઝારેએ ઍડિલેઇડમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ (જેમાં ભારતે ફૉલો-ઑન થવું પડ્યું હતું એમાં)ના પ્રથમ દાવમાં ૧૧૬ રન અને બીજા દાવમાં ૧૪૫ રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાનો એક દાવથી વિજય થયો હતો. ૨૦૦૧માં ઍન્ડી ફ્લાવરે હરારેમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટના પ્રથમ દાવમાં ૧૪૨ રન કર્યા હતા અને ફૉલો-ઑન પછીના બીજા દાવમાં ઝિમ્બાબ્વે ઑલઆઉટ થઈ જતાં ૧૯૯ રન પર અણનમ રહી ગયા હતા. સાઉથ આફ્રિકાનો નવ વિકેટે વિજય થયો હતો.

ભારત સામે કોઈ હરીફ ખેલાડીએ ટેસ્ટના બન્ને દાવમાં સદી ફટકારી હોય એવું ૧૧ વર્ષે બન્યું છે. ૨૦૧૫માં એજબૅસ્ટનમાં ઇંગ્લૅન્ડના જૉની બેરસ્ટૉએ ૧૦૬ રન અને ૧૧૪ રન બનાવ્યા હતા. દિનુશા બે ટેસ્ટની શ્રેણીમાં ત્રણ સેન્ચુરી ફટકારનાર વિશ્વનો નવમો ખેલાડી બન્યો છે. તેણે ગૉલની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ૧૦૦ રન કર્યા હતા. ■

### દિનુશાની અજબ આંકડાબાજી

સોનાલ દિનુશાએ ભારત સામે પૂરી થયેલી ટેસ્ટમાં ગજબની બૅટિંગ કરી. બન્ને ટીમના તમામ બૅટ્સમેનોમાં તેના ૪૨૦ રન હાઇએસ્ટ હતા. દેવદત્ત પડિક્કલ ૩૨૮ રન સાથે બીજા સ્થાને રહ્યો હતો. સિરીઝમાં તેની ત્રણ સેન્ચુરી પણ હાઇએસ્ટ હતી, કારણ કે પડિક્કલ બે સેન્ચુરી સાથે બીજા નંબરે રહ્યો હતો. શ્રેણીમાં સૌથી વધુ આઠ છગ્ગા દિનુશાના નામે હતા. રિષભ પંત અને કામિન્દુ મેન્ડિસ પાંચ-પાંચ સિક્સર સાથે બીજા સ્થાને હતા. સિરીઝમાં દિનુશાએ સૌથી વધુ ૭૨૨ બૉલનો સામનો કર્યો હતો જે શ્રેણીના તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ હતા. દિનુશાની ૧૪૦.૦૦ની બૅટિંગ-ઍવરેજ સિરીઝમાં હાઇએસ્ટ હતી.

દિનુશાએ જૂન, ૨૦૨૫માં બાંગ્લાદેશ સામેની મૅચથી ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે નવ ટેસ્ટ-ઇનિંગ્સમાં ૮૬.૫૭ની સરેરાશે કુલ ૬૦૬ રન કર્યા છે. તે ૭૦ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યો છે, પણ હજી સુધી તેને વન-ડે કે ટી-૨૦ મૅચ નથી રમવા મળી. દિનુશા જેન-ઝી છે અને તેનો જન્મ ૨૦૦૦ની સાલમાં કોલંબોમાં થયો હતો.

# કડવું સત્ય એ છે કે આપણે ઑલિમ્પિક્સની મોટા ભાગની રમતોમાં ભાગ સુધ્ધાં નથી લેતાઃ મોદી




નવી દિલ્હીઃ શનિવારે આખો દેશ હૉકી-લેજન્ડ મેજર ધ્યાનચંદના જન્મદિને 'રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ' ઉજવશે અને એ કાર્યક્રમ માટે દેશમાં વિવિધ સ્થળે 'ખેલો ઇન્ડિયા ચર્ચા' માટે એકત્રિત થયેલા સેંકડો ઍથ્લીટો, વિદ્યાર્થીઓ તેમ જ સ્વયંસેવકોને ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી સંબોધતા કહ્યું હતું કે 'ઑલિમ્પિક ગેમ્સમાં અનેક રમતોની હરીફાઈ થતી હોય છે, પરંતુ કડવું સત્ય એ છે કે એમાંથી અડધા ભાગની રમતોમાં પણ ભારતની હાજરી નથી હોતી. એનો અર્થ એ થયો કે આપણે મોટા ભાગના ચંદ્રકો માટેની હરીફાઈમાં ભાગ નથી લેતા હોતા અને આવું દાયકાઓથી ચાલે છે.'

વડા પ્રધાને એવું પણ કહ્યું, 'અગાઉ આપણે ભાગ ન લીધો હોય એવી સર્ફિંગ અને સ્પોર્ટ ક્લાઇમ્બિંગ જેવી ઘણી રમતોની હરીફાઈમાં આપણે ભાગ લેતા થઈએ તો જ આપણા ચંદ્રકોની સંખ્યામાં મોટો સુધારો જોવા મળી શકે. આપણી પાસે વિશાળ દરિયા કિનારા છે તેમ જ અનેક ડુંગરાળ પ્રદેશો છે જ્યાં આવી રમતો વિકસાવી શકીએ.' ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયા વડા પ્રધાનના વર્ચ્યુઅલ સંબોધનને લગતી ઇવેન્ટ સાથે ગાંધીનગરના આઇઆઇટીથી જોડાયા હતા.

મોદીની દીર્ઘદૃષ્ટિ માત્ર ચંદ્રકો જીતવા માટેનું જ નથી. તેઓ અનેક રમતોને રાષ્ટ્ર-નિર્માણની પ્રક્રિયાનો આંતરિક અને મહત્ત્વનો હિસ્સો બનાવી લેવા માગે છે. તેમણે કહ્યું, '૨૦૧૨ની ઑલિમ્પિક્સમાં આપણે માત્ર ૧૩ સ્પોર્ટ્સમાં જ ભાગ લીધો હતો, ૨૦ ઇવેન્ટ પણ નહીં. એ તો ઠીક છે, પણ દેશમાં ઑલિમ્પિક્સની કેટલીક રમતોની હરીફાઈઓ વિશે જાણ સુધ્ધાં નહોતી, જ્યારે બીજા દેશો એ રમતોમાં ભાગ લઈને મેડલ જીતી જતા હોય છે. આપણે વધુ ચંદ્રકો જીતવા માટે આ રમતોમાં સુધારો કરવો જોઈશે.'

૨૦૨૪ની ઑલિમ્પિક્સમાં ભારતે ૩૨માંથી માત્ર ૧૬ રમતોની હરીફાઈઓમાં ભાગ લીધો હતો. ૨૦૩૬ની ઑલિમ્પિક્સ અમદાવાદમાં યોજાશે એવી પાક્કી સંભાવના છે. મોદીએ ૧૫મી ઑગસ્ટના ભાષણમાં ભારપૂર્વક કહ્યું હતું કે 'આવનારાં વર્ષોમાં દેશભરમાંથી પાંચથી પંદર વર્ષની વયના બાળકો અને ટીનેજરોમાં રહેલી ટૅલન્ટ શોધી કાઢવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.' ■

# મહિલા હૉકીમાં ભારતે ચડિયાતા જર્મનીને હરાવ્યું

ઍમ્સ્ટલ્વીનઃ નેધરલૅન્ડ્સમાં ભારતની નવમા ક્રમની મહિલા હૉકી ટીમે વર્લ્ડ કપમાં ગુરુવારે જર્મનીની પાંચમા નંબરની ચડિયાતી ટીમને ૩-૧થી હરાવીને પાંચમું સ્થાન મેળવ્યું હતું. પહેલા બે ક્વૉર્ટરમાં એકેય ગોલ નહોતો થયો, પણ ત્રીજા ક્વૉર્ટરમાં ભારતે બે ગોલ કર્યા હતા. ૪૩મી મિનિટમાં ઇશિકાએ ગોલ કર્યા બાદ ૪૪મી મિનિટમાં નવનીત કૌરે ગોલ કરીને ભારતને ૨-૦થી સરસાઈ અપાવી હતી. ૪૭મી મિનિટમાં નવનીતે વધુ એક ગોલ કરીને સરસાઈ ૩-૦ની કરી આપી હતી.

# આજથી એશિયા કપ

દુબઈઃ આજે દુબઈમાં મહિલા ક્રિકેટરોનો ટી-૨૦ એશિયા કપ શરૂ થઈ રહ્યો છે. આ ટૂંકી ટૂર્નામેન્ટમાં આઠ દેશની ટીમ ભાગ લેશે. ભારત-પાકિસ્તાન એક જ ગ્રૂપમાં છે અને આ બન્ને દેશ વચ્ચેનો મુકાબલો શનિવાર, પાંચમી સપ્ટેમ્બરે રાત્રે ૮.૦૦ વાગ્યે શરૂ થશે. એ પહેલાં, આ ટૂર્નામેન્ટમાં ભારતની પ્રથમ મૅચ રવિવાર, ૩૦મી ઑગસ્ટે થાઇલૅન્ડ વિરુદ્ધ રમાશે. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૩૨૪-ડી)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કોસબાડ દહાણુ**
કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટેઃ પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)

**OMK TOURS**
મહારાષ્ટ્રના પાંચ જ્યોતિર્લિંગ પંઢરપુર અષ્ટવિનાયક શિરડી 06 સપ્ટેમ્બર કાશી વિશ્વનાથ રામ જન્મભૂમિ પ્રયાગરાજ હૈદરાબાદ શ્રીશૈલમ મલ્લિકાર્જુન 29 ઑગસ્ટ ઓમકારેશ્વર મહાકાલેશ્વર ઉજ્જૈન કોલકત્તા ગંગાસાગર જગન્નાથપુરી ચંપારણ વૈજયનાથ કામાખ્યા 21 સપ્ટેમ્બર સિક્કિમ ગંગટોક દાર્જિલિંગ ગુવાહાટી રામેશ્વર કન્યાકુમારી મદુરાઈ તિરુપતિ 21 ઑક્ટોબર 9270319140/ 8669662636. (એસડીબી-૩૪૯૨)

### ૧૭. જગ્યા આપવી છે

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**
One Office for Sale Carpet 230. Rate 60K Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18029)

### ૨૧. હોટલ



(B-17972)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com



(B-17907)

# એચડીએફસી બૅન્કના ધોવાણ સાથે નિફ્ટીએ ૨૪,૧૦૦ની સપાટી તોડી, સેન્સેક્સમાં ૫૩૯ પોઈન્ટનું ગાબડું

મુંબઈઃ ભૂ-રાજકીય અનિશ્ચિતતા યથાવત રહેવા ઉપરાંત સ્થાનિક ધોરણે ઇન્ડેક્સ હેવીવેઇટ બ્લુ ચિપ સ્ટોક એચડીએફસી બેંકમાં વેચવાલીનું દબાણ વધી જવા સાથે સેન્ટિમેન્ટ કથળી જતાં ગુરુવારે સત્રને અંતે બેન્ચમાર્ક સૂચકાંકોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સેન્સેક્સ ૫૩૯ પોઈન્ટ ગબડ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪,૧૦૦થી નીચે સરકી ગયો હતો.

સતત બીજા દિવસના ઘટાડામાં સેન્સેક્સ ૫૩૯.૩૫ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને માસિક ડેરિવેટિવ્ઝ-એક્સપાયરી દિવસે દિવસના નીચા સ્તરે ૭૬,૯૩૩.૫૯ પર સ્થિર થયો હતો. તેવી જ રીતે, નિફ્ટી ૧૧૬.૯૦ પોઈન્ટ અથવા ૦.૪૮ ટકા ઘટીને દિવસના નીચા સ્તરે ૨૪,૦૯૦.૮૫ પર બંધ થયો હતો. ગયા શુક્રવારના બંધથી, નિફ્ટી હવે લગભગ ૦.૬૬ ટકા નીચે છે, જ્યારે સેન્સેક્સ આ અઠવાડિયે લગભગ ૦.૭૮ ટકા ઘટ્યો છે. ૨૧ ઓગસ્ટના રોજ નિફ્ટી ૨૪,૨૫૨ અને સેન્સેક્સ ૭૭,૫૪૦.૮૩ પર બંધ થયો હતો.

એચડીએફસી બેંક ૨.૨૩ ટકાના કડાકા સાથે બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો. યુએસ ક્લાસ-એક્શન ખટલાના અહેવાલો અને સીઇઓ શશીધર જગદીશનના કાર્યકાળની આસપાસ સતત અનિશ્ચિતતાના અહેવાલોને કારણે શેર દબાણ હેઠળ આવ્યો છે. હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ ૨.૭૫ ટકાના ઘટાડા સાથે નિફ્ટીનો ટોપ લુઝર બન્યો હતો, ત્યારબાદ એમએન્ડએમ, શ્રીરામ ફાઇનાન્સ, ગ્રાસિમ અને એચસીએલ ટેક્નો સમાવેશ હતો. ભારતી એરટેલ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પણ અનુક્રમે ૧.૨૫ ટકા અને ૧.૨૨ ટકા ઘટ્યા હતા. પ્રાઇમરી માર્કેટમાં દીપા જ્વેલર્સનો ૪૫૯.૯૨ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ પહેલી સપ્ટેમ્બરે ખુલશે અને ત્રીજી સપ્ટેમ્બરે બંધ થશે. શેરની ફાળવણી ચોથી સપ્ટેમ્બરે અને એનએસઇ તથા બીએસઇ ખાતે લિસ્ટિંગ આઠમી સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૯ થી રૂ. ૭૭ પ્રતિ શેર ઇશ્યૂ છે. અરજી માટે લોટ સાઇઝ ૮૪ શેર છે. પેરામોટર ડિજીટલ ટેક્નોલોજી, એરાગન લાઇફ સાયન્સ, આવાડા ઇલેક્ટ્રો, એમપી સ્ટીલ લિમિટેડ, બોન્ફીલીઓલી ટ્રાન્સમિશન, રેંટોમોજો લિમિટેડ સહિતની કંપનીઓએ આઇપીઓ લાવવા સેબી પાસે દસ્તાવેજ જમા કરાવ્યા છે. ફાર્મ પીસ લિમિટેડ શેરદીઠ રૂ. ૫૯ની ફિક્સ્ડ ઈશ્યૂ કિંમત ધરાવતો આઇપીઓ લાવી રહી છે. આ ઈશ્યૂ સંપૂર્ણપણે રૂ. ૫૪.૨૪ લાખ શેરોનો ફ્રેશ ઈશ્યૂ છે, જેમાં ઓએફએસ નથી. ભરણું પહેલી સપ્ટેમ્બરે ખુલશે અને ત્રીજી સપ્ટેમ્બરે બંધ થશે. શેરની ફાળવણી ચોથી સપ્ટેમ્બરે થશે અને બીએસઇ એસએમઇ લિસ્ટિંગ આઠમી સપ્ટેમ્બરે થશે. અરજી માટે લોટ સાઈઝ ૨,૦૦૦ શેર છે. બજાજ જનરલ ઇન્સ્યોરન્સ લિમિટેડ માય ફેમીલી કમ્પ્લીટ નામે નવી પ્રોડક્ટ બજારમાં મૂકી રહી છે, જે ઘરમાં પાળેલા પ્રાણીઓને પણ વીમા કવચ હેઠળ આવરી લેતી ભારતની પ્રથમ હેલ્થ ઇન્સ્યોરન્સ પોલિસી બનશે. આ પોલિસીમાં પાંચ લાખથી પાંચ કરોડ રૂપિયા સુધીનો વીમો ઓફર કરાશે. એજન્ટિક સીઆરએમ, સેલ્સફોર્સે બેંક ઓફ બરોડાની પેટાકંપની ઇન્ડિયાફર્સ્ટ લાઇફ ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડના એઆઇ ટ્રાન્સફોર્મેશનને આગળ વધારવા એજન્ટફોર્સ સાથે યુતિ કરી છે, જે સેલ્સફોર્સ સાથે ઇન્ડિયાફર્સ્ટના સહયોગનું વિસ્તરણ છે ઇન્ડિયાફર્સ્ટ લાઇફ ભારતના ૯૦ ટકાથી વધુ પિન કોડમાં હાજરી ધરાવે છે. વ્યાપક બજાર પ્રમાણમાં સ્થિતિસ્થાપક હતું. નિફ્ટી બેંક ૨૭૪ પોઈન્ટ ઘટીને ૫૭,૫૧૦ પર બંધ થયો, જ્યારે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ૬૬ પોઈન્ટ ઘટીને ૬૪,૦૩૫ પર બંધ થયો. બીજી બાજુ, અદાણી એન્ટરપ્રાઈઝ ૧.૮૩ ટકા વધીને નિફ્ટીમાં ટોપ ગેઇનર હતો, જ્યારે કોટક મહિન્દ્રા બેંક ૧.૮૦ ટકા વધ્યો. અદાણી પોર્ટ્સ ૧.૩૩ ટકા વધ્યો, સિપ્લા અને ભારત ઇલેક્ટ્રોનિક્સ પણ વધ્યા હતા.

પાવર ઇક્વિપમેન્ટ શેરોએ વ્યાપક નબળાઈને ટક્કર આપી, જેમાં ભેલ ચાર ટકાથી વધુ વધ્યો અને જીઇ પાવર પણ ચારેક ટકાની આસપાસ વધ્યો, દરમિયાન, સિંગાપોરની કોર્ટે ૪૯૦ મિલિયન ડોલરના આર્બિટ્રેશન એવોર્ડ સામેના પડકારને ફગાવી દીધા પછી ટાટા પાવર લગભગ ત્રણેક ટકા ઘટ્યો હતો. ગોલ્ડ લોન શેરો મુથૂટ ફાઇનાન્સ અને મણપ્પુરમ ફાઇનાન્સમાં તીવ્ર ઘટાડો થયો, જ્યારે કસ્ટમ ડ્યુટી સંબંધિત પગલાથી જ્વેલરી શેરોને ફાયદો થયો.કોન્કોરમાં પણ ચારેક ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે આ વ્યાપક નબળાઈ ઉચ્ચ ભૂરાજકીય અને મેક્રો આર્થિક અનિશ્ચિતતાની પૃષ્ઠભૂમિ સામે આવી છે, જોકે ક્રૂડના ભાવમાં ઘટાડો થવાથી થોડી રાહત મળી છે. ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ ૮૮ ડોલર પ્રતિ બેરલની આસપાસ રહ્યું હતું. એક્સપાયરી ડેને કારણે સર્જાયેલી અસ્થિરતા અને મધ્ય પૂર્વમાં રાજદ્વારી વાટાઘાટોની પ્રગતિનો અભાવ નજીકના ગાળામાં બજારોને શ્રેણીબદ્ધ રાખે છે. જ્યારે ઊર્જાના ઊંચા ભાવ મોટાભાગે કમાણીની અપેક્ષાઓમાં પરિબળ બને છે, ત્યારે ક્રૂડ ઓઇલના ભાવમાં તાજેતરનો ઘટાડો અને લાંબા ગાળાના બોન્ડ યીલ્ડ ફુગાવાના દૃષ્ટિકોણને ટેકો આપી રહ્યા છે.

દરમિયાન, એફઆઇઆઇ પ્રવાહ અને સ્થિતિસ્થાપક કમાણીની ગતિ ભારતીય ઇક્વિટી, ખાસ કરીને મિડ-કેપ્સ માટે સહાયક રહે છે, જ્યાં ઘણા સેગમેન્ટ્સ વૈશ્વિક અનિશ્ચિતતાથી પ્રમાણમાં અસુરક્ષિત છે અને મજબૂત સ્થાનિક માગ વલણોથી લાભ મેળવતા રહે છે. રોકાણકારો ફુગાવા, વ્યાજ દરો અને નીતિ દૃષ્ટિકોણ પર સંકેતો માટે ફેડરલ ચેરમેનના આગામી જેક્સન હોલ સંબોધન પર પણ ઝીણી નજર રાખશે, જે વૈશ્વિક જોખમ સેન્ટિમેન્ટ અને ઉભરતા બજારોમાં મૂડી પ્રવાહને પ્રભાવિત કરી શકે છે. કોર્પોરેટ હલચલમાં સેબીએ મેક્સ ફાઇનાન્શિઅલ સર્વિસિસ, મેક્સ લાઇફ અને એક્સિસ ગ્રુપ એન્ટિટીઝ સામેનો રૂ. ૩૯૧૧ કરોડના રોકાણકારોના કથિત નુકસાનને લગતો ખટલો પડતો મૂક્યો છે.

## રૂપિયો ૧૧ પૈસાના ઘસારા સાથે ૯૫.૫૫ની સપાટીએ

મુંબઈઃ અમેરિકન ચલણની મજબૂતાઇ અને સ્થાનિક બજારાની નબળાઇ વચ્ચે ગુરુવારના સત્રમાં અમેરિકન ચલણ સામે રૂપિયો પ્રારંભિક સુધારો ગુમાવીને ૧૧ પૈસાના ઘટાડા સાથે ૯૫.૫૫ની સપાટી પર બંધ થયો હતો. ફોરેન એક્સચેન્જના ડીલરોએ જણાવ્યું હતું કે વિદેશી બજારમાં અમેરિકન ગ્રીનબેકની વ્યાપક મજબૂતાઈએ ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાથી મળેલા સમર્થનને નકારી કાઢ્યું હતું અને પરિણામે આઁતરબેન્કિંગ કામકાજમાં રૂપિયો નબલો પડ્યો હતો. ઇરાન અને ઓમાન વચ્ચે સ્ટ્રેટ દ્વારા કામચલાઉ શિપિંગ કોરિડોર અંગે સતત ચર્ચાઓ વચ્ચે ઘણા સત્રોમાં પહેલીવાર બ્રેન્ટના ભાવ ૯૦ ડોલરથી નીચે આવી ગયા છે, જે ભારતીય અર્થતંત્ર માટે લાભદાયી છે અને ડોલરની જાવકમાં તેને કારણે ઘટાડો થતાં ભારતીય ચલણને ટેકો પણ મળી રહ્યો છે.

## સેબી પ્રાઈવેટ પ્લેસમેન્ટના નિયમ હળવા કરશે

નવી દિલ્હીઃ ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) નાની રકમના ડેટ પ્રાઇવેટ પ્લેસમેન્ટ સંદર્ભના કેટલાક નિયમો હળવા બનાવવાની વિચારણાં કરી રહ્યું છે. બજાર નિયમનકાર સેબીએ ગુરુવારે લિસ્ટેડ એન્ટિટી દ્વારા પ્રાઇવેટ પ્લેસમેન્ટ ધોરણે જારી કરાયેલા નાના મૂલ્યના ડેટ સાધનો માટે મર્ચન્ટ બેન્કરની ફરજિયાત નિમણૂકમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પગલાનો હેતુ પાલન ખર્ચ ઘટાડવા અને બજાર વિકાસને વેગ આપવાનો છે. વર્તમાન નિયમ મુજબ ઇશ્યુઅર્સ, જારીકર્તાઓએ રૂ. ૧૦,૦૦૦ની ફેસ વેલ્યુ સાથેની ડેટ સિક્યોરિટીઝ અથવા નોન-કન્વર્ટિબલ રિડીમેબલ પ્રેફરન્સ શેરના ખાનગી પ્લેસમેન્ટ માટે ઓછામાં ઓછા એક મર્ચન્ટ બેન્કરની નિમણૂક કરવાની આવશ્યકતા રહે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે–રતલામ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટિસ

• ક્ર. નં.: ૧ • ઈ-ટેન્ડર નં.: EL-૨૦૨૫-૨૬-૪૮R૨ • કામનું નામઃ રતલામ ડિવિઝન - સિંહસ્થ ૨૦૨૮ સાથેના સંબંધમાં વિવિધ ૧૨ સ્ટેશનો ખાતે વોટર સપ્લાય વ્યવસ્થાના વધારાના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ • અંદાજિત મૂલ્યઃ ₹ ૧,૨૫,૦૬,૩૫૯.૯૨/- • બાના રકમઃ ₹ ૨,૫૦,૧૦૦/- • પૂર્ણતાની મુદતઃ ૧૨ મહિના • વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૪/૦૮/૨૦૨૬ • ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૫/૦૯/૨૦૨૬

• ક્ર. નં. : ૨ • ઈ-ટેન્ડર નં.: EL-૨૦૨૬-૨૭-૧૬ • કામનું નામઃ રતલામ ડિવિઝન - (૧) ચાંદેરિયા - રતલામ - ચિત્તોડગઢ, નિમ્બહેરા અને શંભુપુરા સ્ટેશનો ખાતે સંલગ્ન સુવિધાઓ સાથે મશીન સિડિંગ જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ; (૨) રતલામ - ખંડવા - નૌગવન, બારનગર અને પાલિયાં સ્ટેશનો ખાતે સંલગ્ન સુવિધાઓ સાથે મશીન સિડિંગ જોગવાઈ સાથેના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ - • અંદાજિત મૂલ્યઃ ₹ ૪૪,૯૫,૯૬૯.૩૦/- • બાના રકમઃ ₹ ૮૯,૯૦૦/- • પૂર્ણતાની મુદતઃ ૧૨ મહિના • વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૪/૦૮/૨૦૨૬ - ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૫/૦૯/૨૦૨૬. ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ, નિયમો અને શરતોની વિગતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે. CRY/223

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

કવર-શેડની જોગવાઈ

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, એન્જિ. વિભાગ, મુંબઈ સેન્ટ્રલ ટેન્ડર નં.: BCT/૨૬-૨૭/૧૧૫ તા. ૨૫.૦૮.૨૦૨૬ મંગાવે છે. કામનું નામઃ અંધેરીઃ મધ્યમ અને નોર્થ FOB તરફ મેટ્રો સ્ટેશન વચ્ચે પૂર્વ બાજુ ડેક પર કવર-શેડની જોગવાઈ (કમ્પોઝિટ + સિવિલ + ઈલેક્ટ્રિકલ). કામની અંદાજિત કિંમતઃ રૂ. ૬૧,૭૨,૭૭૦.૧૭/- બારડીઃ રૂ. ૧,૨૩,૫૦૦/- ટેન્ડરની સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૮.૦૯.૨૦૨૬, ૧૫.૦૦ ક. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૮.૦૯.૨૦૨૬ના ૧૫:૩૦ ક. વધુ વિગતો માટે, કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0527

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


## ડૉલરની મજબૂતાઇ વચ્ચે સોનાચાંદીમાં પીછેહઠ

મુંબઈઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે અમેરિકન ચલણની મજબૂતાઇને કારણે સોનાના ભાવ પર દબાણ જોવા મળ્યું હતું, જોકે એ જ સાથે ભારતીય ચલણની નરમાઇને કારણે કિંમતી ધાતુના ભાવને સહેજ ટેકો પણ મળ્યો હોવાનું બુલિયન ડીલરો જણાવ્યું હતું.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૬૧,૩૩૭ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૧,૫૮,૪૭૭ની નીચી સપાટીએ ખૂલ્યા બાદ વધુ ઘટીને અંતે રૂ. ૨૯૫૧ના મસમોટા ગાબડાં સાથે રૂ. ૧,૫૮,૩૮૬ની સપાટી પર સ્થિર થયું હતું. પશ્ચિમ એશિયાની અશાંતિનો નિવેડો આવે ત્યાં સુધી બુલિયનના ભાવમાં સ્થિરતા આવવી મુશ્કેલ હોવાનું ઝવેરીઓએ જણાવ્યું હતું.

૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૬૦,૬૯૧ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૧,૫૭,૮૪૨ની નીચી સપાટીએ ખૂલ્યા બાદ વધુ ઘટીને અંતે રૂ. ૨,૯૩૯ના મસમોટા ગાબડાં સાથે રૂ. ૧,૫૭,૭૫૨ની સપાટી પર સ્થિર થયું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૪૨,૯૫૯ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૨,૪૦,૧૬૮ની નીચી સપાટીએ ખૂલ્યા બાદ સત્રને અંતે રૂ. ૩૪૫૯ પ્રતિ કિલોના ઘટાડા સાથે રૂ. ૧,૩૯,૫૦૦ની સપાટીએ સ્થિર થઇ હતી.

બુલિયન બજારના સાધનોએ જણાવ્યું હતું કે, કોમેક્સ ગોલ્ડના ૪,૫૭૫ ડોલરની નીચે આવી જવા સાથે મજબૂત ડોલરે બુલિયન પર દબાણ વધાર્યું હોવાથી વાયદા બજારમાં સોનું નબળું પડીને રૂ. ૧,૩૦૦ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૫૫૫ બોલાયું હતું. રૂપિયાની નબળાઈએ ગોલ્ડ ફ્યુચર્સને થોડો ટેકો આપ્યો હતો, જેનાથી સ્થાનિક ઘટાડા પર મર્યાદા આવી હતી.

## મહાવિતરણના ભાંડુપ સર્કલે ડિફોલ્ટરો સામે મોટા પાયે વસૂલાત ઝુંબેશ શરૂ કરી



મુંબઈઃ મહાવિતરણના ભાંડુપ સર્કલમાં ૨ લાખ ૯૯ હજાર ૧૪૦ લો-વોલ્ટેજ ગ્રાહકોના રૂા. ૧૦૪.૩૪ કરોડના વીજ બિલ બાકી છે. ઘરગથ્થુ, વાણિજ્યિક, ઔદ્યોગિક અને અન્ય શ્રેણીઓમાં બાકી રકમ વસૂલવા માટે ભાંડુપ સર્કલમાં એક ખાસ સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. મહાવિતરણે ચેતવણી આપી છે કે ડિફોલ્ટરો ગ્રાહકોએ તેમના બાકી વીજળી બિલ તાત્કાલિક ચૂકવવા જોઈએ, અન્યથા નિયમો મુજબ વીજ પુરવઠો કાપી નાખવાની કાર્યવાહી કરવામાં આવશે. ભાંડુપ સર્કલમાં, પેન, થાણે અને વાશી એમ ત્રણ સર્કલમાં મોટા પાયે વીજ બિલ બાકી છે. આમાંથી, સૌથી વધુ બાકી રકમ પેન સર્કલમાં છે, જેમાં ૧ લાખ ૧૪ હજાર ૭૯૪ ગ્રાહકોના વીજ બિલ રૂ. ૩૧ કરોડ છે. વાશી સર્કલમાં ૧ લાખ ૧૫ હજાર ૬૨૨ ગ્રાહકો પાસે ૪૭ કરોડ રૂપિયાનું વીજ બિલ બાકી છે, જ્યારે થાણે સર્કલમાં ૬૮ હજાર ૭૨૪ ગ્રાહકો પાસે ૨૭ કરોડ રૂપિયાનું વીજ બિલ બાકી છે. આમાંથી ઘરેલુ ગ્રાહકો પાસે સૌથી વધુ બાકી છે. ભાંડુપ સર્કલમાં લો પ્રેશર ડોમેસ્ટિક કેટેગરીમાં ૨ લાખ ૫૩ હજાર ૨૨૪ ગ્રાહકો પાસે ૫૫.૮૩ કરોડ રૂપિયાનું બીલ બાકી છે. લો પ્રેશર કોમર્શિયલ કેટેગરીમાં ૪૦ હજાર ૩૨૯ ગ્રાહકો પાસે ૩૫.૫૦ કરોડ રૂપિયાનું બાકી છે, જ્યારે લો પ્રેશર ઔદ્યોગિક કેટેગરીમાં ૫ હજાર ૧૨ ગ્રાહકો પાસે ૧૨.૩૬ કરોડ રૂપિયાનું બિલ બાકી છે. ઉપરાંત, અન્ય શ્રેણીઓમાં ૫૭૫ ગ્રાહકો પાસે ૦.૬૪ કરોડ રૂપિયાનું બિલ બાકી છે. ભાંડુપ સર્કલના ચીફ એન્જિનિયર, શ્રી. સંજય પાટીલે જણાવ્યું હતું કે દરેક ગ્રાહકની જવાબદારી છે કે તેઓ સમયસર વપરાયેલ વીજ બિલ ચૂકવે. બાકી બિલ ન ચૂકવનારા ગ્રાહકો સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

## ઇવી માર્કેટ ૨૦૩૦ સુધીમાં વીસ લાખ કરોડ રૂપિયાને આંબી જશે

નવી દિલ્હીઃ ભારતનું ઇલેક્ટ્રિક વાહન બજાર ૨૦૩૦ સુધીમાં વીસ લાખ કરોડ રૂપિયાને આંબી જશે અને તેનાથી લગભગ પાંચ કરોડ નોકરીઓનું સર્જન કરશે, એવી ગણતરી સરકારે વ્યક્ત કરી છે. ભારતનું ઇલેક્ટ્રિક વાહન (ઇવી) બજાર ૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ કરોડ રૂપિયા સુધી વધવાની ધારણા છે, જેમાં પાંચ કરોડ નોકરીઓનું સર્જન થવાની સંભાવના હોવાનું કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ બુધવારે જણાવ્યું હતું.

પશ્ચિમ એશિયામાં સતત ચાલતી અશાંતિ વચ્ચે ડીઝલ અને પેટ્રોલના વધી રહેલા ભાવને કારણે પણ ઇવીનું ચલણ વધતુ જાય છે.

સીઆઇઆઇ અને આઇટીસી સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત સમિટને સંબોધતા ગડકરીએ એવી માહિતી આપી હતી કે, હાલમાં ભારતમાં ૫૭ લાખ ઇલેક્ટ્રિક વાહનો નોંધાયેલા છે, જેમાંથી સાત ટકા બજારમાં પ્રવેશ છે. આ ગણતરી ધ્યાનમાં લેતાં ઉપરોક્ત અંદાજ જાહેર કરવામાં આવ્યો છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

(સર્વે અને કન્સ્ટ્રકશન)

પ્રસ્તાવ માટે વિનંતીઃ વિવિધ કાર્યો માટે પ્રોજેક્ટ જનરલ મેનેજમેન્ટ સર્વિસેસની જોગવાઈ

ઇ-ટેન્ડર નોટીસ નં.: CAO-C-ADI-PGMS-WR-૦૧

ડે.ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રકશન)-III, પશ્ચિમ રેલવે, અમદાવાદ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે મુજબ ઇ-ટેન્ડર નોટીસ ઈશ્યૂ કરાયેલ છેઃ

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ સાથે તેનું સ્થળઃ પ્રસ્તાવ માટે વિનંતી (RPF): ૬૦ મહિનાની મુદત માટે પશ્ચિમ રેલવેના CAO/C/ADI હેઠળ બાંધકામ સંગઠનમાં નવી લાઈન, મલ્ટી ટ્રેકિંગ, ગેજ કન્વર્ઝન, ઈલેક્ટ્રિફિકેશન અને અન્ય મહત્ત્વપૂર્ણ કાર્યો વગેરે માટે પ્રોજેક્ટ જનરલ મેનેજમેન્ટ સર્વિસેસની જોગવાઈ. | |
| ૨ | કામની અંદાજિત કિંમત | ₹ ૪૦૬,૭૩,૨૮,૦૦૦.૦૦ |
| ૩ | ડિપોઝિટ કરવાના બાના રકમ | ₹ ૮,૧૩,૪૬,૬૦૦.૦૦ |
| ૪ | પૂર્ણતાનો સમયગાળો | ૬૦ મહિના |
| ૫ | બીડ પાકતી તારીખ | ૦૭-૧૦-૨૦૨૬ ૧૫:૦૦ ક. |
| ૬ | KIT મુજબ અસલ દસ્તાવેજોની ભૌતિક સુપ્રતિ | ૦૬-૧૦-૨૦૨૬ ૧૮.૦૦ ક. સુધી |
| ૭ | ટેકનીકલ બીડ ખૂલશે | ૦૭-૧૦-૨૦૨૬ ૧૫:૩૦ ક. |
| ૮ | પ્રી-બીડ કોન્ફરન્સ | ૧૧-૦૯-૨૦૨૬ ૧૨.૦૦ ક. |
| ૯ | ટેન્ડરની સિસ્ટમ | પે પેકેટ સિસ્ટમ |
| ૧૦ | વેબસાઈટ વિગતો નોટીસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું | વેબસાઈટઃ www.ireps.gov.in ડે. ચીફ એન્જિનિયરની ઓફિસ (કન્સ્ટ્રકશન), પશ્ચિમ રેલવે, ૨જો માળ, "A" વિંગ,નિર્માણ ભવન, GCS હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ-૩૮૨૩૪૫. |

CPM-062

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly •અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલીક એન્જિનિયર્સ ડિપાર્ટમેન્ટ/ડે. હાઈડ્રોલીક એન્જિનિયર (ભાંડુપ કોમ્પ્લેક્સ)

| ઈ-ટેન્ડર નોટિસ | | |
|---|---|---|
| બીડ આમંત્રણ નં. | | ૨૦૨૬_MCGM_૧૩૩૧૩૦૦_૧ |
| વિષય | | PAC હાઉસ, કેમિકલ સેકશન, ભાંડુપ કોમ્પ્લેક્સ ખાતે સંલગ્ન કામો સાથે PAC સ્ટોરેજ ટેન્કોમાં ફૂડ ગ્રેડ ફાયબર રેનફોર્સ્ડ પોલીમેરનું કોટીંગ કામ હાથ ધરવું |
| બીડનું વેચાણ | | તા. ૨૮.૦૮.૨૦૨૬, ૧૧.૦૦ ક. થી તા. ૧૭.૦૯.૨૦૨૬, ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | | https://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી | | આસિસ્ટન્ટ એન્જિનિયર (કેમિકલ) B.C. |
| A) | નામ/સંપર્ક નં. | શ્રી B. D. રાહતે (૦૨૨-૨૫૬૫૮૫૪૧, ૦૨૨-૨૫૬૫૮૫૧૨) ૯૮૧૯૯૭૭૫૪૨ |
| B) | ઈ-મેલ એડ્રેસ | aechembc.he@mcgm.gov.in eetcwbc.he@mcgm.gov.in |

સહી/-
એક્ઝિક્યુટીવ એન્જિનિયર (T.C.W.)
ભાંડુપ કોમ્પ્લેક્સ

PRO/1244/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## બીપીસીએલનો હાલ ઇ-ટ્વેન્ટીને ઇ-ટેનમાં ફેરવવાનો કોઇ ઇરાદો નથી

નવી દિલ્હીઃ બીપીસીએલએ એવી સ્પષ્ટતા કરી છે કે, તેણે ઇ-૨૦ને ઇ-૧૦થી રિપ્લેસ કરવાનો કોઈ નિર્ણય લીધો નથી. હાલ સરકાર જૂના વાહનો માટે લોઅર-બ્લેન્ડ વિકલ્પ પર વિચારણાં કરી રહી હોવાથી ચાલી રહેલી અટકળોને કારણે આ સવાલ ચર્ચાઇ રહ્યો છે. ભારતની બીજી સૌથી મોટી ઇંધણ રિટેલર ભારત પેટ્રોલિયમ કોર્પ લિમિટેડએ ગુરુવારે જણાવ્યું હતું કે ઇ-૨૦ પેટ્રોલને ઇ-૧૦થી બદલવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી અને સ્પષ્ટતા કરી કે હાલની ચર્ચા જૂના વાહનોમાં લોઅર-ઇથેનોલ મિશ્રણની એક્સેસ હોવી જોઈએ કે નહીં અને ભારતના વિશાળ ઇંધણ-વિતરણ નેટવર્કમાં વધારાના ગ્રેડનું પેટ્રોલ કેવી રીતે પૂરું પાડી શકાય તે અંગે છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

પબ્લિક હેલ્થ વિભાગ

સાવિત્રીબાઈ ફૂલે માતા બાલ MCGM હોસ્પિટલ, મલાડ (પૂ)
રિદ્ધિ ગાર્ડન MCGM મેટરનીટી હોમ, P/E વોર્ડ

જાહેરાત

વિષયઃ સાવિત્રીબાઈ ફૂલે માતા બાલ MCGM હોસ્પિટલ, મલાડ (પૂ) રિદ્ધિ ગાર્ડન MCGM મેટરનીટી હોમ "D" ક્લાસ ખાતે P/નોર્થ વોર્ડમાં કર્મચારીની જગ્યા, જે NGOમાંથી ૦૬ મહિના માટે સંપૂર્ણપણે કોન્ટ્રાક્ટ ધોરણે ભરવાની છે.

પબ્લિક હેલ્થ વિભાગ સાવિત્રીબાઈ ફૂલે માતા બાલ MCGM હોસ્પિટલ, મલાડ (પૂ) હેઠળ P/નોર્થમાં રિદ્ધિ ગાર્ડન MCGM મેટરનીટી હોમ, "D" ક્લાસ ૦૬ કર્મચારીઓ, જે કામગાર સહકારી સંસ્થા, સેવા સહકારી સંસ્થા, બેરોજગાર સેવા સહકારી સંસ્થા, ઔદ્યોગિક સેવા સહકારી સંસ્થા, બિનસરકારી સંસ્થા તરીકે કર્મચારી ભવિષ્ય નિધિ અને કર્મચારી વીમાના રજિસ્ટર હેઠળ NGO (સેવિંગ બચત ગટ સિવાય) પાસેથી ૦૬ મહિના સંપૂર્ણ કોન્ટ્રાક્ટ ધોરણે ભરવાના છે. લોટરી પ્રક્રિયા માટે તૈયાર કરવામાં આવેલી યાદીના સંદર્ભમાં, તમામ જરૂરી દસ્તાવેજો સાથે અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજી ફોર્મ ૦૧.૦૯.૨૦૨૬થી ૧૧.૦૯.૨૦૨૬ સુધી સ. ૧૧.૦૦ ક.થી સાં. ૦૪.૦૦ ક. (સાપ્તાહિક અને જાહેર રજાઓ સિવાય) ઓફિસમાં, સાવિત્રીબાઈ ફૂલે માતા બાલ MCGM હોસ્પિટલ, મલાડ (પૂ) રિદ્ધિ ગાર્ડન MCGM મેટરનીટી હોમ ખાતે ઉપલબ્ધ છે. યોગ્ય સીલ સાથેના તમામ જરૂરી દસ્તાવેજો સાથે અરજી ફોર્મ ૦૧.૦૯.૨૦૨૬થી ૧૧.૦૯.૨૦૨૬ સુધી સાં. ૪.૦૦ ક. સુધી સુપ્રત કરવાનું રહેશે. અરજી સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૧.૦૯.૨૦૨૬ના સાં. ૪.૦૦ ક. સુધી છે. ત્યારબાદ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

સહી/-
મેડિકલ ઓફિસર
સાવિત્રીબાઈ ફૂલે માતા બાલ MCGM હોસ્પિટલ, મલાડ (પૂ)
રિદ્ધિ ગાર્ડન MCGM મેટરનીટી હોમ, P/E વોર્ડ

PRO/1237/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, P/સાઉથ

હિતની અભિવ્યક્તિ (E.O.I.)

૦૫ મહિનાની મુદત માટે તા. ૦૨જી સપ્ટેમ્બર, ૨૦૨૬ થી તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૭ સુધીની મુદત માટે રાસ્તે સ્વચ્છતા યોજનાના કામ માટે આસી. કમિશનર P/સાઉથ વોર્ડ દ્વારા લેકર સીલબંધ હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવાય છે. P/સાઉથ વોર્ડની વહીવટી મર્યાદામાં નોંધાયેલ રસ ધરાવતી NGO સંસ્થા પાસેથી અરજીઓ મંગાવાય છે જે યોગ્ય સંસ્થાની યાદી તૈયાર કરવા માટે છે અને લોટરી સિસ્ટમ દ્વારા પસંદગી કરવા માટે છે.

રસ ધરાવતી NGO સંસ્થાઓ MCGM પોર્ટલ સાઈટ http://portal.mcgm.gov.in પર 'રાસ્તે સ્વચ્છતા યોજના' હિતની અભિવ્યક્તિ (EOI) વિશેની વિગતો મેળવી શકે છે અથવા A.E. (SWM) P/સાઉથ વોર્ડની ઓફિસ ખાતે સંપર્ક કરી શકે છે.

**તા. ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૬થી તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી સાં. ૪.૦૦ ક.** દરમિયાન A.E. (SWM) P/સાઉથની ઓફિસમાં નિયમો અને શરતની વિગતો સાથે હિતની અભિવ્યક્તિ (EOI) નકલ નિઃશુલ્ક ઉપલબ્ધ છે અને EOI અરજી સુપ્રત કરતી વખતે રૂ. ૩૯૯૩/- + ૧૮% GSTની રકમની સ્ક્રુટીની ફી રસીદની નકલ જોડવાની રહેશે. આ કેસમાં આસી. કમિશનર P/સાઉથનો નિર્ણય આખરી રહેશે અને બંધનકર્તા રહેશે.

ટેન્ડરો સુપ્રત કરવાની છેલ્લી તારીખ તા. **૨૯મી ઓગસ્ટ, ૨૦૨૬ બ. ૨.૦૦ ક.** સુધીની છે.

સહી/-
આસી. એન્જિ. (SWM) P/સાઉથ

PRO/1229/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પબ્લિક નોટિસ**

આથી **ખબર** આપવામાં આવે છે કે અમારા અસીલની સૂચનાઓ હેઠળ, અમો અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ મિલકત (''**સદર મિલકત**'') માં અને તે અંગે પ્લોટ નં. ૯૬, સેક્ટર ૩૨, ઈન્સ્ટીટ્યૂશનલ એરિયા, ગુરુગ્રામ-૧૨૨૦૦૧ ખાતે કોર્પોરેટ ઓફિસ તથા ૩જો માળ, સિલેક્ટ સિટિ વોક, A-૩, ડિસ્ટ્રિક્ટ સેન્ટર સાકેત, નવી દિલ્હી-૧૧૦૦૧૭ ખાતે રજીસ્ટર્ડ ઓફિસ તથા CIN: U74900DL2008PLC175032 ધરાવતા (ઈન્ડિયન) કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ એક કંપની, **VE કોમર્શિયલ વેહિકલ્સ લિમિટેડ ("VECV")** ના માલિકી, હક્ક, ટાઈટલ અને હિત તપાસી રહ્યા છીએ.

VECVએ અમારા અસીલને જણાવ્યું છું કે સદર મિલકત સંબંધિત અસલ ટાઈટલ ડીડસ (''સદર અસલ દસ્તાવેજો) કે જે અહીં નીચે લખેલ **દ્વિતિય પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ છે જે ગુમ થયેલ છે / ગેરવલ્લે થયેલ છે અને ખૂબ જ શોધખોળ કરવા છતાં પણ મળી શકતા નથી અને સદર અસલ દસ્તાવેજો સિક્યોરિટી કે અન્ય રીતે કોઈપણ શખ્સ કે સંસ્થા જોડે જમા કરાવેલ નથી.

તમામ શખ્સ (સો) જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં અને/અથવા કોઈપણ માહિતી ધરાવતા હોય અથવા જેઓ સદર અસલ દસ્તાવેજનો કબજો ધરાવતા હોય જે એગ્રીમેન્ટ, વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીઝ, સબ-લીઝ, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, લીઅન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, જાળવણી, બિક્વેસ્ટ, કબજો, ઈઝમેન્ટ, એસાઈમેન્ટ, લાયસન્સ, ડિમાઈઝ, પાર્ટીશન, ચાર્જ, પ્લેઝ, ગેરંટી, કુટુંબ વ્યવસ્થા, વિકાસ હક્કો, સંયુક્ત સાહસ, કોલાબોરેશન, પાવર ઓફ એટર્ની, ભાગીદારી, લોન્સ, એડવાન્સીઝ, લેબર/ કર્મચારીના દાવાઓ એક્વિઝિશન, રિક્વિઝિશન, બોજો, FSI/ TDR કંઝમ્પશન, ઇંજંકશન કે કોઈપણ અન્ય જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રિબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યુટરી ઓથોરિટી કે આર્બિટ્રેશન, પ્રિસ્ક્રિપ્શન અથવા પ્રી-એમ્પશનના હક્ક કે કાયદાના સંચાલન દ્વારા કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, એસ્ટેટ, હિસ્સો કે હિત ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સ કે શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અને / અથવા છોડી દીધેલ તરીકે ગણવામાં આવશે.

ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટઃ
(સદર મિલકતનું વર્ણન)

**સંલગ્ન જમીનના તે તમામ** ટુકડા અને કકડા જે (i) ગટ નં. / હિસ્સા નં. ૩૨/૧/૧ ભરતમાં ૨૦,૮૬૦ ચો.મી., (ii) ગટ નં./હિસ્સા નં. ૩૨/૧/૨ ભરતમાં ૭,૮૮૦ ચો.મી. અને (iii) ગટ નં./હિસ્સા નં. ૩૨/૨/૧ ભરતમાં ૨૧૦ ચો.મી. ધરાવે છે. (તમામ વિશાળ ગટ નં./હિસ્સા નં. ૩૨/૧ અને ૩૨/૨ અને સંબંધિત જૂનો સર્વે નં./હિસ્સા નં. ૨૧ અને ૨૨નો ભાગ હોઈ) કુલ ભરતમાં ૨૮,૯૫૦ ચો.મી. (૭/૧૨ ઉતારા મુજબ) અને VECVના ખરેખર ભૌતિક કબજામાં ૨૪,૮૨૬.૪૫ ચો.મી. ધરાવે છે. (જમીન સર્વેના આધીન) જે રોડ પહોળો કરવા માટે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન ('TMC') દ્વારા ભરતમાં ૪,૧૨૩.૫૫ ચો.મી.ના એરિયા લીધા પછી બાકી રહે છે અને ૧,૩૬૧.૩૫ ચો.મી.ના શીટ રૂફીંગ સાથે સ્ટીલ ફેબ્રિકેશનના શેડ વિસ્તાર અને જે કુલ મળી ભરતમાં ૧૦,૫૩૨.૨૩ ચો.મી. PDI શેડ, વોચમેનની કેબિન, ઓફિસ અને વોશિંગ રેમ્પ હોઈ તેના પર ઊભેલા સ્ટ્રકચર્સ સાથે રોડ પહોળા કરવા અંતર્ગત ગયેલ એવા એરિયાના TDR/FSI બેનીફીટ્સ સાથે છે અને ને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન, તાલુકા અને જિલ્લો થાણે, મહારાષ્ટ્રની હદમાં ગામ ચિતલસર માનપાડા ખાતે આવેલ, પડેલ અને રહે છે અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ

**ઉત્તરે કે તે તરફઃ** સદર ગટ અથવા બ્લોક નં. ૩૨/૧ અને જૂનો સર્વે નં. ૨૧નો બાકીના ભાગ દ્વારા;

**દક્ષિણે કે તે તરફઃ** આંશિક રીતે ગટનો બાકીના ભાગ દ્વારા અથવા બ્લોક નં. ૩૨/૧ ને જૂનો સર્વે નં. ૨૧ અને ગટ અથવા બ્લોક નં. ૩૨/૨ અને જૂનો સર્વે નં. ૨૨ના ભાગ દ્વારા અને આંશિક રીતે ગટ અથવા બ્લોક નં. ૩૨/૨ અને જૂનો સર્વે નં. ૩૨ના બાકીના ભાગ દ્વારા;

**પૂર્વે કે તે તરફઃ** જૂના આગ્રા રોડ દ્વારા જે હવે કોલશેટ રોડ તરીકે ઓળખાય છે;

**પશ્ચિમ કે તે તરફઃ** ઘોડબંદર રોડ દ્વારા.

ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ
(ગુમ થયેલ/ગેરવલ્લે થયેલ અસલ દસ્તાવેજોની વિગતો)

૧) ગામ ચિતલસર માનપાડા, તા. અને જીલ્લા થાણા ખાતે આવેલ ગટ નં. / હિસ્સા નં. ૩૨/૧ (ભાગ) સંબંધિત જુના સર્વે નં. ૨૧ ધરાવતા ભરતમાં ૨૫,૦૦૦ ચો. વાર, ૨૦,૯૦૩ ચો.મી.ની સમકક્ષ કે તે સુમારે જમીનના તે તમામ ટુકડો અને કકડાની બાબતમાં (૧) શ્રીમતિ દ્રૌપદી દેવી તે બ્રીજમોહન લોયલકાના પત્ની અને (૨) શ્રી ગોપાલકૃષ્ણ તે બ્રીજમોહન લોયલકાના પુત્ર (વિક્રેતાઓ) અને ધ ઈગલ વેકયુમ બોટલ મેન્યુફેકચરીંગ કાું. પ્રા. લી. (પ્રથમ કન્ફર્મીંગ પાર્ટી) અને શ્રી એચ. કે. શાહ (બીજી કન્ફર્મીંગ પાર્ટી) અને રેમન એન્ડ ડેમ લી. (ખરીદાર) વચ્ચે કરાયેલ અ.નં. ૧૨૯૭/૬૫ હેઠળ બોમ્બે ખાતે સબ-રજીસ્ટ્રાર ઓફ એસ્યોરન્સીઝની ઓફિસ ખાતે યોગ્યપણે નોંધાયેલ તા. ૧૭/૪/૧૯૬૫ના ડીડ ઓફ કન્વેયન્સ.

૨) ગામ ચિતલસર માનપાડા, તા. અને જીલ્લા થાણા ખાતે આવેલ ગટ નં./હિસ્સા નં. ૩૨/૧ (ભાગ) (જુના સર્વે નં. ૨૧) અને ગટ નં. / હિસ્સા નં. ૩૨/૨ (ભાગ) (જુના સર્વે નં. ૨૨) ધરાવતા ભરતમાં ૧૦,૦૦૦ ચો.વાર, ૮૩૬૧.૩૦ ચો.મી.ની સમકક્ષ કે તે સુમારે જમીનના તે તમામ ટુકડા અને કકડાની બાબતમાં શ્રીમતિ માલતીબેન તે શ્રી એચ. કે. શાહના પત્ની (પ્રથમ વિક્રેતા) અને તેના ભાગીદારો (i) સુરેશ કે. શાહ (ii) શ્રીમતિ માલતી એચ. શાહ અને (iii) કુ. શોભના સી. શાહ દ્વારા મે. શેમકો (દ્વિતીય વિક્રેતા) અને તેના ભાગીદારો (i) ચિમનલાલ કે. શાહ (ii) હર્ષદલાલ કે. શાહ અને (iii) સુરેશ કે. શાહ દ્વારા મે. લખમીચંદ ભગાજી (પ્રથમ કન્ફર્મીંગ પાર્ટી) અને તેના ભાગીદારો (i) ચીમનલાલ કે. શાહ (ii) ચંદુલાલ એમ. શાહ (iii) હર્ષદલાલ કે. શાહ અને (iv) સુરેશ કે. શાહ દ્વારા મે. સી. રેમન & કાું. (દ્વિતીય કન્ફર્મીંગ પાર્ટી) અને રેમન એન્ડ ડેમ લીમીટેડ (ખરીદાર) વચ્ચે કરાયેલ ૪/૧૧/૧૯૭૬ના અ. નં. R/૩૦૫૭/૧૯૬૯ હેઠળ સબ-રજીસ્ટ્રાર ઓફ એસ્યોરન્સીઝની ઓફિસ ખાતે યોગ્યપણે નોંધાયેલ તા. ૭/૪/૧૯૬૯ના ઇન્ડેન્ચર ઓફ સેલ.

**આજ તા. ૨૮મી ઑગસ્ટ, ૨૦૨૬.**

LAW POINT
ADVOCATES & SOLICITORS

શ્રીકાન્ત ખેરકર, પાર્ટનર
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, BKC મેટ્રો સ્ટેશન (A3 Exit) નજીક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઇમેઇલઃ response@lawpointindia.com


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

### સાયન રેલવે સ્ટેશન પર હાઇ વૉલ્ટેજ ડ્રામા

# નોકરી પરથી કાઢી મુકાતાં હતાશ થયેલા ડૉક્ટરનો ઇલેક્ટ્રિસિટી ટાવર પર ચઢી આત્મહત્યાનો પ્રયાસ

## પોલીસ અને અગ્નિશમન દળે સમયસર પહોંચીને તેને બચાવી લીધો

મુંબઈ: મુંબઈના સાયન રેલવે સ્ટેશન પર ગુરુવારે સવારે હાઇ વૉલ્ટેજ ડ્રામા સામે આવ્યો હતો, જેમાં નોકરીમાંથી કાઢી મુકાવાને કારણે હતાશ થયેલા ૨૮ વર્ષના ડૉક્ટરે હાઇ-ટેન્શન ઇલેક્ટ્રિસિટી ટાવર પર ચઢીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસ તેમ જ અગ્નિશમન દળના જવાનોએ ત્યાં સમયસર પહોંચીને ડૉક્ટરને બચાવી લીધો હતો.

ગુરુવારે સવારના ૭.૪૫ વાગ્યાથી ૮.૦૦ વાગ્યા દરમિયાન આ ઘટના બની હતી. ડૉક્ટરને ટાવર પર ચઢતો જોઇને ત્યાં એકઠા થયેલા પ્રવાસીઓમાં ખળભળાટ મચી ગયો હતો.

પ્રાથમિક તપાસ અનુસાર સાતારા જિલ્લાના ફલટણના ડૉક્ટર રાજેન્દ્ર નવુરકરે (૨૮) નિર્ધારિત સમયમર્યાદામાં તેના માલિક સમક્ષ ફરજિયાત મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવામાં નિષ્ફળ જવા બદલ નોકરી પરથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

પોતાની સાથે અન્યાય થયો હોવાનો આક્ષેપ કરીને ડૉક્ટર લગભગ ૧૦૦ ફૂટ ઊંચા ટાવરની ટોચ પર ચડી ગયો હતો અને તેને નોકરી પર ફરી રાખવામાં આવે અને તેને નોકરી પરથી કાઢી મૂકવા માટે જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે, એવી તેણે માગણી કરી હતી.

દરમિયાન ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેની જાણ પોલીસને કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▶▶







## ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકોને મરાઠી શીખવા માટે એક વર્ષનો સમય

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જાહેરાત કરી હતી કે રાજ્ય સરકારે ઓટો-રિક્ષા અને ટેક્સી ચાલકોને સામાન્ય મરાઠી ભાષા શીખવા માટે એક વર્ષનો સમય આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યની અધિકૃત ભાષાનું જરૂરી જ્ઞાન ન હોવા બદલ આ સમયગાળા દરમિયાન વાહનચાલકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, એમ તેમણે જણાવ્યું હતું. શિવસેનાના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકનાં નેતૃત્વ હેઠળના વિભાગ દ્વારા તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને મરાઠી ભાષાની કસોટીમાં નિષ્ફળ ગયેલા વાહનચાલકોને નોટિસ ફટકારવામાં આવી હતી, તેના થોડા દિવસો બાદ આ જાહેરાત કરવામાં આવી છે. ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે હાજી અરફત શેખના નેતૃત્વમાં (જુઓ પાનું ૪) ▶▶




## રાજ્ય સરકાર અને કેન્દ્ર પૂરગ્રસ્ત નેપાળમાં ફસાયેલા મહારાષ્ટ્રના રહેવાસીઓને પાછા લાવવાનો પ્રયાસ કરી રહ્યા છેઃ ફડણવીસ

**રાજ્યના કેટલા લોકો ફસાયા છે તેનો ચોક્કસ આંકડો ન હોવાની કરી કબૂલાત**

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે તેમની સરકાર અચાનક પૂરને કારણે નેપાળમાં ફસાયેલા રાજ્યના લોકો સાથે સંપર્કમાં છે અને તેમને પાછા લાવવા માટે કેન્દ્ર સાથે કામ કરી રહી છે. જોકે, તેમણે કહ્યું કે સરકાર પાસે પડોશી દેશમાં ફસાયેલા રાજ્યના લોકોનો ચોક્કસ આંકડો નથી.

પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે, ''મહારાષ્ટ્રના કેટલાક લોકો અચાનક પૂર પછી નેપાળમાં ફસાયેલા છે. અમારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતાના પ્રધાન ગિરીશ મહાજન તેની તપાસ કરી રહ્યા છે. કેટલાક પ્રવાસીઓ એવા છે જેમણે તિબેટની યાત્રા કરી હતી. અમે તેમનો સંપર્ક સ્થાપિત કરી શકીએ છીએ. મારી કચેરી પણ ફસાયેલા લોકોના સંબંધીઓને મદદ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલય પણ અમારી મદદ કરવા માટે ત્યાં છે.''

અમે લોકો સાથે વાતચીત કરી રહ્યા છીએ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

